GUJARATI

Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

JULY '07

અમદાવાદ અને જેતલપુર મંદિરમાં અધિક માસમાં

સમૂહ મહાપૂજા

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



જેતલપુર મંદિરમાં અધિક માસમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણમહારાજનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી




જેતલપુરમાં કચ્છ રવાપર સત્સંગ સમાજના હરિભક્તો પ.પૂ.મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિ.મ્યુઝિયમ નિર્માણમાં ચેક અર્પણ કરતા..



ભાવનગરપુરા (તા.કલોલ) મંદિરમાં પુન : પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




અધિક માસમાં અલૌકિક સ્વરૂપને અલૌકિક અપર સ્વરૂપો દ્વારા કેશર સ્નાન દર્શન



બામરોલી મંદિરમાં પાટોત્સવ પ્રસંગે કોરજીના દર્શન

ઉંઝામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં કથામૃત પાન કરાવતા પૂ. પી.પી. સ્વામી





संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧ અંક : ૩ જૂલાઈ - ૨૦૦૭

અનુક્રમણિકા

૧.	**અસ્મદીયમ્**	૨
૨.	**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ**	૩
૩.	**શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર**	૪
૪.	**સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના મૂળ જન્મ સ્થળ ભાદરા મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા**	૭
૫.	**વિદ્યાધર ચિત્રકેતુ**	૮
૬.	**ભાગવતનો તત્વ સિદ્ધાંત સમજાવનાર શ્રી નિત્યાનંદ સ્વામી**	૧૦
૭.	**ગુરુ - સદ્‌ગુરુ**	૧૨
૮.	**સત્સંગ સુરભી : "આવું ગલુજીથી બને, બીજાથી ન બને !"**	૧૩
૯.	**સત્સંગ બાલવાટિકા**	૧૪
	(૧) પાકી નિષ્ઠાવાળાનું કામ થાય	
	(૨) કેટલું જીવ્યા તે મહત્વનું નથી	
૧૦.	**ભક્તિસુધા**	૧૬
	(૧) "મામી વાર લગાડે ત્યારે જ લાવજો !"	
	(૨) ઊંઝા ગામમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલાઓ	
	(૩) માનબાઈ	
	(૪) સત્ય ભક્તિ	
	(૫) કેશાબાનો સંશય ટાળ્યો	
૧૧.	**અધિક માસ ઉત્સવ દર્શન**	૧૯
૧૨.	**પ્રશ્નપેટી**	૨૨
૧૩.	**સત્સંગ સમાચાર**	૨૩

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

તંત્રીની કલમે....

વચનામૃતમાં મહારાજે સંગનું મહત્વ ઘણું કહેલું છે. જીવને જેવો સંગ મળે તેવો તે થાય છે. દેશ, કાળ, ક્રિયા, સંગ, શાસ્ત્ર સારા મળે તો જીવમાં મુમુક્ષુતા આવે છે. અને વિપરીત મળે તો વિષય ભોગ અને માયામાં ફસાય છે. "अहं ममत्त्व" અર્થાત મારું અને હું રૂપ જે માયા તેના અજ્ઞાનથી જ વારંવાર જન્મ અને મૃત્યુના ભયાનક કષ્ટ ભણેલો ગણેલો, સત્તાવાળો, જ્ઞાન વૈરાગ્ય વાળા, ભક્તિવાળો, ત્યાગવાળો, યશ કીર્તિ વાળો વિગેરેને હું પણાનું અજ્ઞાન જતું નથી અને મારું, આ મારું ઘર, કુટુંબ, ધન, ગામ, ગરાસ, રાજ્ય, મઠ, મંદિર, સંસ્થા આ બધામાં મારાપણાનું અજ્ઞાન જ જીવને વાસનાનું બંધન ફરીવાર જન્મ મૃત્યુનું કારણ બને છે. આવું અજ્ઞાન ટાળવા માટે જ જીવને સત્સંગની અતિ આવશ્યકતા છે. સત્સશાસ્ત્ર, સત્પુરૂષનો સમાગમ કરીને પરમેશ્વરનું ભજન કરે તો જ આ જીવને પરમેશ્વરની કૃપા દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યારે આત્યંતિક મોક્ષના માર્ગે ચાલી શકે છે. એ સિવાય આ સંસારની આશક્તિ જતી નથી. પરમેશ્વરની કૃપા દૃષ્ટિ વિનાનો ગીતાના વચન પ્રમાણે "अनेक जन्म संसिध्धस्ततो याति परां गतिः ॥" કોણ જાણે કેટલા જન્મ વીતી જાય તેનું કોઈ નિશ્ચિત નહીં. અનેક જન્મ જન્માન્તરો સુધી સિધ્ધિ મેળવવા માટે મથ્યા કરે પણ પરમેશ્વરની કૃપા ન થાય તો મોક્ષના માર્ગે જવાતું નથી. પરમાત્માની કૃપાદૃષ્ટિ મેળવવા માટે તેમણે જ પ્રવર્તાવેલા સિદ્ધાન્ત પ્રમાણે જપ, તપ, ભક્તિ, આરાધના કરે તથા બાંધેલી મર્યાદામાં ચુસ્ત પણે રહે ત્યારે જ પરમાત્માની કૃપા દૃષ્ટિ થાય તે વિના તો બીજું ગમે તેટલું કરેલું હોય તે સર્વ વૃથા થાય છે. માટે સંપ્રદાયની પ્રાચીન પરંપરાથી ચાલી આવતી મર્યાદામાં રહેવું એ જ આત્યંતિક મોક્ષનો માર્ગ છે. અને આ માર્ગે ચાલવું એજ આપણું કર્તવ્ય છે. એમાં જ મનુષ્ય જન્મની સાર્થકતા રહેલી છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન - ૨૦૦૭)

૪. હરિપુરા (ખાસ્કી) (ઈડર દેશ) ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૫. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર સભા પ્રસંગે પધાર્યા.
કર્મ શક્તિ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૭. ઊંઝા ગામે પ.ભ. લક્ષ્મણભાઈ દેવકરણદાસ નુંગરા ને ત્યાં શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે પધરામણી તથા પ.ભ. વસંતભાઈ દેવચંદભાઈ પટેલને ત્યાં પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - નારણપુરામાં આયોજીત રાત્રી પારાયણ પ્રસંગે પધાર્યા.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર અધિક માસમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૯. કલોલ શ્રીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર પ.ભ. ધરમાભાઈ પુરૂષોત્તમદાસ પટેલ તરફથી આયોજીત શ્રી ગણપતીદાદાના યજ્ઞ નિમિત્તે પધરામણી.

૧૦. સિધ્ધપુર શ્રી સ્વામિનારાયણ મંદિર (નૂતન) સંત નિવાસના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૧. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર સર્વોપરિ શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અધિક માસ નિમિત્તે આયોજીત સમૂહ મહાપૂજામાં બિરાજ્યા.
પ.ભ. રમેશભાઈ ગોવિંદભાઈ કાછડીયા સંચાલિત શ્રી ડિવાઈન ઈન્ટરનેશનલ સ્કુલના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી નિકોલ-નરોડા રોડ.
પ.ભ. નરેન્દ્રભાઈ પટેલનાં 'શ્રીહરિ બંગલા'માં પધરામણી, પાલડી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર રાત્રી કથા પ્રસંગે પધરામણી.

૧૩. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર મારૂતિ યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૪-૧૫. અંજાર (કચ્છ) પધરામણી.

૧૬. પ્રાંતિજ શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું) શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૭. કૃષ્ણનગર કટોસણ (જી. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૦ જૂન થી ૧૫ જૂલાઈ કેનેડા અને અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો

અમદાવાદ મંદિર

- ગોરધનભાઇ સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



પ્રસાદીના શ્રી નરનારાયણાદિક દેવો તથા તેનો મહિમા :

ઉત્તરાભિમુખ આવેલા શ્રી નરનારાયણદેવ મંદિરના મધ્ય ગર્ભ ગૃહમાં "શ્રી નરનારાયણદેવ"ની કાળા પથ્થરમાંથી ઘડેલી ગોવિંદ સ્વરૂપની મુખ્ય પુણ્ય પ્રતિમા સ્થાપવામાં આવી છે. બંને મૂર્તિઓ ચતુર્ભુજ છે. તેમના હસ્તમાં આયુધો એક સરખા ક્રમમાં ધારણ કરેલા છે. નીચેના જમણા હસ્તમાં શંખ ધારણ કરેલા છે. સમભંગ સ્થિતિમાં કંડારેલી મૂર્તિઓની સપ્રમાણ દેહયસ્ટિ, પાતળી કટી, વિશાલ સ્કંધ અને ઉરઃપ્રદેશ, દિવ્ય મુખાકૃતિ, મસ્તક પરનું વેષ્ટન વગેરે આકર્ષક છે. વસ્ત્રાલંકારોમાં કાનમાં વલયાકાર કુંડલ, હાથમાં કંકણ અને કેયુર, યજ્ઞોપવિત, ગળામાં ચરણથી નીચે લટકતી કલાત્મક વનમાલા, પાદવલય વગેરે કંડારવામાં આવ્યા છે. દરેક મૂર્તિઓની બન્ને તરફ વામન કદના સનકાદિકોની ચાર મૂર્તિઓ છે.

મધ્ય ગર્ભગૃહની પૂર્વ તરફના ગર્ભગૃહમાં ત્રણ પગથિયા વાળી આરસની ઊંચી વેદિકા પર કલાત્મક સિંહાસન પર શ્રીરાધાકૃષ્ણદેવની પ્રતિમા સ્થાપન કરેલી છે કાળા પથ્થરમાંથી કંડારેલા કૃષ્ણના વામ ભાગે સફેદ આરસમાંથી કંડારેલી રાધિકાજીની મૂર્તિ ગોઠવેલી છે.

મધ્યગર્ભગૃહની પશ્ચિમ તરફના ગર્ભગૃહની ઊંચી વેદિકાવાળા સુવર્ણમંડિત સિંહાસન પર સમભંગ સ્થિતિમાં ઉભેલા ધર્મ-ભક્તિ તથા હરિકૃષ્ણ મહારાજની દ્વિભુજ પ્રતિમાઓ સ્થાપન કરેલી છે. શ્રીહરિ આ મંદિરમાં પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવા સંવત ૧૮૭૮ ના મહા માસમાં વર્ણી, પાર્ષદો, સંતો, હરિભક્તો સાથે જેતલપુર આવ્યા અને ત્યાંથી સર્વ સંઘ સાથે કાંકરિયા સરોવર પર આવી પડાવ નાંખેલો. ત્યાંથી મંદિરના નિરીક્ષણ માટે ભવ્ય સવારી સાથે રાયપુર દરવાજા, માણેકચોક થઈ નવાવાસમાં આવ્યા. નગરજનોએ શ્રીહરિના સ્વાગત માટે મકાનો અને શેરીઓ ભવ્ય રીતે શણગાર્યા અને દર્શનાર્થે રસ્તા પર ઉમટી પડ્યા. શ્રીહરિ મંદિરનું નિરીક્ષણ કરી પ્રભાવિત થયા અને મુખ્ય શિલ્પીઓને પાઘ અને દુપટ્ટા તથા બે સેરની સોનાની કંઠીઓ પહેરાવી સંતો-હરિભક્તોને પણ હાર પહેરાવી આશીર્વાદ આપ્યા.

શ્રીહરિએ આનંદ સ્વામીને પ્રથમથી જ કહી રાખ્યું હતું કે અમદાવાદમાં અમારે શ્રી નરનારાયણદેવ પધરાવવા છે. કારણ કે, શ્રીમદ્ ભાગવત વાયુપુરાણ, મહાભારત, વિષ્ણુપુરાણ, વગેરેમાં શ્રી નરનારાયણદેવને ભરતખંડના રાજા કહ્યા છે, અને તેમાં ભરતખંડ માટે ઉપાસ્ય દેવ તરીકે શ્રી નરનારાયણદેવને જ બતાવ્યા છે. અને નરનારાયણદેવ તપસ્વી છે. માટે અમદાવાદનું મંદિર કળામય અને ભવ્ય હોવા છતાં સાદું હોવું જોઈએ. નરનારાયણદેવ બદરીવનમાં જેમ ખુલ્લી રીતે દર્શન આપે છે. તેમ અમદાવાદમાં પણ દર્શન થાય. એવું મંદિર બનાવજો.

તેવી જ રીતે નરનારાયણદેવની મૂર્તિ લેવા શ્રીહરિએ ચાર સંત તથા હીરાજી નામે સલાટ તથા એક પાર્ષદ કમા ભગત એ સૌને આજ્ઞા કરી. તે સૌને શ્રીહરિએ જમીને પ્રસાદી તથા હાર આપ્યા. તેઓએ ડુંગરપુર જઈને ચાર મૂર્તિ કરાવી. તેમાં બે બબ્બે ગજની અને બે સવા સવા ગજની ઊંચી હતી. ગુલાબ નામે સલાટ પાસે મૂર્તિ બનાવી હતી. ચાર માસ મૂર્તિ કરતાં થયાં. પ્રતિષ્ઠા મહોત્સવમાં મૂર્તિઓ અમદાવાદ મંદિરમાં આવતા વાર થઈ. આનંદાનંદ સ્વામીની મૂંઝવણ વધી તેથી શ્રીહરિની ઈચ્છાથી દેવો દિવ્ય શણગારેલી ત્રણ ઉંટગાડીઓમાં મૂર્તિઓ

લાવી, આનંદાનંદ સ્વામીને સોંપી પછી અદ્રશ્ય થઈ ગયા હતા. સં. ૧૮૭૮ ફાગણ સુદ-૩ રવિવાર તા. ૨૪-૨-૧૮૨૨ એ શ્રી નરનારાયણદેવનો પ્રતિષ્ઠાદિન હતો, એના આગલા દિવસે અમદાવાદમાં લાખોની જનમેદની એકત્ર થઈ ગઈ હતી. પાદશાવાડી તથા સરકારી હકુમત નીચેના બાગો તથા મકાનોમાં તથા કાંકરિયાની પાસે જનમેદનીને ઉતારા અપાયા હતા.

પછી જ્યાં નરનારાયણદેવની મૂર્તિઓ હતી ત્યાં મુક્તમુનિ વગેરે મોટેરા સંતોને સાથે લઈ શ્રીહરિ દર્શન કરવા આવ્યા. મંજન કરીને પૂર્વ મુખે મૂર્તિઓને ઉભી કરેલી હતી. માથે રૂમાલ બાંધેલા હતા. એવી મૂર્તિઓ જોઈ શ્રીહરિ વખાણ કરવા લાગ્યા અને બોલ્યા કે સંત હરિભક્તોના પરમ હિતને માટે નરનારાયણ જે નૈષ્ઠિક વ્રતધારી છે. તે પ્રગટ આવ્યા છે એમ માનજો. સ્વામીના **ગુણ સેવકમાં આવે છે. માટે તેમની સેવાથી પોતાના વ્રતનું પોષણ થશે. તેમની વસ્ત્રાભૂષણ, વાહન, ભવન, ભૂમિ, ભોજન, ફળ, પુષ્પ વગેરેથી એકવાર પણ ભાવથી પૂજા કરશે તેને તેનું અનંત ફળ થશે. તે સમગ્ર પદાર્થના દાતા છે. તેમનું આ પ્રગટરૂપ** છે. પ્રગટરૂપને (મનુષ્યરૂપે વિચરતા શ્રીહરિને) જે ન માનતા હોય તેમને પણ આનાથી પોષણ મળશે.

મંદિરની આગળ સુશોભિત મંડપ તૈયાર કર્યો હતો. મધ્યે વેદિકા હતી. વેદિયા વિપ્ર હરિભાઈ ઉમરેઠના ખેડાવાળ વિપ્ર હરિભક્ત હતા. શ્રીનગર તથા હળવદના એકસોને આઠ વિદ્વાન વિપ્ર વરણીમાં બેસાડ્યા હતા. સમય સમય પર વાંજિત્રો વાગતા. મુહૂર્ત જોઈ વિપ્રોએ વેદમંત્ર બોલી કુંડમાં અગ્નિ પ્રગટાવ્યો. દેવની મૂર્તિઓ મંડપમાં આવીને વિરાજી. વેદી પર વિપ્રોએ તેમને પધરાવ્યા. વર્ણીઓ સેવામાં રહ્યા. પ્રતિષ્ઠા વિધિ કરાવનારા વિપ્રો પ્રતિષ્ઠાના મંત્રો બોલતા હતા. શ્રીહરિ વિપ્રો પાસે આવ્યા. વિપ્રોએ બાજોઠ આપ્યો તે પર બેઠા. મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જ્યારે આવ્યું ત્યારે નરનારાયણદેવને બાથમાં લઈને સિંહાસન પર ઉત્તર મુખે પધરાવ્યા. તે સમયે દર્શનાર્થીઓને જાણે એવું લાગ્યું કે નરનારાયણદેવ શ્રીહરિની સાથે યજ્ઞ મંડપમાંથી સિંહાસન સુધી ચાલીને આવ્યા. પછી સ્વયં શ્રીહરિએ રાધાકૃષ્ણદેવની તથા ધર્મભક્તિ અને પોતાનું સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજની પ્રતિમાઓ પધરાવી. બંધ પડદાએ આ બધી જ પ્રતિમાઓ સ્થિર કરી. બ્રહ્મચારી મહારાજોએ શણગાર કર્યા. વસ્ત્રાભૂષણ ધારણ કરાવ્યા. ન્યાસ આદિક સંર્વવિધિ સ્વામિનારાયણ ભગવાને પોતાના હાથે કર્યો. બહાર લક્ષાવધિ હરિભક્તોના મુખે સ્વામિનારાયણ નામની ધૂન્ય ચાલે છે. એ વખતે આકાશમાં દેવોના વિમાન છવાઈ ગયેલા. દેવોએ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી. ભૂદેવોએ જયજય કાર બોલાવ્યો. પડદા ખૂલ્યા. સ્વામિનારાયણ ભગવાન નરનારાયણદેવના ઉંબરા ઉપર ઉભા રહીને આરતી ઉતારવા લાગ્યા. ઘંટ, ઘડીયાળ, નોબત, શંખ, ચોઘડીયા, ઢોલ, ત્રાંસા વાગવા લાગ્યા. લક્ષાવધિ ભક્તોએ મુખેથી જયઘોષ કર્યો. સર્વોપરિ 'શ્રી નરનારાયણદેવની જય'. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ નરનારાયણદેવની આરતી ઉતારી અને પછી રાધાકૃષ્ણદેવની આરતી ઉતારી પછી શ્રીજી મહારાજે ધર્મભક્તિ અને હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી. ભક્તોએ જય બોલાવી. ત્રણે મંદિરોના દેરામાંથી તેજ..... તેજ..... તેજ..... છૂટ્યું. તમામ પ્રતિમાઓમાંથી તેજના ફુવારા છૂટવા લાગ્યા. દર્શન માટે પડાપડી થવા લાગી. શ્રીજી મહારાજે બધા ભક્તોને કહ્યું કે - હે ભક્તો! ધક્કા મુક્કી ન કરશો. આ દર્શન હવે અખંડ ચાલુ રહેવાના છે. ત્યારથી માંડીને આજ દિન પર્યંત તે મૂર્તિઓમાંથી તેજની ધારાઓ અખંડ વહે છે. અંતરના ભાવથી જે હરિભક્તો દર્શન કરે છે તે આજે પણ તેવો જ આનંદ અનુભવે છે. મૂર્તિઓ પધરાવ્યા પછી તરત જ શ્રીહરિ બોલ્યા કે,

બીજી મૂરતિ ને આજે મૂરતિ રે,
તેમાં ફેર જાણજો છે અતિ રે,
કાં જે આ મૂરતિને સ્પરશ રે,
થયો અમારો માટે સરસ રે.

આખા વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ પ્રથમ મંદિરની પ્રતિષ્ઠા વખતે અંગ્રેજોએ સો તોપો ફોડીને આ પ્રતિષ્ઠા યાગમાં નરનારાયણ દેવ પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કર્યો. કાઠિયાવાડના પીઠવડી ગામના ભગા-મૂળાએ કળશ ચડાવવાના હજાર રૂપિયા આપીને પ્રભુના સ્પર્શથી પાવન બનેલો કળશ મંદિર ઉપર ચડાવ્યો. બોટાદના દાહાખાચરે સાતસો રૂપિયા આપીને મંદિરની ધજાઓ ચડાવી.

કળિયુગના મનુષ્યો આ મૂર્તિની સેવા કરીને પરમ સુખિયા થાય એ માટે આ સર્વ મૂર્તિઓમાં શ્રીહરિએ પોતાનું અલૌકિક તેજ અને પ્રભાવ ધારણ કર્યા. બ્રાહ્મણોને મનવાંચ્છિત દક્ષિણાઓ આપી અને ત્યાર પછી વિશાળ ભક્તજનોના સમુદાયમાં બિરાજી સર્વને કહેવા લાગ્યા. હે ભક્તજનો તમે સાવધાન થઈને અમારું વચન સાંભળો. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે, તે સર્વના કલ્યાણ માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થયેલા છે. ધર્મ અને મૂર્તિએ અત્યંત તપ કર્યું. તેના

તપથી રાજી થઈને ભગવાન નર અને નારાયણ એ બે રૂપે પ્રગટ થયા. અને પછી ભરતખંડના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં અખંડ રહ્યા. અત્યારે પણ એ પ્રભુ ભક્તના સુખ માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. એ બદરિકાશ્રમમાં જવું બહુ કઠણ છે. પરંતુ હે ભક્તો ! આ મંદિરમાં આવી નરનારાયણદેવના દર્શન કરશો તો બદ્રિકાશ્રમની યાત્રાનું ફળ તરત જ મળશે. એ પરમાત્મા બ્રહ્મા, શિવ, ઈન્દ્ર આદિક દેવોએ પ્રાર્થના કરી ત્યારે આ પૃથ્વી ઉપર યદુ અને કુરુના વંશમાં કૃષ્ણ અને અર્જુન રૂપે પ્રગટ થયા હતા. તે શ્રી નરનારાયણદેવને સૌના કલ્યાણ માટે અમે અમદાવાદમાં સ્થાપન કર્યા છે. આ નરનારાયણદેવની પ્રેમથી જે સેવા કરશે. એમનું દર્શન કરશે એના મનની ઈચ્છાઓ પૂરી થશે અને જરૂર મોક્ષને પામશે. **આ નરનારાયણદેવના પૂજનથી પુત્રની ઈચ્છાવાળાને પુત્ર મળશે. ધનની ઈચ્છાવાળાને ધન મળશે, વિદ્યાની ઈચ્છા વાળાને વિદ્યા મળશે. સર્વના શુભ મનોરથો પૂરા થશે અને અનંત ભવસાગર તરીને ભગવાનના ધામને પામશે. જે પંડિતો આ નરનારાયણદેવના મંદિરમાં ભાગવત, ગીતા, વાસુદેવ માહાત્મ્ય કે ગાયત્રી મંત્ર, એના પાઠ, પુરશ્ચરણ કરશે તેને અખૂટ પુણ્ય મળશે, એની કોઈ ઈચ્છા અધુરી નહીં રહે. આ મંદિરમાં જે કોઈ જપ કરશે, તપ કરશે, પાઠ કરશે, પૂજા કરાવશે, પાટોત્સવ કરાવશે એમને અક્ષય ફળની પ્રાપ્તિ થશે. આ મંદિરમાં જે કોઈ દાન, ભેટ, ધર્માદો આપશે એના મનવાંછિત સંકલ્પો અમે પુરા કરીશું.**

શ્રીહરિ કહે છે કે - હે ભક્તો ! તમને અત્યારે નહીં દેખાતું હોય પરંતુ આકાશમાં આવેલા તેત્રીસ કોટી દેવતાઓ ઈન્દ્ર, બ્રહ્મા, શિવ બધા જ દેવો કહે છે હે પ્રભુ ! અમે પણ આ મંદિરમાં દરરોજ દર્શન કરવા આવીશું. પ્રતિષ્ઠા સમયે શ્રીહરિના દર્શન કરવા બ્રહ્માદિ દેવો આવ્યા હતા અને દેવોએ હાથ જોડીને કહ્યું કે હે શ્રીહરિ ! જગતના આધાર ! તમારી સ્થાપેલી મૂર્તિઓના દર્શન કરવા અમે દરરોજ આવીશું. બ્રહ્માદિ દેવોએ શ્રીહરિ અને મૂર્તિઓના મહિમા અદ્રશ્યરૂપે કહ્યો. આ દ્રશ્ય વડોદરાના શામળ ભક્તે સમાધિમાં જોયું હતું. બ્રહ્માદિ દેવોએ શ્રીહરિનો મહિમા ગાયો તે વાત શામળ ભક્તે સભામાં કહી સંભળાવી ! બહાર ગામ રહેતા ભક્તજનો દર પૂર્ણિમાના દિવસે અહીં આવીને દર્શન કરશે તો એને દરરોજ દર્શન કર્યાનું ફળ મળશે. અને બહુ દૂરના રાજ્યમાં રહેતા હોય તેઓ દરપૂનમે ન આવી શકે, તો નરનારાયણદેવના પાટોત્સવના દિવસે દર્શન કરે તો એને આખા વર્ષના દર્શનનું ફળ મળશે. જે જનો આ શ્રી નરનારાયણદેવના પ્રતિદિન નિયમ રાખીને દર્શન કરશે તેઓ આ લોક માં ભોગસુખને પામીને પરલોકમાં પણ નિશ્ચે નિઃશ્રેય સુખને પામશે. દેશાંતરમાં રહેનારા લોકોએ પણ પુષ્પ દોલોત્સવને દિવસે અહીં આવીને નરનારાયણદેવનું દર્શન કરવું અને તેનાથી સર્વ સિધ્ધિને નિશ્ચે પામશે.

શ્રીહરિએ શ્રી નરનારાયણદેવની અને પોતાની એકતા સિધ્ધ કરતા કહ્યું હતું કે, "શ્રી નરનારાયણદેવ અમારું જ સ્વરૂપ છે. તેમના દ્વારા જ પૃથ્વી પર અનંત જીવોના મોક્ષ માટે મનુષ્યરૂપે અમો પ્રગટ થયાં છીએ. આથી અમારામાં અને શ્રી નરનારાયણદેવમાં કોઈ ભેદ સમજવો નહી."

ઉત્તરાભિમુખે સુંદર, દ્રઢ, અચળ અને નીચા પરથારનું તથા અષ્ટ કોણાકાર વિશાળ ઘુંમટ વાળું અને ત્રણ શિખરોવાળું આ મનોહર મંદિર ધર્મ અને સ્થાપત્ય કલાનું સર્વોત્કૃષ્ટ ધામ છે.

(ક્રમશ:)

નયનરમ્ય નરનારાયણદેવ

"નયનરમ્ય નરનારાયણદેવ મંદિર દ્વારે,
પ્રાત:કાળે વ્યાહી રહેલું વ્હાણું છે.
નાદ સુણાયે ઝાલરનો, મંગળા આરતીનું ટાણું છે,
શ્રીહરિ ! હવે આ જીવનનું આખર મારું ગાણું છે.
અત્રે નરનારાયણદેવ એજ સાક્ષાત્ શ્રીહરિ છે !
શ્રીજી કહે છે : 'જેની સમજાણ મોટી તે મોટો છે.'
હે અવતારના અવતારી ! અણ સમજુને સમજણ દો,
છે અણસમજુ અનેક ! તો કોઈ જગતમાં શાણું છે.
શુદ્ધ હૃદયનો દાવો છે, ખૂબ આ મંદિરે લ્હાવો છે,
અમદાવાદમાં એમ અહીં હરિભક્તોનું થાણું છે.
રાંક કદી ના હોય એ, મહારાજનો રાજીપો પામ્યો છે,
'સ્વામિનારાયણ'ના નામ સ્મરણનું, જેની પાસે નાણું છે.
કરુણાનિધાનની થઈ એમ કૃપા, જ્ઞાન 'સમજણ' પામ્યો છું,
રાત ગઈ છે વીતી, ને વ્હાયી રહેલું વાણું છે.
દોડો દોડો ભાઈ-બહેનો ! મંગળા આરતીનું ટાણું છે,
દર્શન મંગળાના નહિ થાય, તો જનમ ફોગટ જશે તે જાણું છું."

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના મૂળ જન્મ સ્થળ ભાદરા મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા

- જગતપ્રકાશદાસજી

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન નંદ સંતોમાં અગ્રગણ્ય સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના પૂર્વાશ્રમના મૂળ જન્મ સ્થળ જામનગર જીલ્લાના મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના ભાદરામાં વરસો પહેલા મંદિરનું નિર્માણ થયેલું.

આપણું આ મંદિર ખૂબજ જીર્ણ થતા આપણા પરમ પૂજ્ય ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પ પ્રેરણા અને આશીર્વાદના બળે કચ્છ બળદિયાના સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન પ.ભ. લક્ષ્મણભાઈ રાઘવાણી પરિવારે ખૂબજ શ્રધ્ધા અને ખંતથી ભાદરામાં ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું પુનઃ નિર્માણ કર્યું. આપણા બન્ને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના સંકલ્પ મુજબનું જ મંદિર આકાર પામ્યું. જેમાં અમદાવાદ, મૂળી અને કચ્છ દેશના હરિભક્તોનો આર્થિક સહયોગ સાંપડ્યો. ખૂબજ ટૂંકા ગાળામાં પ.ભ. કરશનભાઈ રાઘવાણીએ મંદિરનું કામ પુરૂ કર્યું. ત્યારબાદ મૂળી મંદિરના મહંત સ્વામી અને સર્વે સંત મંડળ પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી પાસે મૂર્તિ પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે પધાર્યા. જે મુહૂર્ત નક્કી થયું પણ તે અરસામાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો અમેરિકાનો ધર્મપ્રવાસ હતો. ભાદરાના હરિભક્તોને આ ઉત્સવમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી અને ધર્મવંશી સમસ્ત પરિવાર અહીં ઉપસ્થિત હોય ત્યારે જ ઉત્સવ કરવો. ખરેખર દરેક હરિભક્તોને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો કેટલો મહિમા માહાત્મ્ય છે તે જાણી શકાય છે. આ તો આખા



હાલાર પંથકની શ્રી નરનારાયણદેવ ગાદી માટેની વફાદારી જગ પ્રસિદ્ધ છે. જેથી મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત તા. ૧૨-૫-૨૦૦૭નું નક્કી થતા મૂળી મંદિરના સંત-હરિભક્તો ઉત્સવની તૈયારીમાં લાગી ગયાં.

તા. ૮-૫-૨૦૦૭ થી 'શ્રીમદ્ સત્સંગિભૂષણ' પંચાન્હ પારાયણ શા. ઘનશ્યામપ્રકાશદાસજી અને શાસ્ત્રી રામકૃષ્ણદાસજીના (ધ્રાંગધ્રા) વક્તાપદે શરૂ થઈ. આ પ્રસંગે બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સૌ બહેનોને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપીને સૌને રાજી કર્યા હતા.

તા. ૧૧-૫-૦૭ના રોજ શ્રીહરિના બન્ને અપર સ્વરૂપો પરમ વિશ્વ વંદનીય પ.પૂ. મોટા મહારાજશ્રી અને પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યાત્યારે ભાદરા ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ અને સંતોએ શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોનું ભવ્યાતિ ભવ્ય સ્વાગત સામૈયું કરીને બન્ને સ્વરૂપોને વધાવ્યા હતા.

ત્યારબાદ બન્ને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થઈ. આ અલૌકિક પ્રસંગના દર્શન હજારો ભક્તજનોએ કરીને જીવન ધન્ય બનાવ્યું.

કથા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ વ્યાસ પૂજન કરીને આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરી. ત્યારબાદ યજ્ઞ મંડપમાં પધારીને શ્રીફળ હોમીને યજ્ઞની વિધિવત પૂર્ણાહુતિ કરી હતી.

પ્રાસંગિક સભામાં મંદિર નિર્માણમાં જેમનું મુખ્ય યોગદાન હતું તેવા કચ્છ બળદીયાના પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. લક્ષ્મણભાઈ રાઘવાણી, પ.ભ. પ્રેમજીભાઈ રાઘવાણી, પ.ભ. કરશનભાઈ રાઘવાણી અને અન્ય સેવા કરનાર હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી રૂડા આશીર્વાદ મેળવ્યા. મૂળી, અમદાવાદ અને અનેક ધામોથી પધારેલા વિદ્વાન સંતોએ ભાદરા ગામનો ઈતિહાસ અને સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના પવિત્ર જન્મ સ્થળ ઉપર જ ઘણા વરસો પહેલા મંદિર નિર્માણ થયેલું. જે જીર્ણ થતા આ નૂતન ભવ્ય મંદિર

(અનુ પેઈજ નં. ૯ પર)

વિદ્યાધર ચિત્રકેતુ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

પાર્વતીજી ઘૂંઆપૂંઆ થઈ ગયા. શરીરમાં ક્રોધ વ્યાપી ગયો. આંખો લાલ થઈ ગઈ. વિવેક શક્તિ પણ જાણે ગુમાવી બેઠા હોય તેમ ગુસ્સાથી બોલવા લાગ્યા. અરે મૂઢ ! બકવાસ બંધ કર. તારી જીભ પર સંયમ રાખ. મારા સ્વામી માટે જેમ તેમ બોલવાનું તને ભારે પડશે. બ્રહ્માજી, મહર્ષિ, ભૃગુ દેવર્ષિ નારદ, સનત્કુમાર, કપિલજી, મનુ આ બધા શું અજ્ઞ છે ? ધર્મ તત્વ જાણનારા નથી ? તેઓએ કદી પણ મારા પતિની આવી ટીકા કે નિંદાત્મક ઉચ્ચારણો નથી કર્યા, તો તું તે ક્યો એવો ધર્મધુરંધર છે ? મારા સ્વામી તો દેવોના દેવ છે. મહાદેવ છે. જગતગુરુ છે. બ્રહ્માજી જેવાને પણ ધ્યાન કરવા યોગ્ય છે. સદાશિવ છે. સર્વ પ્રકારે લોકોનું મંગળ કરનારા છે. તેમને માટે આવી અધમ વાણી ઉચ્ચારે છે ? સત્તાના મદથી શાસન કરનાર હે ગર્વિષ્ઠ ! તેં તારા રાજકુળને લાંછન લગાડ્યું છે. તું તારા વિનિપાત તરફ જઈ રહ્યો છે.

મહાદેવી બોલ્યે જતા હતાં. તેમના મનમાં એવું હશે કે ઘૂર્જટિનું ત્રીજું નેત્ર હમણાં ખૂલશે અને આ વિમાન વિહારીને વિમાન સહિત ભસ્મ કરી નાખશે. પણ એવું કાંઈ બન્યું નહિ. અગાધ બુદ્ધિવાળા અદ્વેષ આશુતોષ તો મૌન ધારણ કરી બેસી રહ્યા. ગંભીર મૂર્તિ, પ્રશાંત મહાસાગર જેવા નિર્વિકારી શિવજી કંઈ જ બોલ્યા નહિ. શ્રીજી મહારાજે શિવજીની પ્રશંસા કરતાં કહ્યું છે કે શિવજી ભલે તમોગુણના દેવતા છે છતાં પણ અમે એમનું સન્માન કરીએ. કારણ કે તેઓ ત્યાગી છે. યોગી છે અને ભગવાનના મોટા ભક્ત છે. શિવજી ચૂપ રહ્યા એટલે પાર્વતીનો કોપ ચરમ સીમાએ પહોંચ્યો. હે મતિભ્રષ્ટ ! નિર્લજ્જ ! પાપી ! હવે મારે તને શિક્ષા કરવી પડશે. હું શાપ આપું છું કે તું દુષ્ટ જાતિમાં અસુર થઈ તારા કૃત્યની સજા ભોગવ. ચાલ્યો જા અહીંથી !

ઉમાજીના અંગારા જેવા અપમાનજનક શબ્દો હિમાલય સરખા ચિત્રકેતુ પાસે હિમ થઈને ઠરી ગયા. કોઈ અસર ઉપજાવી શક્યા નહિ. શાંત પ્રકૃતિવાળો તે રાજા જગતપાલક વિષ્ણુ ભગવાનને આપેલા વિમાનમાંથી બહાર નીકળ્યો. સતી પાસે આવીને બોલ્યો. મહાદેવી પાર્વતીને હું ચિત્રકેતુ પ્રણામ કરું છું. હે માતાજી ! તમે ક્રોધી સ્વભાવવાળા છો તે હું જાણું છું. તમે આપેલો શાપ મારે માટે કોઈ ગંભીર આફત નથી. હું ખુશીથી તે સ્વીકારું છું. માનવ જીવનમાં સુખ-દુઃખના આવતા પ્રસંગો વિધિ નિર્મિત છે. ઉર્ધ્વગતિ કે અધોગતિ, સુખ કે દુઃખ, જય કે પરાજય, હર્ષ કે શોક, - આ બધાના પ્રેરક તો એક માત્ર ભગવાન શ્રીહરિ છે. તેમની ઈચ્છા જ સર્વત્ર સાકાર થાય છે. એ શ્રીહરિ તો સમાન દ્રષ્ટિવાળા છે. એમને કોઈ પારકા-પોતાના નથી. તટસ્થ છે. સર્વના હિતેચ્છુ છે. એ શ્રીહરિ મારા રક્ષક છે. તામસી પ્રકૃતિના હે ભવાની ! તમે તો એક નિમિત્ત માત્ર છો. શાપથી છૂટવા માટે મારે તમને કોઈ આજીજી કરવી નથી. તમારો કોઈ અનુગ્રહ જોઈતો નથી. મારા વિનયી શબ્દોથી હું આપની ખુશામત કરી રહ્યો છું એવું રખે માનતા ! મારી વાણીની નમ્રતા સહજ છે. સ્વભાવિક છે. આપને સહેતુક પ્રસન્ન કરવા માટે નથી. મેં જે જોયું અને મને જે યોગ્ય લાગ્યું તે મેં કહ્યું છે. તમે તેને અયોગ્ય માનતા હો તો તે તમારી દ્રષ્ટિ છે. ક્ષમા કરો મહાદેવી !

આ પ્રમાણે કહી ચિત્રકેતુ તરત જ વિમાનમાં બેસી જતો રહ્યો.

ચિત્રકેતુ શુરસેન (મથુરાની આસપાસનો પ્રદેશ) દેશનો અધિપતિ હતો. ચક્રવર્તી રાજા હતો. પ્રજામાં પ્રિય હતો. વિદ્વાનોમાં સન્માનનીય હતો. ગુણવાન હતો. ચારિત્ર્યશીલ હતો. સૌથી વિશેષ તો એ ભગવાનનો ભક્ત હતો. પૃથ્વીમાતા તેના પર સદા પ્રસન્ન રહેતી. રાજાની ઈચ્છા પ્રમાણે ઋતુ અનુસાર અનાજ, ફળ-ફૂલ, રસકસ ભર્યા વિવિધ પાક નિપજાવતી. તેના રાજ્યમાં લોકો સુખી હતી. સંપત્તિવાન હતા. એક કરોડ સ્ત્રીઓનો તે સ્વામી હતો. પરંતુ તેને એક પણ પુત્ર ન હતો. કારણ કે તેની બધી પત્નીઓ વંધ્યા હતી. પુત્ર ન હોવાનું તેને દુઃખ હતું. એકવાર મહાત્મા અંગિરા મુનિ તેના રાજમહેલે આવ્યા. રાજાએ આદરપૂર્વક અતિથિ સત્કાર કર્યો. મુનિની પૂજા કરી. મુનિએ સર્વ કુશળ સમાચાર પૂછ્યા ત્યારે ચિત્રકેતુએ પોતાને પુત્ર ન હોવાનું દુઃખ વ્યક્ત કર્યું. પુત્ર પ્રાપ્તિ માટે આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. અંગિરાએ રાજા પાસે ત્વષ્ટા દેવનું યજન કરાવ્યું, અને યજ્ઞની પ્રસાદી કૃતદ્યુતિ નામની રાજાની સૌથી વરિષ્ઠ રાણીને આપી. પ્રસાદી આપતાં તે મુનિએ એક મર્મ વાક્ય કહ્યું, હે રાજન્ ! આ પ્રસાદથી તને એક પુત્ર પ્રાપ્ત થશે પરંતુ એ પુત્ર તને હર્ષ અને શોક બંને આપશે.

અંગિરા મુનિનાં વચન પ્રમાણે જ થયું. પુત્ર જન્મથી રાજાને હર્ષ થયો. પરંતુ તે ટક્યો નહિ. થોડા જ સમયમાં ઈર્ષ્યાળુ સપત્નીઓએ ઝેર આપી બાળપુત્રને મારી નાખ્યો. ચિત્રકેતુને ઘણો આઘાત થયો. સંસારથી ઉદાસ થઈ ગયો.

રાજકાજમાંથી મન ઉઠી ગયું. જીવનમાંથી રસ જતો રહ્યો. દિવસ અને રાત પુત્ર વિયોગથી વલોવાતો રહ્યો. પરંતુ તે શ્રીહરિનો ભક્ત હતો તેથી પુત્ર મૃત્યુના શોકથી મુક્ત કરવા તેમજ જ્ઞાનોપદેશ કરવા માટે નારદજી તથા અંગિરા મુનિ તત્કાળ ત્યાં આવ્યા. તેમણે સાંત્વના આપી. સંસારની અસારતા જણાવી રાજાના હૃદયમાં જલતા વિરહાગ્નિને ઠારી નાખ્યો. તે પછી ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ કરાવનારી મહાવિદ્યા ભણાવી. પુત્ર વિયોગના દુઃખમાંથી બહાર આવેલા તે રાજાએ સાત દિવસ નિરાહાર રહી અનુષ્ઠાનપૂર્વક આ મહાવિદ્યાનો જાપ કર્યો. જેના ફળસ્વરૂપે તેને સિદ્ધપણું પ્રાપ્ત થયું. તે મહાવિદ્યાધર બન્યો. સંકલ્પ માત્રથી જ તેને અનેક સિધ્ધિઓ મળતી હતી. હવે તેને માટે કોઈ પણ કાર્ય અશક્ય ન હતું. તેની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને વિહાર કરવા માટે એક વિમાન આપ્યું હતું. આવો સમર્થ મહાયોગી ચિત્રકેતુ એકવાર શ્રીહરિના ગુણગાન ગાતો ગાતો કુલાચલ પર્વત વિસ્તારમાં વિમાનમાં બેસી વિહાર કરતો હતો. એ વખતે એણે કોઈ સ્થળે સિધ્ધો, મુનિઓ, ચારણો વગેરેની વિશાળ સભા જોઈ. આ સભાના અધ્યક્ષ સ્થાને દેવાધિદેવ ચંદ્રમૌલિ હતા. તેઓ ધર્મના કોઈ તત્વ ઉપર પ્રવચન કરી રહ્યા હતા. ખોળામાં પોતાની અર્ધાંગનાને બેસાડ્યા હતા. આવું દ્રશ્ય જોઈ કામારિ મહેશ્વરના મહિમા અને સમાર્થ્યથી અનભિજ્ઞ એવા ચિત્રકેતુને મહાદેવજીની હાંસી કરવાનું મન થયું.

ચિત્રકેતુએ કહ્યું, અહો ! વિધિની વક્રતા તો જુઓ ! જે જગતગુરુ છે. જે ધર્મના તત્વજ્ઞ છે, જે તીવ્ર તપસ્વી છે, દેવોમાં પણ પ્રમુખ મહાદેવ છે અને હાલ બ્રહ્મવાદીઓની સભામાં અધ્યક્ષ સ્થાને વિરાજે છે. તથા ધર્મ વિશે જ પ્રવચન કરી રહ્યા છે છતાં શાસ્ત્ર વિહિત મર્યાદાનું અતિક્રમણ કરી પત્નીને ખોળામાં બેસાડી છે ! સામાન્ય મનુષ્ય પણ જાહેરમાં આવું આચરણ નથી કરતો. સાચું જ કહ્યું છે કે-

अवशेन्द्रिय चित्तानां
हस्तिस्नानमिव क्रियाः ।
दुर्भगा भरण प्रायो ज्ञानं भारः
क्रियां विना ॥

જિતેન્દ્રિય ન હોય અને મન ઉપર કાબુ ન હોય તેવા લોકોએ કરેલ ક્રિયાઓ હાથીના સ્નાન જેવી છે. હાથી સ્નાન કરી જળમાંથી બહાર નીકળે અને પછી પોતાના શરીર ઉપર ધૂળ ઉડાડે છે. કદરૂપી સ્ત્રીએ પહેરેલા ઘરેણા શરીર પર માત્ર ભારરૂપ જ છે તેમ આચરણમાં નહિ મૂકેલું જ્ઞાન પણ તેવું જ છે.

ચિત્રકેતુના ગયા પછી મૌન ધારણ કરી બેઠેલા સદાશિવ સળવળ્યા. તેમને લાગ્યું કે હવે પાર્વતીનો પારો નીચે ઉતારવો પડશે. શિવજીએ કહ્યું, હે સુંદર કોમલાંગી ! દરિયાવ દિલના ચિત્રકેતુંનું નીડરપણું તમે જોઈ લીધુને ? ચિત્રકેતુ ભગવાન શ્રીહરિના મોટા ભક્ત છે. હંમેશા નારાયણ પરાયણ રહેનારા છે. વાસુદેવમાં જ મનની વૃત્તિ રાખનારા સદા નિર્ભય હોય છે. તેઓ કોઈથી ડરતા નથી. ચિત્રકેતુ મહાપ્રભુના પ્રિય ભક્ત છે. સમાન દ્રષ્ટિ વાળા છે. અને શાંત છે. વળી હું પણ શ્રીહરિનો પ્રિયભક્ત છું. તેથી જ મને તેના ઉપર જરા સરખો પણ ક્રોધ થયો નથી. સમદ્રષ્ટિવાળા ભગવાનના મહાન ભક્તો માટે કોઈ આશ્ચર્ય પામવું નહિ. ચિત્રકેતુ તમને સામો શાપ આપવા માટે સમર્થ હતો છતાં તેણે તેમ ન કરી પોતાની મહાનતા બતાવી છે.

શંકરની વાત સાંભળી પાર્વતી ટાઢાબોળ થઈ ગયા.

શાપને ગ્રહણ કરી ચિત્રકેતુ દાનવકુળમાં ત્વષ્ટાથી દક્ષિણાગ્નિમાં નવો જન્મ પામ્યા. વૃત્રાસુર એનું નામ. અસુર જાતિમાં જન્મેલ હોવા છતાં તેણે મેળવેલું શાસ્ત્રજ્ઞાન તે ભૂલ્યા ન હતા. તેની સદ્‌બુદ્ધિ ભગવાનથી વિમુખ થઈ ન હતી. ભાગવતકાર શ્રીવ્યાસમુનિ લખે છે કે જે માણસ પ્રાતઃકાળે ઉઠી શ્રધ્ધાથી શ્રીહરિનું સ્મરણ કરી વિદ્યાધર ચિત્રકેતુના આ ઈતિહાસનો પાઠ કરે છે તે પરમ ગતિ પામે છે.

(અનુ પેઈજ નં. ૭ નુ)


સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી

નિર્માણ થતા અને તેમાંય શ્રીહરિના ફક્કા અને ૭માં વંશજના વરદ્‌ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થતા આ પવિત્ર જન્મ સ્થળ, આ મંદિર અને આ દિવ્ય ભૂમિ ખરેખર અલૌકિક હતી. પણ હવે તે વિશેષ રૂપે તીર્થરૂપ બની છે. આપણા શ્રી નરનારાયણદેવ ગાદીના મૂળી, ભુજ અને અમદાવાદ તાબામાં આવેલા શ્રીહરિ સમકાલીન આપણા નંદ સંતોના જન્મ સ્થળોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શિખરબધ્ધ અને હરિ મંદિરોનું ભવ્ય નિર્માણ થયું છે. આમ આવા દરેક અલૌકિક પવિત્ર સ્થળોએ મંદિરોનું નિર્માણનું ભવ્ય અભિયાન ચાલી રહ્યું છે. આમ વિદ્વાન સંતોએ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના માહાત્મ્ય સાથે આપણા નંદ સંતોની ગૌરવ ગાથા ગાઈ હતી.

છેલ્લે સૌ આતુરતાથી જેમની પ્રતિક્ષા કરી રહ્યા હતા તેવા શ્રીહરિના સાક્ષાત્‌ અપર સ્વરૂપ આપણા બન્ને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ સંત-હરિભક્તોને સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના મૂળ જન્મ સ્થળ ઉપર મંદિરનું પુનઃ નિર્માણ થતા દરેક આપણા હરિભક્તોએ આવા અલૌકિક તીર્થ સ્થળના દર્શન કરવા આવવું અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના આ મંદિરમાં સેવા કરનાર દરેક ભક્તોનું રૂડું અને મંગળ થાય તેવા રૂડા આશીર્વાદ આપીને ભાદરા અને હાલાર દેશના હરિભક્તો પર ખૂબજ રાજી અને પ્રસન્ન થયા હતા.

ભાગવતનો તત્વ સિદ્ધાંત સમજાવનાર શ્રી નિત્યાનંદ સ્વામી

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)



શ્રી વિષ્ણુ શર્મા નામે યજુર્વેદીય બ્રાહ્મણ ઉત્તર ભારતના લખનૌના દતીયા ગામે રહેતા હતા. તેઓ જેવા વિદ્વાન હતા તેવા જ ધનવાન પણ હતા. તેમને બે પુત્રો હતા. એકનું નામ ગોવિંદ તથા બીજાનું નામ દીનમણિ. આ દીનમણિશર્મા બાલ્યાવસ્થાથી ભણવામાં ખૂબજ તેજસ્વી હોવાથી તેમની ઉચ્ચ અભ્યાસની હોંશ નિહાળી તેમના પિતાએ કાશી મોકલ્યા. ત્યાં સારો એવો શાસ્ત્ર અભ્યાસ કર્યો. તેમને શાસ્ત્રો વાંચ્યા બાદ એવો તાત્વિક વિચાર આવ્યો કે ધર્માદિ ચાર સાધને યુક્ત એવા સંતના સંગથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે અને મુક્તિ મળે છે. માટે મારે એવા સંતની શોધમાં, ભગવાનની શોધમાં જ લાગી જવું. પ્રથમ બદ્રીનારાયણ ત્યાંથી જગન્નાથપુરી, રામેશ્વર આદિ મોટા તીર્થોમાં ફર્યા. અનેક સંતો, મહાત્માઓ, મહંતો સાથે સત્સંગ કર્યો પરંતુ ક્યાંય મન ઠર્યું નહિ. તેથી દ્વારકાની યાત્રા માટે પ્રયાણ કર્યું.

આ પ્રયાણ દરમ્યાન વિસનગર શહેરમાં શ્રી સહજાનંદ સ્વામીના અને તેમના સંતોનો મહિમા, તેમના પ્રતાપની વાતો કોઈક ટોળાંમાંથી સાંભળી. પૂછતાં કોઈએ કહ્યું કે સહજાનંદ સ્વામી તો હાલે ફણેણી છે. દ્વારકાને બદલે ફણેણી પહોંચ્યા. ત્યાં શતાનંદજીએ જણાવ્યું કે મહારાજ હાલે સિધ્ધપુર પધાર્યા છે. ત્યાંથી ઉંઝા પધારશે. અમો પણ ત્યાં જઈશું માટે અહિં અમારી સાથે રહો. આપણે સાથે ચાલીશું. સ્વામી શતાનંદજીના મુખેથી મહારાજના સર્વોપરિપણાની વાતો સાંભળી તેમના હૃદયમાં આનંદની અવધિ ન રહી. ઉંઝાને રસ્તે ચાલતાં હૃદય ખૂબ પ્રફુલ્લિત બનતું ગયું. ઉંઝા ગામના તળાવની ઉત્તરાદિ પાળે શ્રીહરિ સભા ભરીને બિરાજમાન હતા.

શ્રીહરિના દર્શન કરતાની સાથે જ દેહની સ્મૃતિ વિસરી ગયા. તેઓએ દંડવત પ્રણામ કર્યા પછી શ્રીહરિએ તેમને બાથ ભરી સતકાર્યા. તેઓ શ્રીહરિની આજ્ઞાથી થોડો સમય સાથે રહ્યા. દીનમણિ શર્માની વિનંતીથી શ્રીહરિએ તેમને સંત દીક્ષા આપી. નિત્યાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું.

શ્રીજી મહારાજે તેમને નાંદોલના શ્રીપુરૂષોત્તમ ભટ્ટ કે જેઓ વિદ્વાન શાસ્ત્રકાર હતા તેમની પાસે ન્યાય, સાંખ્ય, વેદાંત આદિમાં પારંગત થવા મોકલ્યા. પરંતુ સ્વામીને અભ્યાસ કરાવનાર ભટ્ટજીને નિત્યાનંદ સ્વામીની બુદ્ધિ પ્રતિભા, તેજસ્વીતા સ્પર્શી ગઈ. તેમને થયું કે આમની પાસેથી મને શાસ્ત્રો સમજવા પડે તેમ છે. આ માનવીય બુદ્ધિધારી લાગતા નથી.

આખરે થોડા અભ્યાસ કાળ બાદ લોયા ગામમાં નિત્યાનંદ સ્વામી શ્રીજી મહારાજને મળ્યા. તેઓએ કેટલો અભ્યાસ કરી આવ્યા તે પ્રેમથી પૂછ્યું. જે કંઈ અભ્યાસ કર્યો તે બધું કહી બતાવ્યું. ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યુ કે ભાગવતનો તત્વ સિદ્ધાંત શું સમજ્યા છો ? સ્વામીએ તરત જ પ્રત્યુતર વાળ્યો કે મહારાજ, આપશ્રીની દયાથી હું તો આ રીતે સમજ્યો છું કે - "માણસ ગમે તેટલો મહાન હોય, મુક્ત હોય, યોગી હોવા છતાં માયા તેને અવશ્ય બંધન રૂપ બને છે. એક માત્ર પરમાત્મા જ નિર્વિકલ્પ નિરાકારી રહી શકે છે. અને એ પરબ્રહ્મ પરમાત્માની આજ્ઞા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ યુક્ત વર્તે તો મનુષ્યને માયા બંધનરૂપ થતી નથી. અને પ્રગટ ભગવાનની ધર્મે સહિત ભક્તિ એ જ આત્યંતિક કલ્યાણનું, એજ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. પ્રત્યુત્તરથી શ્રીહરિ ખૂબજ રાજી થયા. તેઓ શ્રીહરિની સાથે રહી અનેક ગ્રંથો રચતા રહ્યા હતા. તેમણે અનેક સંસ્કૃત ગ્રંથો રચ્યા. આ ઉપરાંત શ્રીહરિ દિગ્વિજય ગ્રંથ રચ્યો.

એકવાર મુક્તાનંદસ્વામી સાથે શ્રીહરિએ તેમને અમદાવાદ મોકલ્યા. દરિયાખાન ઘુમ્મટમાં સંતોને ભણાવવાના, ભિક્ષા માગવા જવાનું તે ભિક્ષા પાણીમાં બોળી ગોળાવાળીને માત્ર

એક ગોળો જમતા. તેમનો દેહ શ્રીહરિની કૃપા દ્રષ્ટિથી રૂષ્ટપુષ્ટ જણાતો. ચાર પાંચ માસ બાદ શ્રીજી મહારાજે તેમને ગઢડા બોલાવ્યા. લક્ષ્મીબાગમાં રહીને સાધુઓને ભણાવવાની આજ્ઞા કરી. ભગવદાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, સિધ્ધાનંદ સ્વામી આદિ સંતોએ તેમની પાસે અભ્યાસ કર્યો. શ્રીહરિની આજ્ઞાથી એક વખત શાસ્ત્રાર્થે તેઓ વડોદરામાં ગાયકવાડ સરકારની વિદ્વાનોની સભામાં ગયેલા અને શાસ્ત્રાર્થમાં તેઓશ્રી વિજયી બનેલા.

શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા બાદ અમદાવાદમાં વૈષ્ણવાચાર્યોની આગેવાની હેઠળ અન્ય સંપ્રદાયો વાળા સ્વામિનારાયણ સંપ્રદાયને કુંઠિત કરવા એકત્ર થયા. ચારેબાજુએથી તેમણે વિદ્વાનોને શાસ્ત્રો વેદો પર શાસ્ત્રાર્થ કરી સ્વામિનારાયણ સંપ્રદાયને હીન દર્શાવવા એકત્રિત કર્યા. વડોદરામાંથી સયાજીરાવ ગાયકવાડના વિદ્વાનો પણ શાસ્ત્રાર્થ માટે અમદાવાદ જવા સયાજીરાવની આજ્ઞા લેવા આવ્યા ત્યારે તેઓએ વિદ્વાનોને સ્પષ્ટ સંભળાવ્યું કે, "તમો ભલે જાઓ પણ તમારી વિદ્વતાને બગાડવા જઈ રહ્યા છો આટલું સમજજો." તે સમયે નિત્યાનંદ સ્વામી પણ વડોદરા હતા. તેઓ પણ શાસ્ત્રાર્થ માટે અમદાવાદ જઈ રહ્યા હતા. એટલે સયાજીરાવે વર્ણવ્યું કે, "આ નિત્યાનંદ પણ ત્યાં જવાના છે. તેઓ તમે તો શું પણ વિશ્વના વિદ્વાનોથી પણ જીતાય તેમ નથી. તમે જો હારીને આવશો તો વર્ષાસનો બંધ થઈ જશે."

ભગવદાનંદ સ્વામી આદિ સંતો સાથે નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિનું ધ્યાન ધરી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. એક ગાડીમાં સ્વામી બેઠેલા. બે ગાડાંમાં પુસ્તકો ભરાવ્યા. ચાલીસ સંતો આગળ પગપાળા ચાલતા હતા. અમદાવાદ પધાર્યા ત્યારે તેઓ સાક્ષાત્ વ્યાસજીની જેમ શોભી રહ્યા હતા. તે સમયે આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજીએ સામૈયું મોકલ્યું. વાજતે ગાજતે સ્વામીજીને શહેરમાં લાવ્યા. ગોંસાઈજીની હવેલી પાસેથી આ સામૈયું પસાર થયું ત્યારે બારીમાંથી ગોંસાઈજીએ નિત્યાનંદ સ્વામીને જોતાં જ તેમને પરસેવો વળી ગયો. અમદાવાદમાં સ્વામિનારાયણ મંદિરના ચોકમાં વિદ્વાનોની વિશાળ સભા ભરાઈ, કિન્તુ કોઈએ બોલવાની હિંમત ન કરી. તેમણે ગોખી રાખેલા પ્રશ્નો ભૂલાઈ ગયા. છેવટે નિત્યાનંદ સ્વામી સભા મધ્યે બોલ્યા કે, "સ્વામિનારાયણ સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ જગતનિયંતા સર્વેશ્વર છે. અને એમણે સ્થાપેલો આ સંપ્રદાય સર્વ શાસ્ત્ર અને વેદ પ્રમાણ છે. એ સાબિત કરી બતાવવા જ અમે અહીં આવ્યા છીએ. તો હે વિદ્વાનો, જેને જેને શંકા હોય તે પૂછો. કોઈએ પ્રશ્નો પૂછ્યા નહિ. સ્વામીએ ફરી પ્રશ્ન પૂછવાનું કહેતા થોડા વિદ્વાનોએ પ્રશ્નો પૂછ્યા - પૂછનારા પાસે જ શાસ્ત્રાર્થ દ્વારા નિત્યાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનું અવતારીપણું તથા સર્વાવતારીપણું સાબિત કરાવ્યું.

આપણા આગામી ઉત્સવો ધામધુમથી ઉજવાશે

ગુરુપૂર્ણિમા

અષાઢ સુદ-૧૫ તા. ૩૦-૭-૨૦૦૭ ને સોમવાર ના સવારે ૮-૦૦ કલાકે અમદાવાદ, કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં આપણા સૌના ધર્મગુરુ **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન** વેદ પરંપરાગત થશે. સૌ સંત-હરિભક્તોને ગુરુ પૂજનમાં લાભ લેવા ભાવભીનું નિમંત્રણ છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૦ મો પ્રાકટ્યોત્સવ

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે **શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી પ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૦મો પ્રાકટ્યોત્સવ અષાટ વદ-૧૦ તા. ૮-૮-૨૦૦૭ને બુધવારના શુભ દિને** સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની શુભ નિશ્રામાં અને દેશો દેશના સંતો મહંતો અને શ્રીહરિના વ્હાલા આશ્રિતોની ઉપસ્થિતિમાં ધામધુમથી સંપન્ન થશે.


ભવ્ય હિંડોળા મહોત્સવ

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ભવ્ય હિંડોળા મહોત્સવ **અષાટ વદ-૨ તા. ૩૧-૭-૨૦૦૭ થી શ્રાવણ વદ-૨ તા. ૩૦-૮-૨૦૦૭** પર્યન્ત ધામધુમથી ઉજવાશે. વિવિધ પ્રકારે શણગારેલા હિંડોળામાં ઝૂલતા ભગવાનના દર્શનનો સૌ ભક્તજનોએ અચૂક લાભ લેવો.

- મહંત સ્વામી

ગુરુ - સદ્‌ગુરુ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)



અત્રે 'ગુરુ' શબ્દનો અર્થ 'આચાર્ય' એવો અર્થ અભિપ્રેત છે. આપણી પરમ પવિત્ર સંસ્કૃતિમાં ગુરુપૂજનની એટલે કે આચાર્યો પાસનાની એક અત્યંત મધુર પરંપરા છે. **આ સંપ્રદાયમાં ધર્મવંશીની પરંપરા અને પ્રણાલિકા અનુસાર આચાર્યશ્રીનું પૂજન, એમના જ્ઞાનનું પૂજન, આદર્શોનું પૂજન, બ્રહ્મજ્ઞાનનું પૂજન, સત્યનું પૂજન, એમના અનુભવોનું પૂજન, વિચારોનું પૂજન તથા એમના દેહમાં વિદેહી આત્મા છે. પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે એમનું પૂજન છે.**

ત્રિવેણી સંગમ જો કોઈ હોય તો તે શ્રી નરનારાયણ દેવ, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અને હરિભક્તોનો સંગમ છે. જ્યાં દેવ હોય ત્યાં આચાર્ય અને ભક્ત હોવાના જ ! અને જ્યાં આચાર્ય હોય ત્યાં દેવ અને ભક્ત હોવાના જ !!

ગુરુભક્તિ એટલે ધ્યેય ભક્તિ. ગુરુ (આચાર્ય) આપણને જ્ઞાનના સિંહાસન પર લઈ જાય છે, અને આપણને એ ધ્યેયની સાથે એકરૂપ કરી એકાકાર અસ્તિત્વનો આસ્વાદ કરાવે છે. આચાર્યનો મહિમા અને મહત્ત્વ આંકવું ખૂબજ દુષ્કર છે. એમની ઉપાસના (ઉપ = પાસે અને આસન = બેસવું) માં તો બોલ્યા વિના જ શંકાઓનું સમાધાન થઈ જાય છે ! બોલ્યા વિના જ ગુરુ શીખવી દે છે અને પૂછ્યા વિના જ શિષ્ય (ભક્ત) શીખી જાય છે.

'ગુરુ' શબ્દમાં આવેલા 'ગુ' નો અર્થ છે અંધકાર, અજ્ઞાન અને 'રુ' નો અર્થ છે દૂર કરવું, નાશ કરવો. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાનું કારણ એ જ ગુરુ. આચાર્યશ્રીનાં દર્શન, સ્પર્શ અને ઉપદેશથી ભક્તોનું આત્યંતિક કલ્યાણ થઈ જાય છે ! એમની પાસે તો પ્રણામ અને સેવા જ જ્ઞાનના બે માર્ગ હોય છે. વિનમ્રતા જ્ઞાનનો સાચો પ્રારંભ છે. શિષ્ય ગુરુની પાસે ખાલી મન લઈને જાય છે. જેમ કૂવામાંથી પાણી લેવું હોય તો વાસણને નમાવવું જ પડે છે. ગુરુ એટલે ઉછાળા મારતો જ્ઞાનસાગર. આ જ્ઞાનના સાગરની સામે જ્યાં સુધી આપણે નમીએ નહિ ત્યાં સુધી આપણને જ્ઞાન પ્રાપ્તિ નહિ થઈ શકે. 'નારાયણ' નામનું નાણું જેની પાસે હોય છે તેનો ખજાનો ખૂટતો નથી. એ જ રીતે જેની પાસે ગુરુકૃપારૂપી ધન છે એ તો સમ્રાટોનો સમ્રાટ છે !

વિનયના આસન વિના જ્ઞાનનાં બેસણાં ન હોય, આધ્યાત્મિક ગુરુના પ્રદાનથી આત્માને જ્ઞાન પ્રાપ્ત થાય છે, એનાથી ઉચ્ચ અને પવિત્ર વસ્તુ બીજી કોઈ નથી. એ જ્ઞાન પુસ્તકો દ્વારા પ્રાપ્ત થઈ શકતું નથી. વાણી, વિચાર, વર્તન અને વલણ - આ ચાર વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસાં છે. એ સતત પરિવર્તનશીલ હોય છે, પણ જે એ ચારેયની એકતા સાધે તે પ્રખર જ્ઞાની બને છે. વંદન ભગવાનને પણ ભક્તના બંધનમાં રાખે છે.

"गुरुत्वं सह गति मतिश्चलै ।
पूर्णत्व सिद्धि एव सहश्रियम् ॥"

ગુરુદેવ મારી બુદ્ધિ, શ્રદ્ધા, ચાતુર્ય, સ્નેહ અને પોતાને સંપૂર્ણતા તરફ આગળ લાવનાર જ્યોતિપુંજ છે..... હું તેમના શરણે છું. અને તેમની સાથે ગતિશીલ છું.... આ જ મારું સૌભાગ્ય છે. આ પ્રકારની **'પ્રાર્થના'** ભક્ત માટે પ્રેરણાદાયી છે.

'આચાર્ય' (ગુરુ)ની પરિભાષા શું ?

"જીવોને સંસાર સાગરમાંથી પાર ઉતારવાના પુરુષાર્થમાં જ જે અવિરત છે એ આચાર્ય."

એમની પાસે મોટી વાત તમારા જીવનમાં વરસો ઉમેરવાની નહિ, પણ તમારા વરસોમાં જીવન ઉમેરવાની છે.

આચાર્ય કોને કહે છે ?

"आचिनोति च शास्त्रार्थं आचारे स्थापयत्यति ।
स्वयं आचरते अस्तु स आचार्य ईति स्मृतः ॥"

ગુરુનો મહિમા અપરંપાર છે. ગુરુનો દ્રોહ કદી ન કરવો. જેણે આપણને પ્રેમ આપ્યો છે, ચૈતન્ય આપ્યું છે, જ્ઞાન આપ્યું છે, જીવનની દૃષ્ટિ આપી છે, તેનો દ્રોહ કરવા જેટલું મહાન પાતક જગતમાં બીજું છે જ નહિ.

"प्रीति बहुत संसार में;
नाना विधिकी सोय;
उत्तम प्रीति जानीए;
जो सद्‌गुरु से होय."

ટૂંકમાં, જીવનમાં જો શાશ્વત આનંદ અને શાશ્વત સત્યનું જ્ઞાન મેળવવું હોય તો ગુરુ, સદ્‌ગુરુ કે આચાર્યના શરણે જવું જ પડશે. તેમનો ઉપદેશ સાંભળ્યો ત્યારે જ કહેવાય છે કે જ્યારે તેનો બોધ જીવનમાં ઉતારવામાં આવે.

આગામી ગુરુપૂર્ણિમાના પરમ પવિત્ર દિને અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા શ્રીહરિના અપર સ્વરૂપ એવા આચાર્ય મહારાજશ્રીનું ગુરુપૂજન કરીને જીવનને સાર્થક-મોક્ષભાગી બનાવીએ.

સત્સંગ સૂરભિ :

"આવું ગલુજીથી બને, બીજાથી ન બને !"

– અતુલ પોથીવાલા (અમદાવાદ)

મહેમદાવાદ પાસેના એક નાના ગામમાં ગલુજી કરીને એક રાજપૂત ગરાસિયા રહે. મહારાજ સૌ પ્રથમ વાર જ્યારે અમદાવાદ (શ્રીપુર) પધાર્યા ત્યારે આ ગલુજી મહારાજના દર્શને ગયેલા. શોભાયાત્રાની મધ્યમાં હાથી ઉપર મહારાજ વિરાજેલા. અમીમય દ્રષ્ટિથી સૌને નિહાળી રહેલા સહજાનંદ સ્વામીને જોઈ ગલુજી મહારાજના પ્રેમમાં પડી ગયા ! અને એ દિવસથી મહારાજ પાસેથી કંઠી પહેરી, વર્તમાન ધાર્યા અને પાકા સત્સંગી બની ગયા.

એકવાર મહારાજ ગલુજીના ગામમાં પધારવાના હતા. ગામને પાદર ધામધૂમથી મહારાજનું સામૈયું કરવાનું હતું. ગલુજીએ સામૈયામાં ઢોલ ત્રાંસાં વગાડવાની સેવા લીધેલી, એટલે જેવા મહારાજ ગામને પાદર પધાર્યા કે ગલુજીને સૌથી પહેલાં સામૈયામાં જવાનું હતું.

ત્યાં એજ સમયે ગલુજીની માએ દેહ મૂક્યો. હવે શું કરવું ?

મહારાજ ગામમાં બહુ રોકાવાના નહોતા. માના અગ્નિસંસ્કારમાં જઈએ તો મહારાજના સમૈયાનો લહાવો તો ન જ મળે પણ કદાચ મહારાજનાં દર્શનનો યે લહાવો જતો કરવો પડે !

ગલુજીએ અને એના ભાઈઓએ તરત જ નક્કી કરી લીધું કે સામૈયું પહેલું, માના અગ્નિસંસ્કાર પછી !

ગલુજી કે એમના ભાઈઓ ક્યાંય ભણવા ગયા નહોતા. પણ સત્સંગના પ્રતાપે એમનામાં વિવેક બુદ્ધિ ખીલી હતી. ક્ષણભંગુર શું છે અને કાયમી શું છે તેનો ભેદ તે કરી જાણતા હતા એટલે નિર્ણય કરવામાં વાર પણ ન લગાડી. તેમણે નક્કી કરી નાંખ્યું કે માના દેહને ઢાંકી માળિયે મૂકી દેવો, ને ઢોલ ત્રાંસાં લઈ મહારાજનું સામૈયું કરવા નીકળી પડવું ! કોઈનેય કશી ખબર પડે નહીં તે રીતે !

માના શબને ઢાંકીને માળિયે ચડાવી ગલુજી ભાઈઓની સાથે ઢોલત્રાંસાં વગાડતાં મહારાજનું સામૈયું કરવા નીકળી પડ્યા. હરખભેર સામૈયું કર્યું. મહારાજની મૂર્તિ સન્મુખ જોતાં જાય અને "મારે આજ પ્રિતમ ઘેર આવિયા." એ કીર્તન ગાતાં ગાતાં નાચે અને ઢોલ ત્રાંસા વગાડે. સરસ મજાની એ શોભાયાત્રા હતી. અનંત કોટી બ્રહ્માંડના અધિપતિએ શોભાયાત્રામાં એકીટશે કરુણા દ્રષ્ટિથી પોતાના શૂરવીર ભક્તો એવા ગલુજી અને એમના ભાઈઓને નાચતા કૂદતાં જોઈ જાણે હરખઘેલા બની ગયા !

મહારાજને પછી વાજતે ગાજતે ગામના શેઠની ડેલીએ લઈ ગયા. ત્યાં મહારાજ અને સંત મંડળી જમી. પછી મહારાજ વડતાલ જવા નીકળ્યા.

ફરી ગલુજી વાજતે ગાજતે એમને વળાવવા નીકળ્યા ને ગાઉ દૂર સુધી ગયા. ત્યાંથી મહારાજ અને સંતો વિદાય થવાના હતા. મહારાજ માણકીએથી નીચે ઊતર્યા અને ગલુજીને બોલાવી કહ્યું : "ગલુજી, હવે ઘેર જાઓ ને તમારું કારજ પુરુ કરી, સવારના ભૂખ્યા તરસ્યા છો તે જરી અન્નજળ લો !! "

ગલુજીએ સજળ નેત્રે મહારાજને પ્રણામ કર્યા. મહારાજે પ્રેમાળ હાથ ગલુજીના માથે મૂક્યો. અંતરમાં પરમ શાંતિ છવાઈ ગઈ ! પછી મહારાજ માણકીએ સવાર થઈ સંતો સાથે વડતાલ જવા રવાના થયા.

ગલુજી મહારાજનું સોનેરી મોળિયું દેખાય ત્યાં સુધી ત્યાં જ ઊભા રહ્યાં. મહારાજ આંખોથી ઓજલ થયાં કે ભાઈઓ સાથે પોતાના ઘર તરફ જવા જાણે દોટ મૂકી.

રસ્તામાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "મહારાજ, ગલુજી શું આખા દિવસના ભૂખ્યા તરસ્યા હતા ?"

મહારાજ કહે, "હાસ્તો સ્વામી ! ઘરમાં માતાનો મૃતદેહ પડ્યો હોય પછી કેમ કરીને ખાય પીએ ?" નવાઈ પામીને સ્વામીએ પૂછ્યું : "મા નો મૃતદેહ ? એ વળી શું ?"

મહારાજે કહ્યું : "આજે સવારે એમનાં માતા ધામમાં ગયા - માના દેહને ઢાંકી માળિયે ચડાવી બધા ભાઈઓ આપણું સામૈયું કરવા આવ્યા હતા."

મહારાજની વાત સાંભળી સ્વામી તથા સહુ સંતો અચંબો પામી ગયા. "ગલુજીની મહારાજ પ્રત્યેની આવી નિષ્ઠા ! આ તો નિષ્ઠાની પરાકાષ્ટા જ કહેવાય." મહારાજની સાથે ચાલી રહેલા સંતો અને હરિભક્તો એકી અવાજે બોલી ઉઠ્યા.

મહારાજ કહે : **"આવું ગલુજીથી બને, બીજાથી ન બને !"**

મહારાજે ગલુજીને કેવું સુંદર પ્રમાણ પત્ર આપ્યું ! ગલુજીને મહારાજનું આ પ્રમાણપત્ર મળ્યું એમની અદ્‌ભુત નિષ્ઠાને લીધે. મહારાજ કહે છે કે "આવી ગલુજી જેવી નિષ્ઠા ક્યારે આવે, તો કહે છે કે નાનું બાળક જેમ ભય આવે ને તરત પોતાનાં માવતરની ડોકે વળગી પડે તેમ જે ભગવાનને વળગી રહે તેનામાં જ આવી નિષ્ઠા આવે ! અને આવી નિષ્ઠાવાળો ગલુજીની જેમ તરત નો સત્સંગી પણ સરસ બની જાય!

સર્વાંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

પાકી નિષ્ઠાવાળાનું કામ થાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ચરોત્તર પ્રાંતમાં સરસ મજાનું ડભાણ ગામ છે. ત્યાંનો આ દાખલો છે. પહેલાં ડભાણ આવે પછી નડિયાદ આવે. જૂના જમાનામાં ડભાણનું નામ 'દર્ભાવતી' હતું. સંસ્કૃતમાં તેનો 'દર્ભાવતી' તરીકે ઉલ્લેખ છે. ત્યાં સ્વામિનારાયણ ભગવાને યજ્ઞ કર્યો. આ યજ્ઞમાં પુષ્કળ જનમેદની એકઠી થયેલી. ચારેય બાજુ ભીડ....ભીડ.... ને ભીડ.....

સ્વામિનારાયણ ભગવાનનો ઉતારો કોઈ એક હરિભક્તને ઘેર હતો. સ્વામિનારાયણ ભગવાને તે હરિભક્તને ઘેર ઉંઘવાની ના પાડી. આટલા બધા હરિભક્તો આવ્યા હોઈ તેથી અમે જાહેર મેદાનમાં જ પોઢી જઈશું. જેથી બહારગામથી આવેલા અમારા લાખો હરિભક્તોને અમારા દર્શન થાય. રાજી થાય.

સ્વામિનારાયણ ભગવાનની આ ખૂબી હતી. જ્યારે અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવેલાં ત્યારે પ્રભુ પોતે કાંકરિયાના ખુલ્લા મેદાનમાં જ રહેતા, કોઈ મકાનમાં રહ્યાં નહોતા. અહીં પણ એમ જ કર્યું. વિશાળ ખુલ્લા મેદાનની વચ્ચે ચાર થાંભલીઓ ખોડાવી અને એના ઉપર પાટીયાં જડાવ્યાં અને તેની ઉપર ખુલ્લામાં પ્રભુ પોઢી ગયા. યજ્ઞનું કામ ધામધૂમથી ચાલતું હતું. પ્રભુની પોઢવાની પાટની ચારે બાજુ ચાર થાંભલીઓ હતી. ત્યાં ચાર પાર્ષદો મહારાજની સેવામાં ઉભા રહે.

હવે, એકવાર એક ગરબડ થઈ ગઈ. જો કે પાર્ષદોમાં કોઈ ખામી નહોતી, બિચારા ઊભા ઊભા ઉંઘે. આમાં ખૂબી હતી, ખામી નહોતી, કારણ કે માણસે ઉંઘવું હોય તો કમસેકમ સભામાં તો બેસવું જોઈએ ને ! પણ આ તો બેઠા નહીં, ઉભા ઉભા ઉંઘે. એમાં કોઈક ગાંડો ગણાતો જુવાનીયો છોકરો - સમાજ જેને ગાંડો ગણે એ ખરેખર આધ્યાત્મિક દૃષ્ટિએ ગાંડો ન પણ હોય, કેમ જાણે તેને અંદરથી સ્ફુરણા થઈ ! મંચ ઉપર મહારાજ પોઢ્યા છે. મંચ મોટો છે. જગ્યા ઘણી છે. મંચ આઠ બાય આઠ કે દશ બાય દશ નો છે. આટલી મોટી જગ્યા છે. નીચે ધક્કા મુકીને બૂમાબૂમ ચાલે છે. ઉંઘવાનું ઠેકાણું નહી પડે તો લાવને છાનોમાનો મંચ ઉપર ચડી જાઉં અને મહારાજની જોડે સૂઈ જાઉં. આ ગાંડો કહેવાય ! કે ડાહ્યો કહેવાય ? ભગવાનની સાથે ઉંઘવાની જેને ઈચ્છા થાય તેને તો ડાહ્યામાં ડાહ્યો કહેવાય. કોણ જાણે તેણે શું કર્યું ! થાંભલીનો ટેકો લઈને ઉપર ચડી ગયો. અને સ્વામિનારાયણ ભગવાનની પડખે લંબાવી દીધું. ભગવાનની પ્રકૃતિ કેવી હતી !

"લગાર ચડી જાય ત્યારે ફડકી રે,
જાગે સુંદર શ્યામ, કોણ છે ! પૂછે રે;
સેવકને સુખધામ ....."

એટલે શ્રીજી મહારાજે તરત જ પૂછ્યું, અલ્યા કોણ છે ? ત્યાંતો પાર્ષદો જાગી ગયા. હા મહારાજ ! કાંઈ નથી. અમે ઉભા છીએ અને પ્રભુએ થોડો ગુસ્સો દેખાડ્યો અને બોલ્યા કે આ તમારો.... મંચ ઉપર કઈ રીતે આવ્યો ! પાર્ષદો ભોઠાં પડી ગયા. સેવામાં સાવધાની અતિ જરૂરી છે એ તેમને સમજાયું. પછી મહારાજે વાતને વળાંક આપ્યો. મંચ ઉપર ચઢી આવેલો છે તે કોણ છે ? તેની તપાસ શરૂ કરી. એના કંઠમાં કંઠી જોઈને પ્રભુએ પૂછ્યું. આ કંઠી કોણે બાંધી છે ? મુક્તાનંદ સ્વામીએ બાંધી છે. સ્વામીનું નામ સાંભળીને બધાને નવાઈ લાગી. અહીં ચોવીસ નામ લીધા હોત તો મેળ ન પડત પણ મક્કમતાથી બોલ્યો, મુક્તાનંદ સ્વામી મારા ગુરુ છે. ખાત્રી કરવા પ્રભુએ એ જ વખતે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, મહારાજ ! હું આમને ઓળખું છું. તે થોડો ગાંડો છે. પછી મહારાજે તેને જવા દીધો. કારણ કે તે નિર્દોષ હતો. એક ગુરુ પ્રત્યે શ્રધ્ધા-નિષ્ઠા રાખવાની મંદ બુદ્ધિના યુવાનનું કામ થઈ ગયું.

મિત્રો ! આપણામાં સમજણ ઓછી હોય કે વધુ ઓછું ભણેલાં હોઈએ કે વધુ પરંતુ ભગવાનની ને સંતની ઓળખાણ પાકી જોઈએ. જીંદગીમાં જો એક સાચું સરનામું નક્કી કરી રાખ્યું હોય તો આપણી શ્રદ્ધા રૂપી ટપાલ જ્યાં ત્યાં રખડી પડે નહીં. સંત જો સાક્ષી પુરે તો પછી ભગવાન જરૂરથી અપનાવી લેશે. માટે આપણે નરનારાયણદેવ અને નરનારાયણદેવના પીઠાધિપતિ પ્રત્યે આવી નિષ્ઠા, આવી શ્રધ્ધા જોઈએ. ઉંધમાં પણ બોલી શકીએ કે હું નરનારાયણદેવનો છું. આચાર્ય મહારાજશ્રીનો છું અને તો જ સ્વામિનારાયણ ભગવાનની બાજુમાં મંચ ઉપર જગ્યા મળે.

●

કેટલું જીવ્યા તે મહત્વનું નથી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક મોટા જંગલની અંદર મહા મોટા વિશાળ પહાડની તળેટીમાં ઋષિઓના આશ્રમો હતા. ત્યાં કેટલાય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા. ઋષિમુનિઓ પાસેથી અક્ષિવિદ્યા, બ્રહ્મવિદ્યા, શસ્ત્રવિદ્યા, યોગવિદ્યા, સંગીતવિદ્યા,

નાટ્ય વિદ્યા, નીતિ વિદ્યાના પાઠ વગેરેનો અભ્યાસ કરવા મોટા મોટા રાજાના પુત્રો (રાજકુંવરો) તથા બ્રાહ્મણપુત્રો, ગાંધર્વો, ચારણ જ્ઞાતિના સૌ અભ્યાસ માટે આવતા.

તેમાં એક ઋષિ પુત્ર એ પોતાના પિતાની આગળ પોતાની મરજી વ્યક્ત કરી કે પિતાજી મારે તપ કરવા જવું છે. મારે અભ્યાસ નથી કરવો. ઋષિએ પૂછયું. "શા માટે ?" પુત્રએ કહ્યું, "હું અજર અમર થાંઉ તે માટે." ઋષિએ તેને સમજાવતાં કહ્યું એના માટે તપ કરવાની જરૂર નથી. એના માટે તો સત્કર્મ કર. સત્તાશાસ્ત્રોનો અભ્યાસ કર ભજન-ભક્તિ, ધ્યાન-ઉપાસના કર. ભગવાને જેટલી આવરદા આપી છે એનો ભગવાનની આરાધના કરી સદ્‌પયોગ કર. તું ચોક્કસ અમર બનીશ. તારું મરણ નહીં થાય તારું જગત ભરમાં સ્મરણ થશે. જગતમાં સૌ તને નારદ, સનકાદિક, ધ્રુવ તથા પ્રહલાદજીની સાથે યાદ કરશે. પણ આ સદ્‌પદેશ ઋષિપુત્રના હૈયે ન ઉતર્યો. તેણે તો હઠાગ્રહ કર્યો. મારે તપ કરવું જ છે. પિતાની મરજી લોપી તપ કરીશ તો ભગવાન રાજી નહિ થાય. તો કાંઈ નહિ હું બ્રહ્મા ઉપર તપ કરીશ. એમ કહી ઋષિપુત્ર જંગલમાં જઈ તપ કરવા લાગ્યો. ઉદ્ધત માણસ સિધ્ધિ મેળવીને પણ સારા કાર્ય કરી શકતા નથી. અતિ કઠોર તપશ્ચર્યા કરી બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજીએ વરદાન માંગવા કહ્યું, "માંગ માંગ, તારે શું જોઈએ છે. તારા તપથી હું અતિ પ્રસન્ન થયો છું." તારે જે જોઈએ તે હું આપીશ.

ત્યારે આ ઋષિ પુત્ર કહે છે, "મારે અમર બનવું છે, મારે મરવું નથી." બ્રહ્માજી કહે છે, "તમારા પિતાની આજ્ઞામાં રહો અમર બની જશો." ઋષિપુત્ર કહે, "ના, ના એ રીતે નહીં. મારે તો મારા આયુષ્યનો અંત જ ન આવે એવું વરદાન જોઈએ." તું બીજું કાંઈ વરદાન માંગ. ના મારે તો આજ વરદાન જોઈએ. બ્રહ્માજીએ રસ્તો કાઢતા કહ્યું જો તું કાંઈ નિમિત્ત બતાવ તો હું તારી આવરદા એ પ્રમણે વધારી આપું. ઋષિ પુત્ર કહે, "નિમિત્તમાં તો આ પર્વત છે." જો આ પર્વતનો નાશ થાય તો હું મૃત્યુ પામું. બ્રહ્માજી થોડા મુંઝાયા કે આટલા મોટા પહાડનો નાશ કેમ શક્ય બને. ઓછામાં ઓછા હજાર વર્ષ તો થઈ જ જશે. પણ તેમ છતાં બ્રહ્માજી તથાસ્તુ કહી ચાલ્યા ગયા. કંઈ વાંધો નહિ. તેમના પિતા મહાન ઋષિમુનિ છે. તે જો પોતાના પુત્રમાં અનીતિના આચરણ જોશે તો જરાય સહન નહીં કરી લે ને ચોક્કસ કાંઈક રસ્તો કાઢશે. આ ઋષિપુત્ર પિતા પાસે ખુશ થઈને આવે છે. પિતાજી હું અમર થઈ ગયો. પિતાએ કહ્યું, "તો હવે સતકર્મ કર, સાધુ મહાત્માની સેવા કર, સાદાઈથી જીંદગી જીવવાની શરૂઆત કર, અખંડ ભજન-ભક્તિ કર, ચાંદ્રાયણ આદિક વ્રત કર, ઉત્સવો કર, ગામોગામ ફરી સત્સંગ કરાવ, ભાગવત-ગીતા, વ્યાસસૂત્ર, વેદવેદાંતોના અર્થોને સમજાવ, સૌના જીવનમાં પ્રભુ ભક્તિ ઉત્પન્ન થાય તેવો પ્રયાસ કર."

અરેરે, પિતાજી આ બધી શું વાતો કરો છો. હવે આ બધું તો તમે પણ છોડી દો. હવે તો હું મોટા મોટા રાજાઓ સાથે યુદ્ધ કરીશ. હવે શાનો ભય. ઋષિરાજ આંચકો ખાઈ ગયા. આ શું બોલે છે. જેના કુમારો આપણે ત્યાં અભ્યાસ કરે છે. જે રાજાઓ સંસ્કારી છે. જે આપણા પ્રત્યે સદ્‌ભાવ, આદર રાખે છે. તેમની સાથે તુ યુદ્ધ કરીશ. હા, કેમ કે મારે રાજા થવું છે. ઋષિરાજે કહ્યું જા તું રાજા સામે નહિ જીતી શકે. અમે રાજાઓના વિજય માટે યજ્ઞ કરીશું. આ ઋષિપુત્ર રાજાઓ સામે યુદ્ધ કરવા ગયો પણ વિજય પ્રાપ્ત ન થઈ શકતો. કારણ એક જ કે રાજાઓને ઋષિમુનિઓના આશીર્વાદ તથા યજ્ઞનારાયણની મદદ મળી રહેતી. ઋષિપુત્રના ક્રોધનો પાર ન રહ્યો. તેણે સાધુઓનો દ્રોહ ચાલું કર્યો. યજ્ઞમાં વિઘ્નો નાખવાના ચાલું કર્યા. અતિ દ્રોહ આયુષ્યનો નાશ કરે છે. ઋષિમુનિઓની સભા ભરાઈ. સૌએ વિચાર કર્યો આ ઋષિપુત્રનો નાશ કરવો હોય તો આપણે પણ ભગવાન પર તપ કરવું પડશે. જેમ હિરણ્યકશિપુનો નાશ કરવા ભગવાને નરસિંહ અવતાર લીધો તેમ આના માટે પણ ભગવાનને યાચના કરવી પડશે. ત્યારે એક મહાત્માજીએ કહ્યું, ભગવાનને બોલાવવાની કોઈ જરૂર નથી. આના માટે તો ફક્ત ઉંદરો જ કાફી છે. ઋષિમુનિઓએ ઉંદરો પેદા કર્યા, સેંકડો ઉંદરો ! ઋષિ શિષ્યો પણ જંગલમાંથી ઉંદરો પકડી લાવ્યા ને યોગબળે કરીને આજ્ઞા કરી કે આ પહાડનો નાશ કરી નાખો. જોત-જોતામાં એક જ રાત્રીમાં આ ઉંદરોએ પર્વતનો નાશ કરી નાખ્યો. જેની ઉંમર હજાર વર્ષ હતી તે એક રાત્રીમાં મૃત્યુ પામ્યો.

મિત્રો, તુલસીદાસજી પોતાની સાખીમાં કહે છે કે :-

સંત સંતાપે જાત હૈ,
રાજ, કુલ ઔર વંશ,
તુલસી તીનો ના રહા,
રાવણ, કૌરવ, કંસ.

સ્વામિનારાયણ ભગવાન પણ વચનામૃતમાં કહે છે કે ભગવાનને ભગવાનના સંતનો જેની ઉપર રાજીપો થાય તેને જો પંચ મહાપાપ કર્યા હોય તો પણ તેના ખરાબ કર્મનો નાશ થાય છે અને સુખીયા થાય છે અને જેણે સ્વર્ગના સુખ ભોગવવાના લખ્યા હોય પણ તે જો ભગવાનનો તથા ભગવાનના સંતનો દ્રોહ કરે તો તેના બધા સારા કર્મનો નાશ થઈ જાય છે. ને જમપૂરીમાં જાય છે.

માટે, કેટલું જીવ્યા તે મહત્વનું નથી,
કેવું જીવ્યા તે જ મહત્વનું છે.

।। ભક્તિસુધા ।।

"મામી વાર લગાડે ત્યારે જ લાવજો !"

- તરલાબેન અતુલભાઇ પોથીવાલા
(અમદાવાદ)

ઘનશ્યામ પ્રભુનાં એક મામી હતા. નામ લક્ષ્મીબાઈ. એક દિવસ સવારે મામીએ ભક્તિમાતાને પૂછ્યું, "આજે શી રસોઈ કરું ?" ભક્તિમાતા કહે, "રસોઈની ઉતાવળ નથી. નિરાંતે શીરો બનાવજો."

લક્ષ્મીબાઈ તો અંદર રસોડામાં જઈને ધીમે ધીમે રસોઈ બનાવવા માંડ્યા.

રસોઈ તૈયાર થતાં બહું વાર લાગી, તેથી ભક્તિમાતાને ખૂબ ભૂખ લાગી. પરંતુ પોતે જ કહેલું કે નિરાંત રસોઈ બનાવજો તેથી કરે પણ શું ?

આ બાજુ પારણિયે સૂતાં સૂતાં બાળ પ્રભુને ખબર કે માતાને ભૂખ લાગી છે અને રસોઈ તૈયાર નથી. તેથી પ્રભુએ મનમાં ને મનમાં જ આઠ સિદ્ધિઓને ભોજન લાવવા આજ્ઞા કરી. પળવારમાં આકાશમાંથી એ ઊતરી આવી. દરેક સિદ્ધિ રૂપ રૂપનો અંબાર જાણે સ્વર્ગની અપ્સરા જ જોઈ લો ! દરેકનાં સુંદર રંગબેરંગી ઝીણાં વસ્ત્રો અને દરેકના હાથમાં થાળ-થાળમાં મઘમઘતાં બત્રીસ પકવાન.

એકી સાથે આઠ સ્વરૂપવાન સ્ત્રીઓને ઘરમાં જોઈને ભક્તિમાતા તો આભાં બની ગયાં. સ્ત્રીઓએ કહ્યું, "માતાજી અમે સિદ્ધિઓ છીએ. આપને ભૂખ લાગી છે તેથી થાળમાં અનેક પકવાન આપના માટે અમે લાવ્યાં છીએ તે આરોગો."

સિધ્ધિઓએ કહ્યું છતાં ભક્તિમાતા અચકતાં હતાં. એટલે ઘનશ્યામ પ્રભુ પારણામાંથી નીચે ઉતર્યાં. એક થાળમાંથી થોડુંક જમ્યાં. પછી માતાને કહ્યું, "તમે પણ જમો."

અષ્ટ સિધ્ધિઓનાં સુમધુર થાળ ભક્તિમાતા આરોગવા લાગ્યાં.

ભક્તિમાતા જમી રહ્યાં ત્યાં તો રસોડામાંથી મામી ગરમાગરમ શીરો પૂરી નો થાળ લઈ આવ્યાં. પણ બહાર આવીને જુએ તો આઠ સિદ્ધિઓ અને પકવાનના થાળ ! સિદ્ધિઓનું સૌંદર્ય અને મીઠાં પકવાનની અનુપમ સોડમથી લક્ષ્મીમામી તો તદ્દન નવાઈ પામી ગયાં ! એમનો થાળ તો હાથમાં જ રહી ગયો !

સિદ્ધિઓ બોલી, હે ભક્તિમાતા, હવે અમે રોજ તમારો થાળ લાવીશું. પ્રભુએ કહ્યું "રોજ નહિ, મામી રસોઈ બનાવતાં વાર લગાડે ત્યારે જ લાવજો !"

બાળ પ્રભુએ પ્રેમથી મામીને બોલાવ્યા, "આવો મામી ! તમે પણ આ થાળ જમો !"

અષ્ટ સિદ્ધિઓ મહાપ્રભુની આ બાળલીલાના દર્શન કરતાં કરતાં ધન્ય બની ગઈ." આજે અમારો થાળ મહાપ્રભુ, એમનાં માતાજી તથા મામી જમ્યાં. આજે અમો અતિ કૃતાર્થ બની ગયા.

પછી દરેક સિદ્ધિ બાળપ્રભુને તથા ભક્તિમાતાને પગે લાગી આકાશમાં અદૃશ્ય થઈ ગઈ !

ખરતા તારાની જેમ આઠ આઠ તેજનાં લીસોટા જોઈને માતા તથા મામી અચંબો પામી ગયાં.

મામી તો આ અનુપમ લીલા જોઈ એટલાં હર્ષઘેલા બની ગયાં કે બાળપ્રભુને તેડીને ચૂમીઓનો વરસાદ વરસાવી દીધો!

●

ઊંઝા ગામમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલાઓ

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

મહેસાણા જિલ્લાની નજીકમાં આવેલા ઊંઝા ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને કરેલી લીલા ચરિત્રો.

ઊંઝામાં સ્વામિનારાયણ મંદિર (હરિ મંદિર) છે અને તે મંદિર દક્ષિણ દ્વારનું છે. આ મંદિર સંવત ૧૯૨૫ ની સાલમાં શાસ્ત્રી સ્વામી ચૈતન્યદાસજીએ બંધાવ્યું હતું. તે વખતે સ્વામીએ પટેલ રતનચંદ બારૈયાને બોલાવી તેમનો સહકાર લઈ આ મંદિરનું નિર્માણ કર્યું હતું. અને ચૈતન્યદાસજી સ્વામીએ તેમને આશીર્વાદ આપ્યા હતા કે તેમના પુત્રો સત્સંગી થશે અને હાલ આજની તારીખમાં તેમના કુટુંબમાં સારો સત્સંગ છે. ત્યારબાદ આ મંદિર નવેસરથી સુંદર અને સુશોભિત સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કોઠારી ભક્તિભાઈ તથા કોઠારી વિઠ્ઠલભાઈના સાથ અને સહકારથી બનાવ્યું હતું. અને તેની પ્રાણ પ્રતિષ્ઠા સં. ૧૯૯૭ના જેઠ વદ-૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે કરવામાં આવેલી.

ઊંઝા ગામમાં શ્રીહરિ ઘણી વખત પધાર્યા હતા અને તેમણે અનેક લીલાઓ પણ કરી હતી અને ઊંઝા ગામની ભૂમિને પાવન કરી હતી. ગામની પૂર્વ દિશામાં એક વડ છે. ત્યાં ભગવાન હિંડોળે ઝુલ્યા હતા. ગામના ઈશાન ખૂણે એક તળાવ આવેલું છે. ત્યાં મહારાજે જમણા પગે પાણીનો સ્પર્શ કરી તળાવમાં થયેલી લીલનો નાશ કર્યો હતો. અને તળાવના પાણીને શુદ્ધ કર્યું હતું.

બ્રાહ્મણ શેરીમાં ઉદેકુંવર કરીને એક બ્રાહ્મણ બાઈ રહેતા હતાં. તેમને ભગવાનની ભક્તિ કરવાનો બહુજ રસ

પણ ઘરના કામમાં એટલા બધા વ્યસ્ત રહેતા કે તેમને ભક્તિ કરવાનો સમય જ નહોતો મળતો. ત્યારે ભગવાને એક દિવસે તેમને દર્શન દીધા અને કહ્યું કે તમારે ફળાહાર કરીને રહેવાનું. તે પછી ઉદેકુંવરબાઈ રોજ એક શિંગોડું ખાઈને રહેતા હતા. અને ભગવાન તેમને નિત્ય દર્શન આપતા અને તેણે કરીને ખટ ઉર્મિ વ્યાપતી નહિ અને જીવન પર્યંત એમ ને એમ રહ્યું.

ઊંઝાના તળાવની શ્રીહરિએ લીલ મટાડી :-

એક સમયે શ્રીજી મહારાજ ઊંઝા ગામના પાદરમાં પધાર્યા હતા અને વડના વૃક્ષ હેઠળ ઊતર્યા હતા. ત્યાં ઘણા કાઠી અસ્વારો હતા. તે સમયે ઘોડા તરસ્યા થયા હતા. પછી મહારાજે કાઠી અસ્વારોને કહ્યું પહેલું મોટું તલાવ દેખાય છે ત્યાં ઘોડાને પાણી પાઈ આવો. પછી બધા કાઠીઓ ઘોડાઓને લઈ ત્યાં પાણી પાવા ગયા. અને તળાવમાં જોયું તો પાણી ઉપર એક વેંત જેટલી લીલ જામેલી હતી. અને પાણી તો દેખાતું જ નહોતું. પછી તેઓ ઘોડાઓ લઈ પાછા આવ્યા અને મહારાજને વાત કરી કે તળાવમાં પાણી ઘણું છે પણ ઉપર બહું લીલ જામેલી છે. તે વખતે ગામના બધા માણસો પણ ત્યાં હતાં. તે લોકો બોલ્યા કે આ તળાવને કોઈકનો શાપ છે. તેથી તે પાણીમાંથી લીલ કોઈ દિવસ મટતી નથી. નહિ તો તળાવ બહું મોટું છે. અને બારે માસ ત્યાં પાણી ખૂટતું નથી. અને ઢોર જનાવર પણ તે પાણી પીતા નથી. તે જ સમયે મહારાજ માણકી ઘોડી પર સવાર થઈને તે તળાવે ગયા ! સાથે ગામના માણસો પણ તળાવે ગયા. મહારાજ માણકી ઘોડીને લઈ તળાવમાં ગયા અને જ્યાં આગળ તળાવના પાણીનો સ્પર્શ ભગવાનના ચરણારવિંદને અડ્યો અને તળાવની લીલ ફાટવા લાગી અને તેના ફડાકા થવા લાગ્યા અને થોડીવારમાં આખા તળાવની લીલ દૂર થઈ ગઈ ! અને આજે આટલા વર્ષે પણ આ તળાવમાં ક્યાંય લીલ જોવા મળતી નથી. આવા અદ્‌ભુત ચમત્કાર ભગવાને ઊંઝા ગામમાં કર્યા હતા. અને તળાવના પાણીને શુદ્ધ કર્યું હતું. ગામના માણસોએ આ પરચો જોઈને માન્યું કે આ તો સાક્ષાત્ સ્વામિનારાયણ પ્રગટ પુરૂષોત્તમ ભગવાન જ છે. આવી અદ્‌ભુત લીલાઓ ભગવાને ઊંઝા ગામમાં કરી હતી અને ઊંઝા ગામની ભૂમિને પાવન કરી હતી.

છપૈયામાં ભગવાનના પ્રાકટ્ય સમયે માર્કન્ડય ઋષિ આવ્યા હતા તે વખતે તેમણે ભગવાનના કાન વિંધ્યા હતા અને ત્યારે ભગવાને કહ્યું હતું કે તમારો અને અમારો મેળાપ થશે અને જ્યારે ભગવાને ઊંઝા ગામના વરંડામાં ૧૮ સંતોને દીક્ષા આપી હતી. તેમાંના એક સંત મહાનુભાવાનંદ સ્વામી હતા તે જ માર્કન્ડય મુનિ.

●

માનબાઈ

- કંચનબેન બાબુભાઈ પટેલ
(રતનપર, મૂળીદેશ)

ગામ વિહારમાં માનબાઈ નામે એક બ્રાહ્મણ બાઈ રહેતા હતાં. શ્રીહરિને વિશે સર્વોપરિ નિષ્ઠા રાખીને અખંડ ભક્તિ કરતાં. શ્રીહરિની પ્રસન્નતાથી એમને નિરાવરણ દૃષ્ટિ મળી હતી. અને વચન સિધ્ધિને પામ્યા હતા. પોતે સ્વતંત્ર પણે સમાધિ કરીને ધામમાં જતાં આવતા.

એક સમયે પોતાનો ભત્રીજો દેહ મૂકી ગયો. માનબાઈને વિચાર થયો કે રખે ને કોઈ બીજા લોકમાં લોભાઈ જાય ! એમ ધારીને તેને અક્ષરધામમાં મૂકી આવ્યા. એવા સમર્થ હતા.

એકવાર ઘરના ગાયો-ભેંસો વસુકી જવાથી પોતાના મોટા કુટુંબમાં છાશની તાણ પડવા લાગી. તેથી માનબાઈ કહે, મુંઝાશો નહિ. આ નાની પાડીને બશેર બાજરી મૂકીને દોવી. ટંકે પાંચશેર દૂધ આપશે. પછી બીજા ઢોર દૂધાળા થયાં ત્યાં સુધી માનબાઈનાં વચન પ્રમાણ નાની પાડીએ દૂધ આપ્યું હતું.

પોતે ઘણીવાર ગઢડે જતાં ને ત્યાં ખૂબ રોકાતાં. થાળ કરીને મહારાજને જમાડતાં. એમની સેવા વડે મહારાજ ખૂબ પ્રસન્ન હતા. વળી માનબાઈના કુટુંબમાં પીતાંબર ત્રવાડી હતા. તેને બાઈએ ઉપદેશ આપ્યો. તે વાસુદેવાનંદ વર્ણી પાસે ઉના ગયા. ત્યાંથી સ્વામીની અનુમતિ મેળવીને અમદાવાદ આવી ભક્તિ કરી. એવી જ રીતે કપિલેશ્વરાનંદજીને પણ માનબાઈએ જ ઉપદેશ આપીને સંસારનો ત્યાગ કરાવ્યો હતો.

પોતે એ રીતે ઘણાને ત્યાગ માર્ગનો ઉપદેશ આપ્યો હતો ! વળી કેટલાક ગૃહસ્થ બાઈઓને ઉપદેશ આપીને સત્સંગી કરેલી. શ્રીહરિની ઈચ્છાથી એમણે એકસો દશ વર્ષ સુધી દેહ રાખેલો હતો. આવા હતા માનબાઈ.

●

સત્ય ભક્તિ

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા
(જેરાવનગર, મૂળીદેશ)

એક સંત હતા. જેમને મોટા સંત થવાનો ઘણી ઈચ્છા હતી. નાનામાંથી મોટા સંત બન્યા અને મોટા સંત થયા પછી તો સંત થયાનો ઘણો આનંદ અને ગૌરવ હતું. પછી તેમને મનમાં થયું કે હું આવો મોટો સંત છું, તો કોઈકને ચમત્કાર બતાવું અને કોઈકનો ગુરુ બનું.

આ સંત ફરતાં-ફરતાં એક ગામમાં આવ્યા અને રસ્તામાં મોચીની દુકાન આવી, તે ભાઈ સાધારણ સ્થિતિનો નાનો માણસ હતો. તેથી સંતને મોચી ઉપર દયા

આવી અને કહ્યું, ભાઈ આવી તારી ગરીબી દૂર થાય તેનો હું ઉપાય બતાવું. તારા જે લોઢાના ઓજાર છે, તે લાવ હું તને સોનાના કરી આપું. આવું કહીને પછી લોઢાના ઓજારો ઉપર જડી બુટીનો સંતે સ્પર્શ કર્યો અને તેના ઓજારો સોનાના બની ગયા. મોચી તો રાજી થઈ ગયો. પછી સંત ત્યાંથી ચાલી નીકળ્યા.

હવે, મોચીને મનમાં થયું કે, મને તો શ્રીહરિનું વચન છે કે સાચું બોલવું અને અણહક્કનું ન લેવું. તેણે તો પછી સોનાના હથિયાર ફેંકી દીધા. અને લોખંડના નવા ઓજારો લઈને કામકાજ કરવા લાગ્યો. તેવામાં થોડા સમય પછી ફરી સંત ત્યાં આવ્યા અને મોચીને કહ્યું કે, "ભાઈ તારી આવી પરિસ્થિતિ હજુ પણ આવી જ છે ? પછી તો મોચીએ જવાબ આપ્યો કે મહાત્માજી મને તો મારા કામમાં લોખંડના જ હથિયાર આવે. માટે સોનાના હથિયાર તો મેં ફેંકી દીધા અને લોખંડના હથિયાર લાવ્યો છું. પછી તો સંત બોલ્યા કે ભાઈ ! આ સોનાના ઓજારો વેચીને તું લખપતિ બની ગયો હોત ! ત્યારે મોચીએ કહ્યું કે "ના, સંતજી આવું અણહક્કનું સોનું મારે ન જોઈએ." આવી ચમત્કારી કોઈપણ વસ્તુ મારે ન જોઈએ. તે તો સત્યનું પાલન કરતો હોવાથી ભગવાને તેને શક્તિ આપી હતી જેથી મોચીએ ત્યાં પડેલા પથ્થરને સુવર્ણનો બનાવી દીધો.

સંતજી તો વિચારમાં પડી ગયા અને સિધ્ધિનું રહસ્ય જાણવાની ઈચ્છા થઈ. ત્યારે સંતને એ મોચીએ કહ્યું કે, મહાત્માજી ! સત્ય નિષ્ઠા, સત્ય અમલ, અને સત્ય ભક્તિ એ જ મારા ચમત્કારનું રહસ્ય છે. હું મારા જીવનમાં નિત્ય કાર્યોમાં ભક્તિ અને સત્યનું જ પાલન કરું છું. અને સત્ય બોલવું ને અણહક્કનું ન લેવું એ જ મારો ધર્મ છે. પછી સંતે મોચીની સાચી નિષ્ઠા અને શ્રેષ્ઠ આચરણ જોઈને પોતાના સંતપણાનું અભિમાન છોડીને મોચીને નમસ્કાર કર્યા.

આમ, આવી મોચીની જ્ઞાતિમાં જન્મ થયો હોવા છતાં પણ સત્ય આચરણથી નીતિમય જીવન જીવવાથી પ્રભુ પરાયણ બન્યો. માટે આપણે પણ સત્ય આચરણ કરવું અને હક્કનું ન લેવું. તો મહારાજ ખૂબજ રાજી થશે.

●

કેશાબાનો સંશય ટાળ્યો

- રાધાબેન રસિકભાઇ ગોળવિયા
(સુરત)

દેવળીયાના જાલમસિંહના મા કેશાબા જે સત્સંગના શિરમોર પ્રેમી હરિભક્ત હતા. મહારાજને એક વખત કેશાબાએ આગ્રહથી રોકી રાખ્યા હતા. માણકી ઘોડી સંતાડી દીધેલ. મહારાજને જવા દીધેલ નહીં. આવા પ્રેમી હતાં. તેઓ સત્સંગ થયા મોરે એક વખત શ્રીહરિના દર્શન કરવાને વાસ્તે ગઢપુર આવેલા. ત્યારે શ્રીજી મહારાજ ઉત્તરાદાબારના દાદાના ઓરડાની ઓશરીયે ઢોલીયા ઉપર બિરાજમાન હતા. આગળ મોટી સભા ભરાઈને બેઠી હતી. બાજુમાં સ્ત્રી હરિભક્તોની પણ સભા ભરાઈને બેઠેલી હતી.

તે સમયે મહારાજ લુણીભાજીનો કરંડીયો બાજુમાં રખાવીને લુણીની કોળી (ડુડી) લઈને મુખમાં જુડી મુકીને તોડી તોડીને જમતા જાય. એવી રીતનું મહારાજનું મનુષ્ય ચરિત્ર કેશાબાએ જોયું. જેથી કેશાબા પગે લાગીને સ્ત્રીઓની સભામાં આવીને બેસી ગયા અને મનમાં વિચારવા લાગ્યા આવા તે કાંઈ ભગવાન હોતા હશે ! આ મનુષ્ય છે. તેઓને લુણીની ભાજી ખાતા પણ આવડતી નથી. તોડી તોડીને પશુ પણ ન ખાય તે રીતે ખાય રહ્યા છે. ખાતા પણ બરાબર આવડતું નથી. જો બીજો કોઈ ડાહ્યો પુરુષ હોય તો સરખી રીતે સુધારીને ખાય. આવી રીતે ઝુડી મોઢામાં મુકીને તોડી તોડીને થોડું ખવાતું હશે ? આ ક્યાં ભગવાન છે ? અહીં સુધી ખોટો ખાલી ફેરો-ધક્કો પડ્યો. એમ વિચારી ઉતારે જઈ ગાડું જોડાવી ચાલી નીકળ્યા.

મહારાજે બાઈઓની સભામાં કહેવરાવ્યું કે પેલા કેશાબા કેમ જવા નીકળ્યા તપાસ કરાવો અને પાછા વાળો. માણસ મોકલી પાછા વળાવ્યા. ત્યારે મહારાજ ઉભા થઈને જે તકીયો બારણા આગળ પડ્યો હતો તે કેશાબાને આવતા જોઈને ઉપાડીને ફેંક્યો-ઉછાળ્યો, તકીયો ઉંચે ફરતો ફરતો ઉડતો ઢોલીયા ઉપર ઓશીકાની જેમ બરાબર ગોઠવાઈ ગયો. નાંખવો ઘટે તેમજ વ્યવસ્થિત પડીને ગોઠવાઈ ગયો. તે દેખીને કેશાબાએ વિચાર કર્યો આટલે છેટેથી આવો ભારે તકીયો ઉડાડીને ઢોલીયા ઉપર જે ઠેકાણે મૂકવો ઘટે ત્યાં જ નાંખ્યો ! માટે આ જરૂર ભગવાન છે. એમ મનમાં ભગવાનપણાનો પાકો નિશ્ચય થઈ ગયો. સંશયનો ઘાટ ટળી ગયો અને મહારાજને પગે લાગીને સ્ત્રીઓની સભામાં જઈને બેઠા અને મહારાજનું એક ચિત્તથી ધ્યાન મગ્ન બની દર્શન કરવા લાગ્યા.

દર્શન કરતા મહારાજની મૂર્તિ સોળ વરસની અતિ પ્રકાશવાન જરિયાની વસ્ત્રો આભૂષણે કરીને અતિ શોભતી મહા દિવ્ય તેજોમય દેખી. એમ થોડી વાર દેખતા રહ્યા. જેથી કેશાબાને અડગ નિશ્ચય થયો કે મહારાજ જરૂર ભગવાન જ છે અને સર્વે સંશય ટળી ગયો. તુરંત મહારાજ પાસે વર્તમાન ધરાવ્યાને પાંચ દિવસ વાતો સાંભળીને ઘેર ગયા.

●

અધિક માસ ઉત્સવ દર્શન

- કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી (અમદાવાદ)

આપણા ગુજરાતી મહિનામાં ક્યારેક વૃદ્ધિતિથિ ક્યારેક ક્ષયતિથિ આવે છે. જેના સરવાળા બાદબાકીના પરિણામે અમુક દિવસો વધે છે. ઋષિઓની ગણતરી મુજબ દર ત્રણ વર્ષે ૩૦ દિવસ વધે છે. જેથી ૧ માસ વધારાનો એટલે અધિક આવે છે. આ દિવસોનું માહાત્મ્ય સ્વયં ભગવાને આ માસના અધિષ્ઠાતા બનીને વર્ણવેલ છે. આ માસમાં જપ, તપ, વ્રત, દાન, પૂજન, અર્ચન વિગેરે કરવાથી અનંતઘણા ફળની પ્રાપ્તિ થાય છે. આ શાસ્ત્રોક્ત વિધાન મુજબ આપણી હિન્દુ સંસ્કૃતિમાં ભગવદ્ પ્રાપ્તિના વિશેષ સાધન કરવામાં આવે છે.

ભગવાન શ્રીહરિએ સ્વયં બાથમાં લઈને પધરાવેલા સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂ. મહંત સ્વામીની શુભ પ્રેરણાથી પવિત્ર અધિકમાસ દરમ્યાન વિવિધ ઉત્સવ ધામધુમથી ઉજવાયા, હરિભક્તોએ મહિમાથી યજમાનપદ સ્વીકારીને ધન્યતા અનુભવી.

શ્રી નરનારાયણદેવ સમક્ષ પ્રતિદિન વિવિધ ઉત્સવના દર્શન માટે ભક્તજનોની ભીડ જામતી તો બીજી તરફ હવેલીમાં કથા-વાર્તાની હેલી જામી ! ખરેખર અધિક માસ મોક્ષના ભાતા સમાન બનીને ભક્તોને આનંદ પમાડતો ગયો.

શ્રી નરનારાયણદેવ સમક્ષ પ્રતિદિન વિવિધ તહેવારો ઉત્સવોની સુંદર સજાવટ, શણગાર-આરતી પૂર્વે કરવામાં આવતી આરતી સમયે સૌને દર્શન થતા ત્યારે ભાવવિભોર થઈને મહિમાથી દર્શન કરી રાજી થતા.

● એકમના પવિત્ર દિવસે પ્રારંભમાં ગ્વાલબાલ દર્શન, વૃંદાવનના પવિત્ર વૃક્ષવેલી તળે ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચરાવે છે. તેના તાદૃશ્ય દર્શન કરાવવામાં આવ્યા. ઉત્સવીયા ભક્તોએ કીર્તન ગાયા આનંદ થયો !

● બીજના દિવસે રથયાત્રા. સુંદર શણગારેલા અશ્વો જોડેલા ચાંદીના કલાત્મક રથમાં ભગવાન બિરાજમાન થયા. સૌએ નેણા ભરીને દર્શન કર્યા.

● ત્રીજના દિવસની તો અદ્ભુત શોભા ! અપાર સુખ ! "એ સુખની શી કહુ વાત, કહિ નથી જાતી ! ! !"

શ્રી નરનારાયણદેવનો પાટોત્સવના દિને મંદિરને આસોપાલવ અને વિવિધ શણગારથી શણગારવામાં આવ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા ને પૂ. મહારાજશ્રીએ પ્રેમથી પવિત્ર જળ, દહીં, દૂધ, ઘી, મધ, સાકર, કેસર જળ, ગુલાબ જળથી શંખ વડે અભિષેક કરીને વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક ષોડશોપચાર પૂજન અને મંગલ આરતી ઉતારી ! ભક્તજનોના હૃદયમાં આનંદ સમાતો નહોતો. અભિષેક બાદ શૃંગાર રાજભોગથાળ અને છપ્પનભોગ અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યા. આખો દિવસ ભક્તોની ભીડથી મંદિર ઉભરાતું રહ્યું.

પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી સૌને પ્રેરણારૂપ મુખ્ય યજમાનપદે રહ્યા અને સહ યજમાન તરીકે હરિભક્તોને લાભ આપવા આજ્ઞા કરી. સૌ ખૂબ આનંદિત થયા. શ્રી નરનારાયણદેવના અન્નકૂટ સાથે હવેલીમાં શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ અન્નકૂટની રચના કરવામાં આવી. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દર્શન કરી ખૂબજ પ્રસન્ન થયા અને સમસ્ત સત્સંગી બહેનો પણ ખૂબ આનંદિત થયા હતા.

● ચતુર્થીના દિવસે શ્રી ગણપતિ મહારાજનું રિધ્ધિ-સિધ્ધિ સહિત પૂજન કરવામાં આવ્યું. સુંદર સિંહાસનમાં બિરાજમાન કરી ચુરમાના લાડુનો મહાથાળ અર્પણ કરવામાં આવ્યો. પંચમીના દિવસે શિક્ષાપત્રીનું વિધિવત પૂજન અને વસંતના રંગોત્વસના દર્શન કરાવવામાં આવ્યા.

● છષ્ઠીના દિવસે કુંજગલીમાં ભગવાન શ્રી રાધાકૃષ્ણ મહાપ્રભુને બિરાજીત કરવામાં આવ્યા. શ્રીનરનારાણદેવ સમક્ષ અદ્ભુત વૃક્ષ અને લતાથી આબેહુબ કુંજગલીની રચના કરવામાં આવી હતી.

● સપ્તમીના શુભદિને લોયાન શાકોત્સવની અદ્ભુત ઝાંખી કરાવવામ આવી હતી.

● રાધાષ્ટમીના દિવસે વૃંદાવનન બાગમાં રાધાજીને બિરાજિત કરીને વિધિવત પૂજન કરવામાં આવ્યું.

● રામનવમીના મંગલદિને મંગલ પ્રભાતે બાલસ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે પાટોત્સવ મહાઅભિષેક કરી શૃંગા અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યા. વિશાળ જનમેદનીએ ભાવથી નેણાભરીને દર્શન કર્યા. શ્રી નરનારાયણદેવ સમક્ષ સુવર્ણન પારણામાં ભગવાન શ્રીહરિને પધરાવી ધામધુમથી આરતી અને જન્મોત્સવ ઉજવાયા. પંજરીનો પ્રસાદ વહેંચાયો દશમીના દિવસે સુંદર વિજયયાત્રાની રચન કરવામાં આવી. હાથી ઉપર ભગવા શ્રીહરિ બિરાજીત થયા. આજુબાજુ છડી છત્ર અબદાગીરી ધારીને પાર્ષદો ભગવાનની સેવા કરતા હતા. આજુબાજુ અશ્વોની અદ્ભુત શોભા હતી. ખરેખર વિજયયાત્રાન દર્શન અદ્ભુત હતા.

● પવિત્ર એકાદશીના દિવસે તો ભક્તોના હૃદય આનંદથી નાચી રહ્યા હતા. કારણ કે આજે તો તુલસી વિવાહનો પવિત્ર પ્રસંગ હતો. ભગવાન શ્રીકૃષ્ણ અને તુલસી મૈયાના લગ્નની લાલીમાં કાંઈક અલગ હતી. મંદિરથી નજીકમાં આવેલ સ્વા વિશ્રાંતિ ભવનથી બેન્ડ વાજા, સાજન-માજન અને યજમાન પરિવાર હરખ સાથે ફટાકડાની લહેજીત સાથે ભગવાનનો વરઘોડો મંદિર સુધી આવ્યો. બાપુનગરના યુવક મંડળે બેન્ડવાજાના મધુર સુરો રેલાવીને લગ્નમાં ચાર ચાંદ લગાવી દીધા ! હરિભક્તો શ્રી નરનારાયણદેવના ચોકમાં ખૂબ નાચ્યા. બહેનો પ્રેમથી રાસ ગરબા રમ્યા. અબીલ ગુલાલ અને ભગવાનના કીર્તનોથી વાતાવરણ બ્રહ્મભીનું બની ગયું ! બાલ ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં કન્યાપક્ષના યજમાન પરિવારના બહેનોએ

ભગવાનને પોંખ્યા. ત્યારબાદ ભગવાન બાયરે પધાર્યા. શ્રી નરનારાયણદેવની ણગાર આરતી થઈ ! આરતી બાદ .પૂ.મોટા મહારાજશ્રી લગ્ન મંડપમાં ધાર્યા. ભગવાનનું પૂજન કરી આરતી કરી ભક્તજનો, સાજન-માજન સૌ લગ્ન મંડપમાં જ સભા થઈ. પ.પૂ. મોટા મહારાજશ્રી સોફા ઉપર વિરાજમાન થયા. રપક્ષ કન્યાપક્ષના યજમાનોએ પૂજન-આરતી કરી. કન્યાપક્ષના યજમાનશ્રી કરશનભાઈ જેઠીદાસ પટેલ રમપુરવાળાએ આ પ્રસંગે રાજી થઈને રૂા. ,૦૦,૦૦૦/- શ્રી સ્વામિનારાયણ ્યુઝિયમની સેવા માટે પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણે અર્પણ કર્યા. પૂ. મહંત સ્વામીએ તુલસી વિવાહનું માહાત્મ્ય સમજાવ્યું. ખીચોખીચ ભરાયેલા ર્મશાળાનો ચોક અને પ્રદક્ષિણા સર્વત્ર ઉભરાયેલા ભક્તોની મેદની ભગવાનના લગ્ન પ્રસંગના દર્શન કરીને આનંદિત થઈ. બ્રહ્મદેવોએ વૈદિક મંત્રોચ્ચાર કરીને ભગવાનની ભાવથી લગ્નવિધિ કરાવીને સૌને આનંદ આપ્યો.

● બારસના દિને મંગલ પ્રભાતે રંગમહોલમાં બિરાજમાન દર્શનીય સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પંચામૃત કેસર જળથી શ્રી હરિકૃષ્ણ મહારાજને અભિષેક પોતાના વરદ્ હસ્તે કરીને સૌને દિવ્ય દર્શનનો લાભ આપ્યો. અભિષેક બાદ શૃંગાર અને અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યા. ભક્તજનોએ નેણા ભરીને દર્શન કર્યા. શ્રી નરનારાયણદેવ સમક્ષ વામન જયંતીના અનુસંધાને વામન ભગવાનનું સ્થાપન પૂજન-અર્ચન કરીને સૌને અદ્ભુત દર્શન કરાવ્યા.

● તેરશના દિવસે અમદાવાદમાં નિવાસ કરતા પૂ. સંતોની પૂજાના શ્રીહરિકૃષ્ણ મહારાજના સમૂહ દર્શન પૂજન આરતી શ્રી નરનારાયણદેવ સમક્ષ એકજ સિંહાસનમાં વિરાજીત દરેક સ્વરૂપનું પૂજન-ભેટ આરતી કરીને સૌને દર્શનનો સુંદર લ્હાવો પ્રાપ્ત થયો.

● ચૌદશના દિને નૃસિંહ ભગવાનનું સ્થાપન પૂજન આરતી કરી સૌને દર્શન કરાવ્યા.

● પૂનમે તો અપાર ભક્તજનો દર્શને આવ્યા હતા. શ્રી નરનારાયણદિક દેવોના ચંદનના સુંદર વાઘા-મુગટ સહિત પુષ્પના શણગારના દર્શન કરીને સૌના હૈયા હરખાતા હતા. શ્રી નરનારાયણદેવ સમક્ષ સુંદર આસોપાલવે સહિત પુષ્પમાળા અને લતાઓથી લદાયેલ ઝૂલો-બાંધવામાં આવ્યો. ભગવાન શ્રીહરિના ઉત્સવ સ્વરૂપને પધરાવીને ખૂબ પ્રેમથી પ્રભુને ઝુલાવ્યા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આરતી ઉતારી ત્યારે દર્શનાર્થી ભક્તો ખૂબ આનંદિત થયા હતા.

● બીજી પૂનમના શુભ દિને હનુમાન જયંતી ઉજવવામાં આવી. શ્રી હનુમાનજીનું સ્થાપન પૂજન કરીને હનુમાનજીને રીઝવવામાં આવ્યા.

● જેઠ વદ-૧ ના મંગળદિને તો આનંદનું વાતાવરણ હતું. મંદિરમાં વેદના મંત્રોચ્ચાર થવા લાગ્યા. યજમાન પરિવાર પૂજન માટે આતુર બન્યા. ભક્તજનોની ભીડ જામવા લાગી. પ.પૂ. મોટા મહારાજશ્રી પવિત્ર પીતાંબર ધારણ કરીને પધાર્યા, જયનાદ થયા. પવિત્ર મંગલ પ્રભાતે અનંત બ્રહ્માંડના રાજાધિરાજ-પ્રગટ ભગવાન શ્રી નરનારાયણ ઋષિને પૂ. મોટા મહારાજશ્રી તથા બ્રહ્મચારી મંડળે કેસર જળથી સ્નાન કરાવવાનો પ્રારંભ કર્યો. ભક્તજનોના હૈયા હરખી ઉઠ્યા. કેસર સ્નાનના અભિષેક બાદ ભગવાનનું પૂજન આરતી થયા અને ભગવાનને મહા થાળ અર્પણ કરવામાં આવ્યો.

● વદ બીજથી પાંચમ સુધી નિત-નિત નવા હિંડોળા, ફૂલ, ચોકલેટ, સુકોમેવો વિવિધ શણગાર આદિના હિંડોળામાં પ્રતિદિન ભગવાનને ભાવથી ઝૂલાવીને પૂજન અર્ચન કરવામાં આવ્યું.

● વદ સપ્તમીના દિવસે આબેહુબ છપૈયાધામ દર્શનની રચના કરવામાં આવી. આ બ્રહ્માંડની સર્વોપરિ તીર્થભૂમિ "છપૈયા" જ્યાં અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રીહરિ પ્રગટ થયા. એ અતિ પવિત્ર તીર્થની પ્રતિકૃતિની રચના શ્રી નરનારાયણદેવ સમક્ષ કરવામાં આવી. છપૈયાનું દિવ્ય મંદિર ધર્મદેવનું પવિત્ર ઘર, જ્યાં પરમાત્મા પ્રગટ્યા હતા. તથા પવિત્ર માટી, છપૈયાના પવિત્ર મકાનો, સાક્ષાત્ તીર્થસ્વરૂપ શ્રી નારાયણ સરોવર, પવિત્ર વૃક્ષો વનરાજીનું આબેહુબ દર્શન અને પોતાની પ્રાગટ્યભૂમિ સમીપે વિરાજમાન બાલ ઘનશ્યામ મહારાજે દિવ્ય દર્શનઆપીને સૌને પાવન કર્યા. છપૈયાની તીર્થ ભૂમિને વંદન કરી બાલ ઘનશ્યામ મહારાજનું પૂજન અર્ચન કરી વંદના કરી સૌ દર્શનાર્થી રાજી થયા.

● વદ અષ્ટમીના દિવસે શ્રી નરનારાયણદેવ સમક્ષ સુવર્ણના પારણામાં પરમાત્માને પધરાવીને પૂજન આરતી, પંજરી પ્રસાદ અર્પણ કરીને જન્માષ્ટમીનો ઉત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવાયો.

ભગવાન શ્રીહરિ અગિયાર વર્ષની કોમળવયે તપશ્ચર્યા હિમાલયની દુર્ગમ પહાડીઓ-ગિરિ કંદરાઓમાં જઈને કઠોર તપશ્ચર્યા કરીને અનંત જીવાત્માનું કલ્યાણ કરવા સાત-સાત વર્ષ પર્યન્ત વનમાં વિચરણ કરી મુમુક્ષુઓને અપાર સુખ આપ્યું તેનું તાદૃશ્ય દર્શન. હિમાલયની ટેકરીઓ પશુ-પંખી સહિત ઉંચાવૃક્ષો-લત્તાઓ વચ્ચે તપશ્ચર્યા કરતા ભગવાન નીલકંઠવર્ણીનું સુંદર સ્વરૂપ પધરાવીને પૂજન આરતી કરી ભક્તજનોએ ભાવથી દર્શન કરીને રાજી થયા.

● રાત્રે મંદિરના સેવક-કોઠાર સ્ટાફના મિત્રો અને શ્રી કેતન ખરસાણી, અભિ ખરસાણીની દેખરેખમાં સરોવર સહિત હિમાલયની સુંદર રચના કરી. રાત્રી પર્યન્ત સેવા કરી સવારે ૪-૦૦ વાગ્યા સુધીમાં શ્રી નરનારાયણદેવની કોળીમાં સુંદર હિમાલયની રચના કરી તપ કરતા ભગવાન નીલકંઠ વર્ણી અને ભગવાન શિવજીનું સ્થાપન કર્યું. સવારે શૃંગાર આરતી સમયે દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા. બ્રહ્મચારી મહારાજે હિમાલયમાં તપ કરતા તપસ્વી ભગવાન શ્રી નરનારાયણ ઋષિને તપસ્વીના સુંદર વસ્ત્ર અને જટા ધારણ કરાવ્યા, જેના દર્શન કરીને ભક્તજનોના અંતરમાં બદ્રિકાશ્રમની સ્મૃતિ થઈ આવી. સતત ચાર દિવસ સુધી હિમાચ્છાદિત પર્વતમાળાના દર્શન થતા રહ્યા. વચ્ચે એકાદશીના પવિત્ર દિને પવિત્ર પ્રસાદીના સભા મંડપમાં સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પૂ. મહંત સ્વામીના સૂચનથી પૂ. શાસ્ત્રી

સ્વામી ભક્તિવલ્લભદાસજીએ સુંદર મહાપૂજાની વિધિ કરાવી હતી. ૧૦૦ જેટલા હરિભક્તોએ મહાપૂજામાં બેસીને ભાવથી ભગવાનનું પૂજન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મહાપૂજામાં વિરાજમાન થયા ત્યારે અલૌકિક દિવ્યતા સાથે આનંદનું વાતાવરણ છવાઈ ગયું ! જનમંગલ નામાવલી સાથે તુલસી પત્રથી ભગવાનનું પૂજન અને આરતી કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધરામણીએ પધાર્યા. મહાપૂજા વિધિ ૧૧-૩૦ કલાક સુધી ચાલી હતી. દરેક યજમાનો ખૂબ રાજી થયા હતા. આજ સમયે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી હવેલીમાં સમૂહ મહાપૂજાનું આયોજન થયુ હતું. સ્વા.સંસ્કૃત પાઠશાળાના પ્રાચાર્યશ્રી વાચસ્પતિ મિશ્રાજીએ સુંદર વિધિ કરાવી હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ (પડદામાં) સ્વયં મહાપૂજામાં વિરાજ્યા હતા. સમસ્ત સત્સંગી બહેનોએ ભાવથી મહાપૂજાનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

● ચૌદશના દિને ભગવાનની ક્રિકેટ મેચનું આયોજન કરાયુ. પૂ. સંતોના આસને પરંપરાથી પૂજાતા શ્રીહરિકૃષ્ણ મહારાજના વિવિધ સ્વરૂપોને શ્રી નરનારાયણદેવ સમક્ષ પધરાવવામાં આવ્યા.

વિશાળ ટેબલ ઉપર ક્રિકેટની પીચ તૈયાર કરવામાં આવી અને બે બાજુ સ્ટમ્પ - બેટ અને બોલ તથા ક્રિકેટરોના સ્થાને ભગવાન ! ! ! એક ટીમ સંતોના આસનેથી પધારેલ પરમાત્માના સ્વરૂપો જે રંગબેરંગી વસ્ત્ર ધારણ કરીને પધાર્યા હતા. બીજી ટીમ મંદિરમાં શ્રી નરનારાયણદેવની સાથે પૂજાતા ભગવત્ સ્વરૂપો જે ચંદનના વાઘા પહેરીને ક્રિકેટ ખેલાડી તરીકે પધાર્યા હતા. નાનકડા - બોલ સાથે નાના બેટ - આદિ સામગ્રી સાથે ક્રિકેટ મેચમાં દર્શન આપતા ભગવાનના દર્શન કરીને ભક્તજનો આશ્ચર્યમાં ગરકાવ થયા અને અતિ હરખથી ભગવાનને વંદન કરી પૂજન આરતીના દર્શન કરતા હરખાતા હતા.

છેલ્લી દીપાવલિ !

મંગલ પ્રભાતે મંદિરમાં આસોપાલવના તોરણો બંધાયા. ભગવત કથામાં દીપાવલિનું વચનામૃત વંચાયુ. ફુલ મંડળીએ ભાવથી પુષ્પની વિવિધ પુષ્પમાળા પરોવીને આનંદ વ્યકત કર્યો. સવારે ૯-૩૦ કલાકે ભગવાનના થાળ આવ્યા. ૯-૫૦ કલાકે થાળ પાછા વળ્યા અને પૂજારી સંતો અને બ્રહ્મચારીજીનું મંડળ તથા પૂ. મહંત સ્વામીનું સંત મંડળ તથા કોઠાર સ્ટાફના મિત્રો અન્નકૂટની રચનામાં લાગી ગયા. વર્ષોથી ઠાકોરજીના અન્નકૂટના ઓરડે સેવા કરતા બાપુનગરના સેવાભાવી હરિભક્તો સૌ સંતોના માર્ગદર્શન મુજબ-અન્નકૂટની સેવામાં લાગી ગયા. ૧૦-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા. પૂ.મહંત સ્વામીએ અધિક માસનું માહાત્મ્ય અને દીપાવલિનું મહત્વ અને શ્રી નરનારાયણદેવનું માહાત્મય અને અન્નકૂટ ઉત્સવના માહાત્મ્યનું સુંદર વર્ણન કર્યું. યજમાન પરિવારે શ્રધ્ધાભાવથી પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારીને રાજીપો મેળવ્યો હતો.

પ્રથમ રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી. ભક્તજનો દર્શન કરી રાજી થયા.

૧૦-૪૫ શ્રી નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ, ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને હવેલીમાં ઘનશ્યામ મહારાજ અને બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની અન્નકૂટ આરતી થઈ. શુદ્ધ ઘીથી મઘમઘતી વિવિધ વાનગી, પકવાન, વિવિધ વ્યંજન, શાક પાક આદિની સુંદર રચના આહાહા ! ! !

શ્રીહરિને છપ્પનભોગ મહાનૈવેદ્ય આરોગતા જોઈને-દર્શન કરીને ભક્તજનો ખૂબ રાજી થયા. સતત ૩-૦૦ કલાક સુધી અન્નકૂટ દર્શન થયા. ત્યાર બાદ ક્રમશઃ આરતી થઈ અને અન્નકૂટ થાળ પાછા આવ્યા. બીજા દિવસે શણગાર આરતી બાદ સૌને અન્નકૂટ પ્રસાદ વહેંચાયો. સૌ રાજી થયા ! અતિ ધામધુમથી અધિક માસનું સમાપન થયું.


વિવિધ ઉત્સવો ધામધુમથી ઉજવાયા. મોટા પ્રસંગોએ યજમાનશ્રીઓએ મોટી રકમ જમા કરાવીને યજમાન પદે રહીને શ્રી નરનારાયણદેવની સેવા કરી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. શ્રીરાજા ખૂબજ પ્રસન્ન અને રાજી થયા. અને પૂ. મહંત સ્વામી સર્વે સંત, હરિભક્તોએ દર્શન કરીને ખૂબ રાજી થયા.

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે ખૂબ મોટો મહા મહોત્સવ ઉજવ્યો ત્યારથી શ્રી નરનારાયણદેવના દરબારમાં ઉત્સવો અને મહોત્સવની પરંપરા ચાલી આવી છે.

ઉત્સવના આયોજનમાં પૂ. મહંત સ્વામીએ પોતાના શિષ્ય મંડળને ખૂબ રસ લઈને આયોજન કરવા સૂચન કર્યું. તેમાં સમયે-સમયે શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી રાજેશ્વરાનંદજી તથા તેમનું મંડળ અને રંગમહોલ ઘનશ્યામ મહારાજના પૂજારી સ્વામી શા. પરમેશ્વરદાસજી તથા બાલ ઘનશ્યામ મહારાજના પૂજારી વાસુદેવચરણદાસજી સ્વામીનો સાથ સહકાર પ્રાપ્ત થતો રહ્યો. મંદિરમાં સંત વર્ણી પાર્ષદોને મહત્વના પ્રસંગોએ સુંદર સ્વાદિષ્ટ રસોઈ અને કિંમતી ધોતી વસ્ત્ર ભેટ આપીને રાજી કર્યા.

કોઠારી સત્યપ્રકાશદાસજી સતત દોડતા રહ્યા. ઉપરાંત પાર્ષદ ભૂરા ભગતની સેવા પણ પ્રેરણારૂપ હતી. શ્રી નરનારાયણદેવના કોઠારમાં સેવા આપતા નિષ્ઠાવાન હરિભક્તોના પુત્રો જયેશ, વિનોદ, જશુભા, રાણા, અનિલ, મનોજ, રાકેશ, રાજુ ઉપરાંત કર્મચારી મિત્રો અને અસારવા ગુરુકુલના રમેશભાઈ, મગનભાઈ, ચંપકભાઈ આદિ સૌએ ખડે પગે સેવા કરીને ભગવાનશ્રી નરનારાયણદેવ તથા ધર્મકુળ પરિવારઅને સંત મંડળનો રાજીપો મેળવ્યો. દર્શનાર્થી ભક્તોએ ખૂબ લાભ પ્રાપ્ત કર્યો અને શ્રીનરનારાયણદેવ ઉત્સવ મંડળના ઉચ્છવીયા શ્રી ભરતભાઈ ચોકસી, નારણભાઈ અને ઉત્સવીયા હરિભક્તોએ પ્રતિદિન ભાવથી વાજીંત્રો સહિત ભગવાનના અલગ-અલગ ઉત્સવ પ્રસંગના કીર્તનો ગાઈને વાતાવરણને બ્રહ્મનાદથી રંગી દીધું. જેથી ભગવાન ખૂબ રાજી થયા. ચંદનના વાઘાની સુવાસ, મોગરાના પુષ્પમાળાની સુગંધ અને ભક્તોથી ઉપરાતું મંદિર ખરેખર એ દિવ્ય માહોલ હર હંમેશ યાદ રહેશે. અને આપણને સૌને વચનામૃત પ્ર.-૩ના અનુસંધાને ભગવત સ્વરૂપને સ્મૃતિ

??????????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ કઈ વાત છાની રાખવી ? તે શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્રશ્ન : ૨ "ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે ?" વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ? અને તેનો સાચો ઉત્તર કોને આપ્યો ?

પ્રશ્ન : ૩ શ્રીજી મહારાજ શેખપાટ પધાર્યા અને લાલજી ભક્તને કહ્યું અમારે કચ્છમાં જવું છે. આ વખતે તો રણવાટે ચાલતા જવું છે, પછી શ્રીજી મહારાજે લાલજી ભક્ત પ્રત્યે શું ઈચ્છા દર્શાવી ?

પ્રશ્ન : ૪ સુંદરજી સુથાર રાજાનું ખાડું લઈને આવતા શ્રીજી મહારાજે પરીક્ષા કરીને ક્યાં ગામમાં સાધુ બનાવ્યા ?

પ્રશ્ન : ૫ એક સમયે ગઢપુરથી શ્રીહરિનો પર્વતભાઈ ઉપર પત્ર આવવાથી ગઢપુર જવા રવાના થયા. ગામ બહાર નીકળ્યા ત્યાં તો માણસો બોલાવા આવ્યા ને કહે ચાલો તમારા દીકરાએ દેહ મૂકી દીધો છે. તેનું મૃત્યુ થયું છે. પર્વતભાઈએ પ્રત્યુતરમાં શું કહ્યું ?

પ્રશ્ન : ૬ દેશકાળાદિકના નામ જણાવો ?

પ્રશ્ન : ૭ "પ્યારા મુજને લાગી તારી મોહની,
રસિયાવર રે, તારું જોઈને રૂપ મુજને"
આ સુંદર કીર્તન ના રચયિતા કોણ છે ?

જુન-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) અભિજીત નક્ષત્ર. (૨) મખોડા ઘાટે. (૩) સંપૂર્ણ ભગવાનનો મહિમા નથી તથા સ્વભાવ ઉપર વાત કરનાર સાધુનો અવગુણ લે છે તેથી. (૪) "હે મહારાજ ! અમારા ગામમાં ક્યારેય યમદુતો પ્રવેશ ન કરે એવો વર આપો." (૫) ભગવાનનું બળ ન રાખે ને સાધનાનું બળ રાખે તેનો ત્યાગ કરવો. (૬) પરા ભક્તિ એટલે "પ્રભુમાં ગાઢ પ્રીતિ કરવી તે" અને "અપરાભક્તિ એટલે શ્રવણ કીર્તન કરવું તે." (૭) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર - હર્ષદ-બાપુનગર
(૨) ખીચડીયા રીન્કુ નારણભાઈ - બાપુનગર
(૩) કાછડીયા રાધિકા - બાપુનગર
(૪) બાવલભાઈ ડી. પટેલ તથા પિયુષ એચ. પટેલ કિશોરભાઈ વેકરીયા - વિરાટનગર
(૫) સાં.યો. ઉષાબા તથા સાં.યો. શીતલબા (સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર)
(૬) પટેલ ગંગાબેન ભક્તિભાઈ - ઝુલાસણ
(૭) પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ - રાણીપ
(૮) માધવજીભાઈ આદ્રેજા - મોરબી
(૯) વિણાબેન અને અરવિંદાબેન ભાવસાર (નવરંગપુરા, ચાંદલોડીયા)
(૧૦) લાલજી આર. ઠક્કર - વિરાટનગર
(૧૧) ભગવાનજીભાઈ વેલજીભાઈ સોની - મોરબી

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ મોકલવા.

સત્સંગ સમાચાર

શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન

ગ્રીષ્મઋતુમાં શ્રી ઠાકોરજીની સેવાના માહાત્મ્યે વૈશાખ સુદ-૩થી દ્વિતીય જેષ્ઠ સુદ-૧૪ સુધી અઢી માસ સુધી પ્રતિદિન શ્રી નરનારાયણદિક દેવોને તથા બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજને સુંદર ચંદનના વાઘા પૂજારી બ્રહ્મચારી મંડળે ખૂબ શ્રધ્ધાથી કરીને ભક્તજનોને દર્શનનો સુંદર લાભ અપાવ્યો હતો. વચ્ચે અધિક માસના ઉત્સવો ભારે ધામધુમથી ઉજવ્યા હતા જેની માહિતી લેખમાં આપેલ છે.

ચંદનના વાઘાના સમાપન સમયે તા. ૨૯-૬-૨૦૦૭ને દ્વિતીય જયેષ્ઠ સુદ-૧૪ના શુભ દિને જયેષ્ઠા નક્ષત્રમાં મંગલ પ્રભાતે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની ખૂબ જ શ્રધ્ધા-ભાવથી પવિત્ર અને સુંગધીદાર-કેસરના જળથી અભિષેક કરીને સૌ દર્શનાર્થી સંતો-હરિભક્તોને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો. અભિષેક-પૂજન-અર્ચન-આરતી બાદ શ્રી નરનારાયણાદિક દેવોને કિંમતી વસ્ત્ર અલંકાર અને મહા થાળ અર્પણ કરવામાં આવ્યા હતા.

યજમાન પરિવારે અભિષેક બાદ બેઠકમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. વિશાળ સંખ્યામાં પધારેલા હરિભક્તો ઠાકોરજીના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(કોઠારી સત્યપ્રકાશદાસજી)

કર્મશક્તિ મંદિરનો ૮ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા હરિભક્તોના સાથ સહકારથી અત્રે કર્મ શક્તિ મંદિરનો ૮મો પાટોત્સવ તા. ૫-૬-૦૭ના રોજ ધામધુમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રી સપ્તાહ પારાયણ પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વકતાપદે સંપન્ન થઈ હતી. તદ્પરાંત મહાપૂજા, અન્નકૂટ અને પોથીયાત્રા, સાંસ્કૃતિક પોગ્રામ થયા હતા. કથા પારાયણમાં શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા, શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ, ગાદીઅભિષેક વગેરે ઉત્સવો ધામધુમથી ઉજવાયા હતા.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને સૌને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. ધામોધામના સંતો અમદાવાદ, કાંકરિયા, મથુરા, બાપુનગર અને કોટેશ્વરથી પધાર્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદમાં જણાવ્યું કે અમુક સંતો શ્રીજી મહારાજના સર્વોપરિપણાના ઓથારે સ્વયં શ્રીજી મહારાજે સ્થાપેલા શ્રી નરનારાયણદેવ તેમજ શ્રી લક્ષ્મીનારાયણદેવનું ગૌણપણું રાખીને તથા પોતાના ત્યાગ વૈરાગ્યનું પ્રધાનપણું દર્શાવીને કેટલાય હરિભક્તોને ભ્રમિત કરીને ગેરમાર્ગે દોરે છે. વ્યક્તિ પૂજામાં જોડે છે તેવા સંતોથી ખાસ ચેતવા જેવું છે. આપણને મહારાજ નરનારાયણદેવ સ્વરૂપે મળ્યા છે. તે હેતુથી ગ.પ્ર.પ્ર. ૪૮નું વિવેચન કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવનો વિશેષ મહિમા સમજાવ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે શ્રીહરિ મંદિરોમાં પ્રતિષ્ઠા કરવા પધારતા ત્યારે પોતાના હાથમાં રહેલી સોટી પથ્થર કે કાષ્ટના પુતળાઓને અડાડીને તે પુતળાઓને સજીવ કરીને નચાવતા હતા. ભગવાનના સંબંધ વિનાના દરેક મનુષ્યો નિર્જીવ પુતળા સમાન છે. જેને જેને શ્રીહરિની સોટી અડી છે. જેના જીવનમાં ભગવાનનો સંબંધ છે તેવા મનુષ્યો સજીવન પુતળા સમાન છે. જેના જીવનમાં ભગવાન કેન્દ્ર સ્થાને છે તેવા મનુષ્યો સાચા અર્થમાં જીવન જીવે છે. માટે ભગવાન સાથે જોડાવું. પરંતુ કળિયુગના કલુષિત વાયરામાં આવીને કોઈ વ્યક્તિમાં જોડાવું નહીં.

પારાયણના મુખ્ય યજમાન પદે પ.ભ. દિનેશભાઈ દુર્લભભાઈ સાવલીયા તેમજ અન્ય ઘણા ભાવિક ભક્તોએ સેવામાં લાભ લીધો હતો. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી મંડળે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સુંદર યોગદાન આપ્યું હતું.

(ગોરધનભાઈ સીતાપરા)

જેતલપુરધામમાં અધિક માસનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ તીર્થધામ જેતલપુરમાં સંકલ્પ કર્તા શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની શુભ પ્રેરણાથી અને મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અધિક માસમાં આવતા ઉત્સવો અત્રે ધામધુમથી ઉજવાયા હતા. જે પૈકી જેઠ વદ-૮ના રોજ ઠાકોરજીનો પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં તા. ૭-૬-૨૦૦૭ના રોજ વિષ્ણુયાગ અને હોમાત્મક મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૨૧ યજમાન હરિભક્તોએ દિવ્ય લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. તા. ૮-૬-૨૦૦૭ના પ્રાતઃ ૬-૩૦ કલાકે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો હતો. જેના દર્શન હજારો ભાવિક ભક્તોએ કર્યા હતા. આ પ્રસંગે ઠાકોરજીની શણગાર અને અન્નકૂટની આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. કાશીભાઈ ચતુરભાઈ અને ગં.સ્વ. ગંગાબેન કાશીભાઈ પરિવારના પ.ભ. મહેશભાઈ કાશીભાઈ, શ્રી વિપુલ મહેશભાઈ, શ્રી કૌશલ મહેશભાઈ અને ચિ. માનવ અને ચિ. ભવ્ય આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ રવાપર (કચ્છ) સત્સંગ સમાજ તરફથી શ્રી સ્વામિનારાયણ

મ્યુઝિયમ નિર્માણમાં રૂા. ૫,૫૫,૫૫૫-૦૦ પ.પૂ. મોટા મહારાજશ્રીને રવાપરના હરિભક્તોએ અર્પણ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. પી.પી. સ્વામીએ સભા સંચાલનમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃતિ અને નિર્માણ કાર્યની આછી ઝલક સૌને સમજાવી હતી. છેલ્લે શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા. ખરેખર આજનો દિન ભવ્ય અને દિવ્ય હતો.

(શા. ભક્તિનંદનદાસ)

કાંકરિયામાં શ્રીમદ્ સત્સંગિજીવનની સપ્તાહ કથા-પારાયણ

પવિત્ર અધિકમાસમાં પવિત્ર કાંકરિયા મંદિરમાં મહંત શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મથુરા મહંત શા. આનંદપ્રસાદદાસજીના અથાક પરિશ્રમથી સુંદર રાત્રી પારાયણનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં સુંદર કથામૃતનું રસપાન કરાવીને સૌને રાજી કર્યા હતા. સભા સંચાલન યજ્ઞપ્રકાશ સ્વામીએ સંભાળ્યું હતું. વિવિધ યજમાન પરિવારે પ્રતિદિન અલ્પાહાર-ફરાળ અને વિવિધ સેવામાં લાભ લીધો હતો. કથાના પ્રારંભે પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમાપન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને દર્શન-આશીર્વાદ આપીને કૃતાર્થ થયા હતા. તા. ૧૩ જૂનના માૃતિયજ્ઞનું સુંદર આયોજન કર્યું હતું. ઘણા ભક્તજનોએ યજમાન પદે લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે શ્રીફળ હોમીને સૌને આશીર્વાદ આપ્યા હતા. તા. ૧૨-૬-૦૭ ઉનાવા મંદિરમાં મહોત્સવ પ્રસંગે સેવા કરનાર સ્વયં સેવકોનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. *(ગૌરાંગ પટેલ)*

ધરિયાવદ (રાજસ્થાન)
શ્રી સ્વામિનારાયણમંદિર

અત્રે ધરિયાવદ પાસેના મ્યાલા ગામે (જી. ડુંગરપુર) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તા. ૨૦-૫-૦૭ થી તા. ૨૬-૫-૦૭ પર્યન્ત મહંત સ્વામી વાસુદેવચરણદાસજીના વક્તા પદે થઈ હતી. જેના યજમાન અત્રેના સરપંચ શ્રીનારાયણ લાલજી મીણા તથા સહ યજમાન પ્રકાશજી આહીરી રહ્યા હતા. આ પ્રસંગે કથાનો લાભ આજુબાજુના ભક્તજનોએ લીધો હતો. શ્રી શંભુજી ચૌહાણ અને પરબતસિંહજીની સેવા પ્રસંશનીય હતી. સાધુ સુખનંદનદાસ અને ગણપત ભગતઅને હાર્દિક ભગતની સેવા નોંધપાત્ર હતી. ઘણા નવા આશ્રિતો પણ થયા હતા. *(કરણ ભગત)*

ઘાટલોડિયાશ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અધિક જેઠ માસમાં રાત્રી સત્સંગ સભા રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ રાખવામાં આવેલ. જેમાં અમદાવાદ મંદિરથી કો. સત્યપ્રકાશ સ્વામી, વિશ્વવલ્લભ સ્વામી, ભક્તિવલ્લભ સ્વામી, જમીયતપુરાથી પૂ. ઘનશ્યામ સ્વામી, કલોલથી શા. પ્રેમસ્વરૂપ સ્વામી, જયદેવપુરાથી કૃષ્ણસ્વરૂપ સ્વામી વગેરે સંતોએ કથાનો લાભ આપેલ.

ઘાટલોડિયા વિસ્તારમાં દર રવિવારે રાત્રે ૯ થી ૧૦-૩૦ હરિભક્તોના ઘરે સત્સંગ સભાનું સુંદર આયોજન કરી કીર્તન-ભક્તિ કથાવાર્તા અને જનમંગલ પાઠ અને નિત્ય નિયમ કરવામાં આવે છે. પ્રથમ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા. સભાનું સંચાલન પ્રો. શનાભાઈ પટેલ સાહેબ સંભાળે છે.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા દર શનિવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ રાખવામાં આવે છે. જેમાં ૨૫-૩૦ યુવાનો સત્સંગ સભામાં લાભ લે છે. સંચાલન શ્રી દિનેશભાઈ એમ. પટેલ સુંદર રીતે સંભાળે છે. જેનાથી યુવાનો ખૂબજ પ્રોત્સાહિત થાય છે. દર રવિવારે સવારે ૮ થી ૧૦ બાળકો માટે બાળસભાનું આયોજન ખરેખર પ્રસંશનીય અને પ્રેરણારૂપ છે. જેમાં કીર્તન-પ્રશ્નોતરી આરતી આદિ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો અને મૂળ સંપ્રદાયની પરંપરા બાળકોને સમજાવાય છે. બાળકો પ્રોત્સાહિત થાય તે માટે પ્રસાદ અને સ્ટેશનરીની વસ્તુઓ ભેટ આપવામાં આવે છે. બાળકો માટે ધાર્મિક પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેનું સંચાલન પટેલ પ્રહલાદભાઈ ટી. તથા બાબુભાઈ એચ. પટેલ સુંદર રીતે સંભાળે છે.

અધિક માસની પૂર્ણાહુતિ પ્રસંગે સવારે ૫ થી ૧૧ મહા મંત્ર ધૂનમાં ૩૦૦ હરિભક્તોએ શ્રીહરિ સ્મરણ કરીને છેલ્લે દરેક ભક્તોને પ્રભુદાસભાઈ પટેલ (સોજા) તથા ગીરધરભાઈ પટેલ (ભાણપુર વાળા) તરફથી પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ધૂનનું સંચાલન કાંતિભાઈ પટેલે કર્યું હતું. *(પ્રવિણભાઈ ટી. પટેલ)*

સાણંદમાં કથા પારાયણ

શ્રી નરનારાયણદેવ તાબાના આપણા સાણંદ મંદિરમાં સર્વ સત્સંગી હરિભક્તોની લાગણીને ધ્યાનમાં રાખીને પવિત્ર અધિક માસમાં શ્રીમદ્ સત્સંગિજીવનની કથા તા. ૧૩ થી તા. ૧૫ જૂનના પ્રતિદિન રાત્રી કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ પોતાની વિદ્વતાપૂર્ણ સુમધુર શૈલીમાં લાભ આપીને સૌ સત્સંગી હરિભક્તોને રાજી કર્યા હતા.

(પાર્ષદ ભૂરા ભગત)

એપ્રોચ (બાપુનગર) મંદિર ષડક્ષરી મહામંત્રની ધૂન્ય

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ તથા અત્રે મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની અંતર્ધાન તિથિ નિમિત્તે ૫ કલાકની અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. *(ગોરધનભાઈ સીતાપરા)*

ભાવનગરપુરા (પ્રતાપપુરા) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી (વે.વ્યા.આ.)ની દિવ્ય પ્રેરણાથી અત્રે ભાવનગરપુરા હરિ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હનુમાનજી મહારાજ, શ્રી ગણપતિ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા ચૈત્ર સુદ-૧૨ તા. ૩૦-૩-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્

હસ્તે ધામધુમથી સંપન્ન થઈ.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (પ્રભા હનુમાનજી-જમીયતપુરા)ના વક્તાપદે થઈ હતી. યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સેવામાં પૂ. શાસ્ત્રી સ્વામીના શિષ્યો સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, સાધુ નારાયણપ્રસાદદાસ, સાધુ વિજયપ્રકાશદાસ અને ગામ સમસ્ત હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી. જમીયતપુરાથી સાધુ પૂર્ણપ્રકાશદાસ અને શા. ભક્તિકેશવદાસે સારી સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી ભાવનગરપુરા)

હર્ષદ કોલોની (બહેનોનું) મંદિર
સ્વામિનારાયણ મહામંત્રની ધૂન

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના પૂજારી ગં.સ્વ. રળિયાતબાની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ તા. ૨૫-૬-૦૭ના રોજ શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે બહેનોએ બપોરના ૧ થી સાંજના ૬ કલાક સુધી અખંડ ૫ કલાક "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન કરી હતી. જેનો બહેનોએ મોટી સંખ્યમાં લાભ લઈ ધન્ય ભાગી બન્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ નરોડા

અમદાવાદના આદિશ્વર નગરશ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નરોડાના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી અધિક જેઠ વદ-૨ થી અધિક જેઠ વદ-૯ સુધી રાત્રીના ૯ થી ૧૧ દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણશ્રી અરવિંદભાઈ શાસ્ત્રીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે આપણા દરેક શ્રધ્ધાળુ પ્રેમી હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો. સર્વોપરિ શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તો અત્રે નિયમિત મંદિરનો લાભ લે છે. આ પ્રસંગે શ્રી કાંતિકાકા અને શ્રી ભગવાનભાઈ પટેલની સેવા પ્રેરણારૂપ હતી.

(ઠાકરસીભાઈ ચાવડા)

હરિપુરા (ઈડરદેશ)માં
નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ તથા સ.ગુ. સ્વામી ભક્તિપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સંત-હરિભક્તોના સાથ સહકારથી સંપ્રદાયમાં સાવ નવાજ હરિપુરા (ખાસ્કી) ગામે નૂતન હરિ મંદિરનું ભવ્ય નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨-૬-૦૭ થી તા. ૪-૬-૦૭ પર્યન્ત ત્રિદિનાત્મક દશમ સ્કંધ પારાયણ, યજ્ઞ અને મહાપૂજા વેદ વિધિસર સંપન્ન થઈ. કથાના વક્તાપદે શા.સ્વા. હરિજીવનદાસજી અને શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. તા. ૪-૬-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ઉમળકા ભર્યું સામૈયુ કરી વ્હાલા પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે વેદ વિધિસર કરી હતી. ત્યાર બાદ યજ્ઞ, મહાપૂજા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં સેવા કરનાર સંતોને અને યજમાન હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગમાં અમદાવાદ, ઈડર અને હિંમતનગરના સંતોએ અગાઉ પધારીને ભક્તિ સ્વામી સાથે વિવિધ સેવામાં ખડે પગે રહ્યા હતાં. સત્સંગના એક નવા ગામમાં આવું સુંદર મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી પ્રતિષ્ઠાપિત થતા શ્રી નરનારાયણદેવના ઘણા નવા આશ્રિતો થયા છે. તેમના માટે કલ્યાણ સહેજે થયું. ભક્તિ સ્વામીની આવી સેવા પ્રેરણા લેવા જેવી છે.

(વિપુલ ભગત)

ઊંઝામાં ભાગવત પારાયણ

શ્રીહરિના પ્રસાદીભૂત ઊંઝા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી અ.નિ. પ.ભ. પટેલ મુળચંદદાસભાઈ ભાઈચંદદાસ ગોદડ તથા અ.નિ. શીવીબેન મુલચંદદાસ ગોદડના સ્મરણાર્થે તેમના સુપુત્રી અ.સૌ. હેમીબેન લક્ષ્મણભાઈ નુંગરાના સંકલ્પથી અધિક જેઠ સુદ-૧૫ તા. ૧-૬-૦૭ થી તા. ૭-૬-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ ઊંઝાના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી યોજવામાં આવેલ.

"પારાયણના વક્તાપદે સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) (પી.પી. સ્વામી)એ વ્યાસાસને બિરાજી સુમધુર શૈલીમાં સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. હજારો ભક્તજનોએ કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણીવિવાહ વગેરે પ્રસંગો ધામધુમથી ઉજવ્યા હતા.

તા. ૫-૬-૦૭ રાત્રે "મા-બાપને ભૂલશો નહીં." કાર્યક્રમ સુંદર રીતે યોજવામાં આવેલ.

આ પ્રસંગે તા. ૭-૬-૦૭ના અમદાવાદ થી આપણા પ્રાણ પ્યારા વિશ્વ વંદનીય પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રામાં અલૌકિક દર્શન કરી ભક્તજનો આનંદ વિભોર થયા હતા. ત્યાંથી સીધા મંદિરમાં પધારીને ઠાકોરજીની આરતી ઉતારીને કથા મંડપમાં પધાર્યા હતા. જ્યાં યજમાન પરિવારોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરીને મહા અલૌકિક લાભ લીધો હતો. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને સૌ સંત-હરિભક્તો ઉપર પ્રસન્ન થયા હતા.

(પટેલ મહેન્દ્રકુમાર એલ.)

ઉવારસદ ગામે ભાગવત પારાયણ

ઉવારસદ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શાસ્ત્રી સ્વામી છપૈયાપ્રસાદદાસજીની પ્રેરણાથી અ.નિ.પ.ભ. ભૂલાભાઈ ભગવાનદાસ પટેલના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી કેશવલાલ ભૂલાભાઈ પટેલ તરફથી શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન કર્યું હતું. જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર કથામૃત પાન કરાવેલ.

તા. ૧૩-૫-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને બન્ને મંદિરમાં આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં યજમાન પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી - ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક સભામાં શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, (વડનગર) મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) અને નાના પી.પી. સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસજીએ કર્યું હતું.

(હાર્દિક ભગત)

બાલવા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે બાલવામાં નાના બાળકોને આપણા મૂળ સંપ્રદાયના સિદ્ધાંત-સમજણ અને જ્ઞાન મળે તે હેતુથી શ્રી બાલ ઘનશ્યામ સંસ્કાર મંડળ છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે. તેમાં વિશેષ જાગૃતિ માટે દર વર્ષે આપણા મંદિરોનો ધર્મપ્રવાસ યોજવામાં આવે છે. આ વરસે પવિત્ર અધિક માસમાં પવિત્ર યાત્રા ધામ શામળાજી, ટોરડા, ઈડર, સાપાવાડા અને પ્રાંતીજના મહા મંદિરોમાં દેવોના દર્શન કરીને બાળકોને ખૂબજ આનંદ થયો હતો. આ સિવાય પ્રભાત ફેરી, દર રવિવારે બાળ સભા, ધાર્મિક પરીક્ષા અને ઓચ્છવ વગેરે થાય છે. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની કૃપાથી બધું સરળ અને સહજ રીતે થાય છે. અધિક માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન રાખવામાં આવેલ. જેમાં ઘણા જ ભક્તો ધૂનમાં જોડાયા હતા. *(જે. જે. ચૌધરી)*

ધમાસણા મંદિરમાં અધિક માસમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

અત્રે ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગામ સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી પ્રથમ જેઠ સુદ-૧ થી જેઠવદ અમાસ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજવાળા)ના વક્તાપદે સુંદર રીતે થઈ હતી. ચાલુ વર્ષે ધો.-૧૦ અને ૧૨ માં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓનું અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી (મથુરાવાળા)ની સ્મૃતિમાં સન્માન કરવામાં આવેલ.

તા. ૧૩-૬-૦૭ થી તા. ૧૭-૬-૦૭ પર્યન્ત બહેનોના મંદિરમાં ભાગવત કથા સાંખ્યયોગી કમળાબા (બાઈઓના મંદિર) તરફથી યોજવામાં આવેલ. સાંખ્યયોગી ગંગાબા (ભગત)એ સુંદર ભાવવાહી શૈલીમાં કથા કરી હતી. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી એ પધારીને રૂડા આશીર્વાદ આપેલ. *(સ્વામી જયપ્રકાશદાસજી, જે.પી. સ્વામી)*

વસઈ (ડાભલા)મંદિરમાં અધિક પુરૂષોત્તમ માસમાં રાત્રી કથા

શ્રીહરિના અલૌકિક ચરણોથી અંકિત વસઈ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક પુરુષોત્તમ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મંદિરના પૂજારી જીતુ ભગતે સતત એક માસ રાત્રે ૯ થી ૧૦-૩૦ સુધી સત્સંગ સભામાં સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રોની કથા કરીને ગામના ભક્તજનોને અનેરો લાભ આપ્યો હતો. સદાચાર રૂપી ધર્મના જ્ઞાન સાથે નિર્વ્યસની બનવા પર ખાસ ભાર મૂકીને સૌને સમજાવતા હતા. બહેનોના મંદિરમાં પણ એક માસ સુધી કથા-વાર્તા કીર્તન ભક્તિ કરવામાં આવેલ. *(રજનીભાઈ ભાવસાર)*

ઝીલવાણા ગુરુકુળ

અત્રે બનાસકાંઠામાં આવેલ આપણા શ્રી સહજાનંદ ગુરુકુળનું આ વર્ષે ધો. ૧૦ નું પરિણામ પૂજય બ્ર.ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજી અને છપૈયા મહંત સ્વામી વાસુદેવાનંદજીની પ્રેરણા અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને કૃપાથી ૯૨.૫૦ ટકા આવ્યું છે. *(આચાર્યશ્રી સહજાનંદ હાઈસ્કુલ)*

સાણંદમાં જનમંગલ કથા

સર્વોપરિ શ્રીહરિની પ્રસન્નાર્થે અને અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના સાં.યો. બચીબાની પ્રેરણાથી સાણંદ મંદિરમાં તા. ૨૧-૫-૦૭ થી તા. ૨૭-૫-૦૭ પર્યન્ત જનમંગલ કથા જેતલપુર (હવેલી) સાં. નર્મદાબાના વક્તાપદે થઈ હતી.

કથાના પ્રથમ દિવસે અમદાવાદથી પરમ પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. સાણંદના સત્સંગી બહેનોએ પ.પૂ. ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપીને શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં રહેવા ખાસ અનુરોધ કર્યો હતો. આવા દિવ્ય વચનોને સૌ બહેનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. *(સાણંદ સમસ્ત મહિલા મંડળ)*

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (જેતલપુર અક્ષર મહોલ વાડી) ચાલુ વર્ષે લેવાયેલ પરીક્ષાનું પરિણામ

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત અને વર્તમાન આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટનાં આર્થિક સહયોગથી જેતલપુર મંદિરનાં મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તેમજ મોટા પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ સંચાલક શા.સ્વા. હરિઊઁપ્રકાશદાસજી એવં અધ્યાપકોના સહિયારા પુરુષાર્થથી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરનું ઈ.સ. ૨૦૦૬-૦૭ ની પરીક્ષાનું પરિણામ નીચે મુજબ આવેલ છે. ઉત્તિર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને પૂજ્ય મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી શુભાશિષ સહ અભિનંદન પાઠવે છે.

કક્ષા-૮ (પ્રથમા-૧) પરિણામ ૭૫.૬૮%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી - ચિરાગ પાંડે ૭૮.૧૪%.

કક્ષા-૯ (પ્રથમા-૨) પરિણામ ૮૧.૮૧%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી - સુશાંત ચૌબીસા ૭૪.૫૭%.

કક્ષા-૧૦ (એસ.એસ.સી.) પરિણામ ૮૫.૮૧%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી સ્વામી ભક્તિકિશોરદાસ ગુરુ સ્વામી હરિઊઁપ્રકાશદાસજી જુનાગઢ ૭૩.૮૬%.

કક્ષા-૧૧ (મધ્યમા-૧) પરિણામ ૧૦૦%, પ્રથમ નંબરે ઉર્તિણ સ્વામી જયકૃષ્ણદાસજી ગુ. શા. હરિકૃષ્ણદાસજી અમદાવાદ ૮૫.૪૨% (પાઠશાળામાં પ્રથમ).

કક્ષા-૧૨ (એચ.એસ.સી.) પરિણામ ૯૧.૬૬%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી શ્યામ ભગત ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી વડતાલ ૭૧.૬૯%.

કક્ષા-એફ.વાય.બી.એ. (શા.-૧) પરિણામ ૯૦%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી સાધુ હરિવલ્લભદાસ ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજી મહેસાણા ૫૮.૮૧%

કક્ષા-એસ.વાય.બી.એ. (શા.-૨) પરિણામ ૮૦%, પ્રથમ નંબરે ઉર્તિણ વિદ્યાર્થી દાસ સુમન્તકુમારદાસ વૃન્દાવન ૬૬.૨૮%

કક્ષા-ટી.વાય.બી.એ. (શા.-૩) પરિણામ ૧૦૦%, પ્રથમ નંબરે ઉર્તિણ તુષાર પ્રફુલભાઈ લહેરુ મોરબી ૬૮.૪૨%

કક્ષા-એમ.એ.૧ (આચાર્ય-૧) પરિણામ ૧૦૦%, પ્રથમ નંબરે ઉર્તિણ સાધુ હરિકૃષ્ણદાસ ગુ. શા. પ્રેમસ્વરૂપદાસજી ૫૫%.

કક્ષા-એમ.એ.૨ (આચાર્ય-૨) પરિણામ ૧૦૦%, પ્રથમ નંબરે ઉર્તિણ સાધુ ભક્તિકિશોરદાસ ગુ. શા. ધર્મપ્રસાદદાસજી વડતાલ ૬૦%.

અધિક માસમાં
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય પ્રાંગણમાં રાત્રી કથા પારાયણ

પ.પૂ. મોટા મહારાજશ્રીના અલૌકિક સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય પ્રાંગણમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પવિત્ર અધિક માસમાં તા. ૭-૬-૨૦૦૭ થી તા. ૧૫-૬-૦૭ પર્યન્ત રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા પારાયણ સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. કથાના પ્રારંભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. કથા દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એમ સમસ્ત ધર્મકુળે પધારીને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં કથાનો લાભ લીધો હતો. ધામોધામના વિદ્વાન સંતોએ પધારીને અમૂલ્ય વાણીનો લાભ આપેલ. પારાયણની અન્ય સેવામાં સ્વામી રામકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, પૂજારી સ્વયં પ્રકાશદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા) તથા કેશવ ભગત આદિ સૌની સેવા પ્રશંસનીય હતી. પારાયણના મુખ્ય યજમાન પદે શ્રી ઘનશ્યામભાઈ ભગવાનદાસ પટેલ (કરજીસણ) તથા સહ યજમાન શ્રી જયંતીભાઈ સાંકળચંદ પટેલ (વિહાર) રહ્યા હતા. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં ઘણા ભક્તોએ પોતાની સેવા લખાવી હતી. સભા સંચાલન શ્રી ઘનશ્યામભાઈ પટેલે (ઉવારસદ) કર્યું હતું. *(સાધુ પ્રિયદર્શન)*

મારૂસણા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ મૂર્ધન્ય પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી તથા અનિ. સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજીના સમસ્ત મંડળના સંતોની પ્રેરણાથી અને મારૂસણા ગામ સમસ્ત તરફથી જેઠ સુદ-૨ના શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી ખૂબજ આગ્રહ ભર્યા આમંત્રણથી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સૌ ભક્તજનોને દિવ્ય લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં ગામના ધર્મકુળ પ્રેમી હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય નિર્માણમાં ખૂબજ સુંદર યોગદાન આપીને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. સંતોના ખૂબજ મનનીય પ્રવચન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ આર્શીવચનમાં જણાવ્યું કે આ ગામે અમને સામેથી બોલાવીને જે ભાવના સાથે મ્યુઝિયમમાં સેવા આપી છે તેથી અમો આપ સૌ પર ખૂબજ રાજી થયા છીએ અને શ્રી નરનારાયણદેવ આપ સૌ ઉપર રાજી રહે તેવી પ્રાર્થના છે. સમગ્ર પ્રસંગમાં મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી (ટોરડા) શા.સ્વા. રઘુવીરચરણદાસજી (શોકલી) મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર) અને પૂજારી પરમેશ્વર સ્વામી પ્રેરણારૂપ રહ્યા હતા.

(શા. આનંદજીવનદાસ)

કૃષ્ણનગર કટોસણ

અત્રે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિરની પુનઃ પ્રતિષ્ઠા તા. ૧૭-૬-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થઈ. આ પ્રસંગે ગામ સમસ્ત તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સેવા અર્પણ વિધિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી હરિભક્તોના પ્રેમ ભર્યા આગ્રહને વશ થઈ પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં ગામના સમસ્ત હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં સંતોએ હરિભક્તોની સેવા ભાવનાને બિરદાવી હતી. છેલ્લે સમસ્ત **સભાને આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે નાના ગામમાં આવો પ્રસંગ ભાવના યુક્ત છે. તેથી અમને ખૂબજ આનંદ થયો છે. આપ સૌ શ્રી નરનારાયણદેવના છો. તેથી કોઈ મોટી સમજણ નથી. આવી નિષ્ઠા સદાય રહે તેવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના છે. પ.પૂ.મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે પૈસા કરતા ભાવના અને પ્રેમ ખૂબ જ મહત્વ ધરાવે છે. આપ સૌની સેવાથી અમો ખૂબજ રાજી થયા છીએ. શ્રીજી મહારાજ આપ સૌને ખૂબજ સુખીયા કરે તેવી પ્રાર્થના છે.** સમગ્ર કાર્યક્રમમાં પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી તથા ટોરડા, ઈડરના મહંત સ્વામી અને આદિ સંતો સેવામાં પ્રેરણારૂપ હતા.

(સાધુ સત્યસંકલ્પદાસ, ઈડર)

કાલીયાણા

અત્રેના ગામ કાલિયાણના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક જેઠ વદ-૧૧ને સોમવાર કમલા એકાદશીના દિવસે સવારના ૭-૩૦ થી સાંજના ૭-૩૦ સુધી ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહા મહામંત્ર ધૂન્ય સત્સંગીઓના સહકારથી યોજવામાં આવી હતી. *(કોઠારીશ્રી)*

પ્રાંતિજમાં મૂર્તિ પ્રતિષ્ઠા તથા પાટોત્સવ

પ્રાંતિજ બાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા જેઠ સુદ-૨ના દિવસે ૧૨૦ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને તથા ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વેદ વિધિસર કર્યો હતો. ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન અ.નિ. દિપલભાઈ કિશોરભાઈ શાહ પરિવારના કિશોરભાઈ શાહ રહ્યા હતા. સમગ્ર ઉત્સવના યજમાનશ્રી હસમુખભાઈ કચરાભાઈ ભાવસાર પરિવાર તથા ઉત્સવના નાનામોટા યજમાનોને પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મંદિરના ટ્રસ્ટીઓ [illegible] પૂ. મહારાજશ્રીનું પૂજન-આરતી કરી હતી. ધામોધામથી પધારેલા સંતોએ તથા પ્રાંતિજ મહંતશ્રીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. છેલ્લે પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(કોઠારી હરિભાઈ)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

જીરાગટના (મુંબઈ વિર્લે-પાર્લે) હરિભક્તને ત્યાં કથા પારાયણ

હાલ મુંબઈ વિર્લે પાર્લે વરસોથી ધંધાર્થે સ્થાયી થયેલા અનિ. પ.ભ. રામજીભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ પરિવારના ગં.સ્વ. કૌશલ્યાબેન રામજીભાઈ ચૌહાણ તથા સુપુત્રો શ્રી રાજુભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી રમેશભાઈ અને શ્રી મહેશભાઈ તથા હિતાર્થકુમાર તરફથી પ.ભ. રામજીભાઈના સ્મરણાર્થે તા. ૧૦-૪-૦૭ થી તા. ૧૬-૪-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરેલ. સૌ પરિવારના આગ્રહ ભર્યા આમંત્રણથી તા. ૧૪-૪-૦૭ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી અને તા. ૧૬-૪-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સૌ પરિવારજનોએ ધર્મવંશીનું પૂજન-અર્ચન આરતી ઉતારી દિવ્ય લાભ લીધો હતો. શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ રામજીભાઈના પરિવાર ઉપર અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. તેજ રીતે બહેનો ઉપર પ.પૂ. ગાદીવાળાશ્રીએ પ્રસન્ન અને અતિ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે મૂળીથી મહંત સ્વામી જ્ઞાનવલ્લભદાસજી, શા.સ્વામી નારાયણપ્રસાદદાસજી, સાપાવાડા મહંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, સ્વા. પ્રાણ જીવનદાસજી અને શા.સ્વામી ગોવિંદપ્રસાદદાસજીએ ઉપસ્થિત રહીને કથા-વાર્તાનો સુંદર લાભ આપેલ.

(મહંત સ્વામી, મૂળી)

સુરેન્દ્રનગર મંદિરમાં અધિક માસમાં ઉજવાયેલ ઉત્સવો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અને હરિભક્તોના સાથ સહકારથી અધિક પુરુષોત્તમ માસમાં વર્ષ દરમ્યાન આવતા આપણા વિવિધ ઉત્સવો આપણા મંદિરમાં ઠાકોરજી સમક્ષ ખૂબજ સુંદર અને ભવ્યતાથી શ્રધ્ધા ભક્તિ પૂર્વક પૂજારી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી અને ભક્તિ સ્વરૂપદાસજીએ દર્શન કરાવેલ. આખા માસ દરમ્યાન શા. સુવ્રત સ્વામીએ શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની સુંદર કથા કરીને હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો હતો. શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબ સુંદર સેવા બજાવી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

લીંબડી તપોવન મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પવિત્ર અધિક પુરૂષોત્તમ માસમાં (શ્રીરાધાકૃષ્ણદેવ મૂળી તાબાના) અત્રે મંદિરમાં સંપ્રદાયના માન્ય શાસ્ત્રોની કથા સાધુ ભક્તવત્સલદાસે કરી હતી. હરિભક્તોએ સમૂહ મહાપૂજા, સમૂહ આરતી કરી હતી. *(સાધુ વંદનપ્રકાશદાસ)*

વિદેશ સત્સંગ સમાચાર

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

બુવી મેરીલેન્ડમાં ૧૨ મે ના શનિવારે સાંજના ૩ કલાક ઠાકોરજી સમક્ષ કથા-વાર્તા ભજન-કીર્તન અને ૨૭૩ વચનામૃતનું અમૃતપાન અને નિત્ય નિયમ થાળ-આરતી હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં સત્સંગ સભાનો લાભ લીધો હતો. પરમ પૂજ્ય બન્ને આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અહીં સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(કનુભાઈ પટેલ)

ડિટ્રોઇટ શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O.. U.S.A.)

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી ડિટ્રોઈટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સુંદર ઉત્સવ સમૈયા થાય છે. પવિત્ર પુરૂષોત્તમમાસ (અધિક માસ)માં ત્રણ દિવસની જૂન-૧ થી જૂન-૩ સુધી શ્રી ઘનશ્યામ બાલ ચરિત્ર કથાનું સુંદર ભવ્ય આયોજન કરવામાં આવ્યું. વક્તાપદે શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજીએ વ્યાસાસને બિરાજમાન થઈ કથામૃતનું પાન કરાવી હરિભક્તોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. ડિટ્રોઈટ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજીએ શ્રીહરિ અને ધર્મકુળ માહાત્મ્ય વિષે સુંદર પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે બોસ્ટનથી હરિપ્રકાશ સ્વામી અને ફલોરિડાથી યોગીસ્વામી પધાર્યા હતા. ઘણા હરિભક્તોએ યજમાનપદે રહી કથાનો લાભ લીધો હતો. કથા શ્રવણ કરવા માટે દૂરદૂરથી ઘણા હરિભક્તો આવ્યા હતા. કથાના મુખ્ય યજમાનપદે કાંતિભાઈ પટેલે લાભ લીધો હતો. હરિભક્તોએ ત્રણે દિવસ પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. *(ડૉ. અરવિંદભાઈ પટેલ, પ્રેસિડેન્ટ ડિટ્રોઈટ મંદિર)*

(I.S.S.O.. U.S.A.) સંચાલિત SEVA ની પ્રવૃત્તિ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણા અને આશીર્વાદથી અમેરિકામાં આપણા I.S.S.O. દ્વારા છેલ્લા ૨ વરસ થી "સેવા" સંસ્થાની પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધતી જ જાય છે.

જેમાં ન્યુજર્સી અને હ્યુસ્ટન ટેકસાસ ખાતે ૨ ક્લિનિક શરૂ કરવામાં આવ્યા છે. જેના એકઝિક્યુટીવ બોર્ડના સદ્દસ્ય ડૉ. જિજ્ઞેશ શાહ છે. આ ક્લિનિકમાં દરેક ક્ષેત્રના નિષ્ણાંત ડોકટરો સેવા આપે છે. (ડૉ. જિજ્ઞેશ શાહ) છેલ્લા ૨ વર્ષમાં ૩૦૦૦ થી વધારે લોકોને આપણી સેવા સંસ્થાએ યેનકેન પ્રકારે આરોગ્ય લક્ષી સેવા પુરી પાડી છે. (પ્રવિણચોપડા)

શ્રી નરનારાયણદેવ ગાદી સંચાલિત I.S.S.O. સેવા સંસ્થાનો મુખ્ય હેતુ માનવીય સ્વાસ્થ્ય સેવા છે. આ ક્ષેત્રમાં ફીઝીશ્યન. નર્સિસ, ડેન્ટીસ, ફાર્માસિસ્ટસ, અને ઓપ્ટોમેટ્રીસ્ટસ જેવા હેલ્થકેરના નિષ્ણાંતો સ્વેચ્છાએ પોતાની સેવાઓ આપે છે. સંપ્રદાય સિવાયના ધર્મપ્રેમી ડોકટરો પણ આપણી સંસ્થા સાથે જોડાયેલા છે. જેનું કારણ આપણા બન્ને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો પ્રભાવ છે. કોલોનિયામાં ક્લિનિકની શરૂઆત ઈ.સ. ૨૦૦૫ માં

આપણા ઈસો.ના શ્રી સ્વામિનારાયણ મંદિરથી કરવામાં આવી. જેમાં દર બીજા અને ચોથા શનિવારે સવારના સમયે સાંજે ક્લિનિક ચાલુ રહે છે.

લૂઈ વિલે કે વાયમાં પ્રેકટીસ કરતા બાળરોગના નિષ્ણાંત ડૉ. શાહના અભિપ્રાય મુજબ જે લોકો પાસે અંગ્રેજી ભાષાનું જ્ઞાન નથી, આર્થિક સમસ્યા છે, ઈન્સ્યુરન્સ નથી તેવા લોકોને આપણી "સેવા" સંસ્થા આરોગ્યની અદ્‌ભુત સેવા પુરી પાડે છે. તે માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ છે. ડોકટર શાહના અનુભવ મુજબ અમે મંદિરે આવતા હરિભક્તોનું એક સર્વેક્ષણ કર્યું. ત્યારે એવું જાણવા મળ્યું કે મોટા ભાગના લોકો પોતાના સ્વાસ્થયની પુરતી કાળજી લેતા નથી. અને એટલે જ આવા ક્લિનિકની સ્થાપના શ્રી સ્વામિનારાયણ મંદિર એ સૌથી અનુકુળ અને શ્રેષ્ઠ સ્થાન છે. શ્રી પ્રણવ પટેલના જણાવ્યા મુજબ અનેક રોગોથી પીડાતા આપણા બંધુઓને આપણી 'સેવા' સંસ્થા એક સારા સુંદર આરોગ્યની સારવાર કરીને સતત સાર સંભાળ લે છે. ક્લિનિકમાં બ્લડપ્રેસર, કોલેસ્ટોલ, લોહીમાં સુગરની માત્રા જાણવા માટે વિવિધ ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં ૨ ડોકટર, ૨, નર્સો અને ૨ ફાર્માસિસ્ટ સતત ફરજ બજાવે છે. જ્યારે મંદિરમાં સમૈયા આદિક પ્રસંગે બહુજ ભીડ હોય ત્યારે મંદિરના પ્રાંગણમાં તંબુમાં હેલ્થ કેમ્પમાં ઘરગથ્થું ઉપચાર, બાળરોગ, સ્ત્રીરોગ, સર્જરી ડેન્ટીસ્ટ્રી વગેરે ક્ષેત્રના ડોકટરોનું માર્ગદર્શન અને દવાઓની સુવિધા પુરી પાડવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી અશોક (ટુમો) વિષ્ણુભાઈ પટેલ ઓસ્ટ્રેલીયા અભ્યાસ માટે ગયા તે નિમિત્તે (હ. વિનોદભાઈ પટેલ)	માણેકપુર
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ માવજીભાઈ ચાવડા ચિ દર્શનના જન્મદિન નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	શ્રી સ્વાતિલ કે. પટેલ ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	કલોલ
૧૧૧-૦૦	શ્રી ઉષાબેન છબીલદાસ બોટાદરા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી વિનોદભાઈ માણેકલાલ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	મોખાસણ
૨૫૧-૦૦	શ્રી ગીતાબેન વિનોદભાઈ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૦૦-૦૦	શ્રી વસુબેન વિજયભાઈ પંડ્યા ચિ. ઈશાન ધો.-૧૨ માં પાસ થયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વત્સલ ભીખાભાઈ પટેલ ધો.-૧૨ સાયન્સમાં અમદાવાદમાં ૨ જા અને બોર્ડમાં ૬ઠ્ઠા નંબરે પાસ થયા તે નિમિત્તે	ઘમાસણા
૧૦૧-૦૦	શ્રી જય મુકેશભાઈ પટેલ બોર્ડમાં ૯૩ ટકા આવ્યા તે નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦	શ્રી જયરાજભાઈ મોહનભાઈ પટેલ ગાડી લીધી તે નિમિત્તે	સેટેલાઈટ
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલ આત્મારામ ઠક્કર એ.સી. મશીન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી નાનજીભાઈ લવજીભાઈ રાઠોડ ચિ. ધર્મેશના લગ્ન નિમિત્તે	જેતપુર
૧૦૧-૦૦	શ્રી પ્રીતિબેન પ્રવિણભાઈ પંચાલ એમ.બી.બી.એસ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	શ્રી વિઠ્ઠલભાઈ ભોગીલાલ બારોટ ચિ. મેહુલ ધો.-૧૨માં પાસ થયો તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦	શ્રી સુધાબેન વિદુરભાઈ અમીન શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ ખોડીદાસ ચોટલીયા ચિ. મનીષા ધો.-૧૨ માં ૭૮ ટકાએ પાસ થઈ તે નિમિત્તે	ધૂળકોટ
૧૩૧-૦૦	શ્રી રણછોડભાઈ કેશવલાલ પટેલ ચિ. શર્મિષ્ઠાબેન અને સોનલબેનના લગ્ન નિમિત્તે	વડુ
૧૦૦-૦૦	શ્રી પુષ્પાબેન ચંદ્રપ્રકાશ નવું લેપટોપ અને ટી.વી. લીધું તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ મોહનભાઈ વરૂ (જીરાગઢ) ચિ. દિનેશ ધો.-૧૨ માં પાસ થયો તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી ભાનુબેન ગંગદાસભાઈ લાલજીભાઈ ચિ. ધર્મિષ્ઠાના લગ્ન પ્રસંગે	જામસર
૨૦૦-૦૦	શ્રી ઈન્દુભાઈ શંકરદાસ પટેલ પુત્ર-પુત્રીના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી નથુભાઈ અરજણભાઈ જાદવના સ્મરણાર્થે (હ. જાદવ સમુબેન નથુભાઈ)	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	શ્રી જયશ્રીબેન નાનુભાઈ જાદવ શ્રીજી પ્રસન્નાર્થે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા પુરુષોત્તમમાસ નિમિત્તે	ગોધાવી
૨૦૧-૦૦	શ્રી વજુભાઈ જગમાલભાઈ પરમાર ચિ. ગૌરવના પ્રથમ પગાર નિમિત્તે	બળોલ (ભાલ)
૧૫૧-૦૦	શ્રી લાલભાઈ મરઘાભાઈ પટેલ ચિ. સચિનકુમાર ઓસ્ટ્રેલીયાના પી.આર. થયા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	શ્રી શંકરભાઈ છબાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધમાસણા
૧૦૧-૦૦	શ્રી જગદીશભાઈ ઘેમરભાઈ ચૌધરી તેમના માતુશ્રી હિરાબાના સ્મરણાર્થે	માણેકપુર
૧૦૧-૦૦	શ્રી મહેન્દ્રકુમાર દાજીભાઈ પટેલ ચિ. શૈલેષના શુભ લગ્ન પ્રસંગે	માધવગઢ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણાબેન જગદીશભાઈ રામપરીયા નવી રૂમ લીધી તે નિમિત્તે	વિર્લેપાર્લે-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રમાબેન બાબુભાઈ ટાંક ચિ. મહેશની સગાઈ નિમિત્તે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ઉમિયા એન્ટરપ્રાઈઝ શ્રીજી પ્રસન્નાર્થે	કલોલ
૧૦૧-૦૦	શ્રી ધર્મેન્દ્રભાઈ ગંગદાસભાઈ રાઠોડ નવું લેપટોપ લીધું તે નિમિત્તે	ટીંબાવાળા-અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સોમાભાઈ જેશંગભાઈ પટેલ ચિ. પ્રવિણને મુંબઈ રિલાયન્સમાં નોકરી મળી તે નિમિત્તે	વિહાર

૧૦૧-૦૦	શ્રી હર્ષદભાઈ નરસિંહભાઈ ચિ. ભાણી નયનાબેન ધો.-૧૨ માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી પ્રિયાંક ભદ્રેશભાઈ કાંતિભાઈ ૧૨ સાયન્સમાં ૮૨ ટકા એ પાસ થયા તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦	અ.નિ. દક્ષાબેન ભરતભાઈના સ્મરણાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી પ્રભુદાસ મોતીભાઈ ચિ. ભાણેજ ધો.૧૨ સાયન્સમાં ૭૫ ટકાએ પાસ થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી નિરજભાઈ તથા જગદીશભાઈ અને વસંતીબેનના લગ્ન પ્રસંગે	ડેમાઈ
૧૦૧-૦૦	શ્રી શશીકાન્ત અંબાલાલ મહેતા ચિ. દોહિત્ર જયલની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે	ઠાસરાવાળા
૧૦૧-૦૦	અ.નિ.પ.ભ. સવિતાબેન બળદેવભાઈ ગજ્જર ૧૩ મી પુણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી અર્પિત ગીરીશભાઈ પટેલ ધો-૧૦ માં ૮૦ ટકા એ પાસ થયા તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	શ્રી જયમિન દેવેન્દ્રભાઈ પટેલ ધો.-૧૦ માં ૮૦ ટકા એ પાસ થયા તે નિમિત્તે	કનીપુર
૧૦૦-૦૦	શ્રી ગુણવંતભાઈ પરસોતમભાઈ ચિ. જુહી ધો.-૧૦ માં ૮૧ ટકાએ પાસ થઈ તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી ભાવેશકુમાર દિલીપભાઈ શુભ લગ્ન પ્રસંગે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી મનીષકુમાર રમેશચંદ્ર ભાટીયા શુભ લગ્ન પ્રસંગે	માલવણ
૧૦૧-૦૦	શ્રી મોહનલાલ ઓચ્છવલાલ દીકરા દીકરાઓ પાસ થયા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી મનોરમાબેન પિયુષકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦	શ્રી હરજીવનદાસ રામાભાઈ પટેલ ચિ. દિલીપના લગ્ન પ્રસંગે	રતનપુર
૧૦૧-૦૦	શ્રી દિલીપકુમાર હરજીવનદાસ પટેલ નવું કોમ્પ્યુટર લીધું તે નિમિત્તે	રતનપુર
૧૦૧-૦૦	શ્રી રવિકુમાર સુખાભાઈ મોરી ધો.- ૮માં પાસ થયા તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી સેજલબેન નદુભાઈ પટેલ વિદ્યા સહાયકની નોકરી મળવા નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી અજયભાઈ ઘનશ્યામભાઈ પટેલ માર્ગેશ ધો.-૧૦ માં પાસ થયો તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી આસ્થાબેન રમેશકુમાર પટેલ જન્મ નિમિત્તે	ધામણવા
૧૦૧-૦૦	શ્રી જિનલ રાજેન્દ્રકુમાર પટેલ ધો.-૧૦ માં ૮૧ ટકાએ પાસ થયા તે નિમિત્તે	રાયપુર (ગામડી)
૨૫૧-૦૦	શ્રી ચેતન દયાળભાઈ પોરીયા ધો.-૧૦ માં ૯૦ ટકા આવ્યા તે નિમિત્તે	વલસાડ
૧૫૧-૦૦	શ્રી ગોવિંદભાઈ ગોકળભાઈ ટાંક ચિ. હરેશના લગ્ન પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ચંપાબેન ધરમશીભાઈ સાપરીયા ચિ. સુપુત્રી હિનાના લગ્ન પ્રસંગે	વલસાડ
૧૦૧-૦૦	શ્રી ચિરાગભાઈ ભરતભાઈ ચૌહાણ બોર્ડની પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	જામસર
૧૦૧-૦૦	શ્રી ઉમાબા રાઓલ ધો.-૧૦ તથા જયવીર રાઓલ ધો.-૬માં પાસ થયા તે નિમિત્તે	સોઢી (ભાલ)
૧૦૧-૦૦	શ્રી કિરીટભાઈ કેશવલાલ પટેલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી પાવન સેલ્સ એજન્સી ચાલું કરી તે નિમિત્તે	ગુનમા
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ઉત્તમકુમાર દયાળજીભાઈ ચૌહાણ ધો.-૬ માં ૯૫ ટકાએ પાસ થયા તે નિમિત્તે	સુરત (જામસર)
૧૦૧-૦૦	શ્રી અમરશી ખીમજી ચોટલીયા નવું બાઈક લીધું તે નિમિત્તે	(ધૂળકોટ) સુરત
૧૦૦-૦૦	શ્રી સંદિપકુમાર નારણભાઈ પટેલ ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	વિહાર
૧૨૫-૦૦	શ્રી ધવલકુમાર રાજેન્દ્રભાઈ ચોકસી ધો.-૧૦ માં બીલીયા કેન્દ્રમાં પ્રથમ નંબરે પાસ થયા તે નિમિત્તે	બીલીયા
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ રમણલાલ કા.પ. અને ચિ. પૌત્ર કૌશલ એમ બન્નેના જન્મદિન નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી નાનુભાઈ ભીમજીભાઈ પટેલ ચિ. ચિરાગ ધો-૭ માં ૯૪ ટકાએ પાસ થયા તે નિમિત્તે	નવા નરોડા
૧૦૧-૦૦	શ્રી કિરીટસિંહ પ્રભાતસિંહ ડાભી તથા પ્રિતીબેનના જન્મ નિમિત્તે	
૧૦૫-૦૦	શ્રી મયુરિકા દિલીપભાઈ કા. ધો.-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	ખારોલ
૧૦૧-૦૦	શ્રી ચુનીલાલ લલ્લુભાઈ પટેલ ચિ. ગણેશના લગ્ન પ્રસંગે	રામોલ
૧૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ ફોતદાર ચિ. જયેશ તથા ચિ. મીનાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે ૧૯-૫-૦૭	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચિનુભાઈ છોટાલાલની પૌત્રી સુચિતા ધો.-૧૨ માં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી કૃપા ઘનશ્યામભાઈ પટેલ એસ.એસ.સી.માં ૮૦ ટકાએ પાસ થવા નિમિત્તે	વડુ
૫૧-૦૦	શ્રી દિવ્યરાજ એલ. પરમાર ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	બળોલવાળા (મોરબી)
૧૦૧-૦૦	શ્રી એલ.વી. પરમાર કાર્યકારી અધિક્ષક સબ જેલ મોરબી શ્રીજીપ્રસન્નાર્થે	બળોલવાળા (મોરબી)
૧૦૧-૦૦	શ્રી પરસોતમ પલવ અધિક માસ નિમિત્તે	સુકાટીંબા
૧૦૦-૦૦	શ્રી પ્રિયંકાબેન પ્રવિણભાઈ પટેલ વિસનગર બી.એસ.સી. બાયટેકનોજીકમાં એડમીશન મળવા નિમિત્તે	સોજા
૧૦૦-૦૦	સોની મુકેશભાઈ ચિ. નિશિતને બી.કોમ.માં ૬૫ ટકા અને દર્શનને ધો.-૧૨ માં ૮૯ ટકા આવ્યા તે નિમિત્તે	
૧૫૧-૦૦	શ્રી હરજીવનદાસ દેવજીભાઈ પટેલ ઉત્તર ભારત યાત્રાની સફળતા નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૦-૦૦	શ્રી આશિષકુમાર જયપ્રકાશ જોષી ધો.-૧૦ માં ૮૧ ટકાએ પાસ થયા તે નિમિત્તે	બાયડ
૧૦૧-૦૦	શ્રી હિરાભાઈ કાળુભાઈ પટેલ ચિ. ભાવિક ધો-૧૦ માં ૮૮ ટકાએ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ધ્વનિ ભદ્રેશકુમાર બાબુલાલ પટેલ સ્કુલમાં બેસાડી તે નિમિત્તે	સોજા

૧૦૧-૦૦	શ્રી માવજીભાઈ ધરમશીભાઈ પોરીયા ચિ. મનસુખના લગ્ન પ્રસંગે	જામસર
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વહેલાલ
૧૫૦-૦૦	અનિ. નયનાબેન રાવજીભાઈ પટેલના સ્મરણાર્થે	ભાત
૧૦૧-૦૦	શ્રી અર્પિત અરવિંદભાઈ પટેલ પોસ્ટમાં નોકરી મળી તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૧૧૧-૦૦	શ્રી વિનયકાંત નટવરલાલ ઠક્કર શ્રી નરનારાયણદેવની કૃપાથી સેન્ટ્રો ગાડી લીધી તે નિમિત્તે	બોપલ
૧૦૧-૦૦	શ્રી હેનિલ ભરતકુમાર અમૃતલાલ મોદી ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં પ્રવેશ નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦	શ્રી પુલિન મોદી તથા કું. દેવાંગીના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી રતીલાલ કાનજીભાઈ સોની ગાડી લીધી તે નિમિત્તે	લીંબડી
૧૦૧-૦૦	શ્રી ભીખાભાઈ મોહનલાલ પટેલ ચિ. ઈન્દ્રવદનને અમેરિકાનું ગ્રીનકાર્ડ મળ્યું તે નિમિત્તે	ઈટાદરા
૧૦૧-૦૦	શ્રી કોકીલાબેન જયંતીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કણભા
૧૦૦-૦૦	શ્રી ભૌમિક બળદેવભાઈ અરજણભાઈ ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	બારેજા
૨૦૦-૦૦	ક્રિસ કૌશલભાઈ પટેલ સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે	કુબડથલ
૧૦૧-૦૦	રિધ્ધિ સુખલાલ ચૌહાણ જન્મ દિન નિમિત્તે (૨૯-૬-૦૭)	ધ્રાંગધ્રા
૧૦૧-૦૦	શ્રી પ્રતિક ઘનશ્યામભાઈ જાકાસણીયા ધો.-૧૨ માં ૯૨ ટકાએ પાસ થયા તે નિમિત્તે	મોરબી
૧૦૦-૦૦	શ્રી રિતેશ જસવંતભાઈ ભાવસાર એસ.વાય. (ઈંગ્લીશ) કોમર્સમાં પાસ થયા તે નિમિત્તે	વિરમગામ
૧૦૦-૦૦	અ.નિ. ભાવનાબેન મહેશકુમાર ભાવસારના સ્મરણાર્થે	વિસનગર
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ મણીભાઈ પટેલ ચિ. અંકિત બી.ફાર્મમાં પાસ થયો તે નિમિત્તે	પોર
૧૫૧-૦૦	શ્રી બાબુભાઈ ભગાભાઈ પટેલ ચિ. અંકિતાના શુભ લગ્ન પ્રસંગે	ઝુંડાલ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ ભગાભાઈ પટેલ ચિ. સ્મિત ૧૨ સાયન્સમાં ૮૨ ટકાએ પાસ થયો તે નિમિત્તે	ઝુંડાલ
૧૦૧-૦૦	શ્રી ભાનુપ્રસાદ અમૃતલાલ બ્રહ્મભટ્ટ ચિ. ભૂમિ ધો.-૧૦ માં ૮૮ ટકાએ પાસ થઈ તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ હરગોવિંદદાસ પટેલ પગાર વધ્યો તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી અનોપસિંહ ગોવિંદસિંહ જાડેજાના સ્મરણાર્થે	કોટડા નાયાણી
૧૦૦-૦૦	શ્રી આશિષભાઈ દિલીપભાઈ પટેલ નોકરી મળી તે નિમિત્તે	નરોડા (કનીપુર)
૨૦૧-૦૦	શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ પટેલ ચિ. નિરવ તથા મહર્ષિના જન્મદિન પ્રસંગે	વડુ-રાણીપ
૫૦૦-૦૦	શ્રી તુષાર વિનોદભાઈ ઠક્કર લંડન વધુ અભ્યાસાર્થે ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી આશિષભાઈ કનુભાઈ સ્વામિનારાયણ તેમના પુત્રને નોકરી મળી તે નિમિત્તે	જાળીયા
૧૦૧-૦૦	શ્રી અશોક દામજીભાઈ રાઠોડ નવું બાઈક લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી પિનલકુમાર વિનોદભાઈ પટેલ ચિ. રુદ્રના જન્મદિન નિમિત્તે	કુહા
૧૦૦૦-૦૦	અનિ. પ.ભ. અંબુભાઈ રેવાભાઈ પટેલની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે, સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે	ઈટાદરા
૧૧૧-૦૦	શ્રી રાજુભાઈ, મહેન્દ્રભાઈ બી. પટેલ જર્યોજીયામાં છપૈયા એન્ટર પ્રાઈઝ સ્ટોરના ઉદ્‌ઘાટન નિમિત્તે	દેઉસણાવાળા
૧૦૧-૦૦	શ્રી રતીલાલ અમરશીભાઈ પટેલ ખેતર ખરીદ્યું તે નિમિત્તે	જુના દેવળીયા
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજાવાળા
૧૦૧-૦૦	શ્રી પાયલ રાહુલ પટેલ નોકરી મળી તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી કુંજલ અનંતભાઈ પટેલ સગાઈ નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	ખટાણા ટિંવકલબેન એલ. ધો.-૧૦ માં ૭૪ ટકા અને દિલ્હી બેઝબોલ નેશનલ કક્ષાએ રમવા ગયા તે નિમિત્તે	બળોલવાળા
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ પ્રેમચંદભાઈ સોની મારૂતિવાનથી ટ્રાવેલીંગ શરૂ કર્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શૈલેન્દ્રકુમાર રમેશચંદ્ર સોની નવી સેન્ટ્રો કાર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી અરવિંદભાઈ પુરૂષોત્તમદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦	અનિ. શ્રી શાંતિલાલ નાનાલાલ દરજી ત્રીજી પુણ્યતિથિ તા. ૧૧-૭-૦૭ નિમિત્તે, શ્રીજી પ્રસન્નાર્થે	સાદરા
૧૫૦-૦૦	શ્રી કૌશિકભાઈ દામોદર પંડ્યા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	પ્રાંતિજ
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ મોહનલાલ ઠક્કર (સ્વામિ. મંદિર કાલુપુર) શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	હેમલતાબેન બાબુલાલ સગર ધો. ૧૦માં ૬૩%એ પાસ થયા તે નિમિત્તે	ઈડર
૧૦૧-૦૦	શ્રી અલ્પેશકુમાર જયંતિભાઈ પટેલને ત્યાં બેબીના જન્મ પ્રસંગે	નેત્રામણી

: નવું પ્રકાશન : હરિગીતા અને અંદરના શત્રુ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંપ્રદાયના મૂર્ધન્ય લેખક કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની કલમે સરળ ભાષામાં લખાયેલ આ પુસ્તક ખૂબજ પ્રેરણાદાયી છે.

હરિગીતામાં ઘનશ્યામમહારાજે ભક્તિ માતાને જે જ્ઞાન આપ્યું છે તેનો સરળ ભાષામાં સમાવેશ છે અને બીજું જેટલું બહારના શત્રુ માણસનું બગાડી શકતા નથી તેટલું અંદરના શત્રુ બગાડે છે. સત્સંગિજીવનના બીજા પ્રકરણમાં શ્રીહરિએ અંદરના શત્રુને ઓળખાવ્યા અને સ્વમુખે તેની કથાઓ કહી છે. આ પુસ્તક આપણા કાલુપુર મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

જેતલપુરધામમાં મહોલના કષ્ટભંજનદેવનો ચમત્કાર દર્શન

તીર્થધામ જેતલપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું તત્કાલીન નિવાસ સ્થાન પવિત્ર દેવ સરોવરના કિનારે "મહોલ" અક્ષર મહોલ અત્યંત પાવન ભૂમિ છે. જ્યાં શ્રીહરિએ વચનામૃત સહિત અનેક ચરિત્રો કર્યા. જેમાં જીવણભક્તનો રોટલો જમ્યા. અત્રે આદિ આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ કુળદેવ હનુમાનજીની સ્વહસ્તે સ્થાપના કરી છે. જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ સહિત પ્રગટ સ્વરુપ પ્રત્યક્ષ સર્વેની મનોકામના પૂર્ણ કરે છે. મહોલમાં બિરાજમાન કષ્ટભંજનદેવની મૂર્તિનુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પુન રંગકામ કરવામાં આવતાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે મારુતિયજ્ઞ વૈશાખ સુદ-૧૫ પૂર્ણિમાના મંગળ દિવસે રાખવામાં આવ્યો. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પુનઃ પ્રતિષ્ઠા વિધિ માટે મહોલમાં પધાર્યા ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી કષ્ટભંજનદેવ પોતાના પ્રગટપણાના ભક્તોને દર્શન કરાવવા લાગ્યા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા પ્રતિષ્ઠા થયા બાદ કષ્ટભંજનદેવના સ્વરૂપના મુખમાંથી શ્રીરામ... શ્રીરામ... શ્રીરામ... એવો નાદ સંભળાતા વાજિંત્રોના અવાજ સહિત મુખારવિંદ વડે જપ કરતા દર્શન થવા લાગ્યા. ઉપસ્થિત ભક્તો હર્ષ ઘેલા બની જતા ગદ્‌ગદિત થઈને ૐનમો હનુમતે ભયભંજન સુખંકુરુ ફટુ સ્વાહાઃ મંત્રનો પાઠ કરવા લાગ્યા. આ દિવ્ય દર્શનને યજમાનશ્રી જનકભાઈ ગોકળભાઈ પટેલે (લવારપુરવાળા) મોબાઈલ ફોનમાં VDO કેમેરાથી રેકોર્ડ કરેલ છે. અડધો કલાક સુધી સતત મુખારવિંદ વડે જપ કરતા દર્શન થયા. પૂર્ણિમાના દિવસે હજારો ભક્તજનો બધ કષ્ટભંજદેવના દર્શને ઉમટ્યાં. મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજે કષ્ટભંજનદેવ રૂપે પ્રત્યક્ષ દર્શન આપીને ભક્તોને અમૂલ્ય લ્હાવો આપ્યો. આ દિવ્ય દર્શનની VCD જેતલપુર મંદિરના સાહિત્ય કેન્દ્રમાંથી મળે છે.

(પી.પી. સ્વામી, જેતલપુરધામ)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

અધિક જેઠ સુદ-૧ પ.ભ. અનિ. જશુમતીબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ નિમિત્તે પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ ● પ.ભ. મણીભાઈ બેચરભાઈ, ચિખલોડ ● પ.ભ. રઈબેન બાબુભાઈ ● પ.ભ. જીયા કેવલભાઈ પટેલ ● પ.ભ. પટેલ રમેશભાઈ નારણભાઈ રાજપુર. **અધિક જેઠ સુદ-૨** પ.ભ. અનિ. જશુમતીબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ નિમિત્તે પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ. **અધિક જેઠ સુદ-૩** પ.ભ. અનિ. જશુમતીબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ નિમિત્તે પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ ● પ.ભ. મહેશભાઈ વસંતભાઈ સોની (પાટોત્સવના યજમાન). **અધિક જેઠ સુદ-૪** પ.ભ. કાંતિલાલ નાનાલાલ શાહ ● પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભી પરિવાર ● પ.ભ. માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર. **અધિક જેઠ સુદ-૫** પ.ભ. દિનેશભાઈ ભીખાભાઈ પટેલ, ગણેશપુર ● પ.ભ. કાંતિભાઈ ધુળજીભાઈ પટેલ. **અધિક જેઠ સુદ-૭** પ.ભ. કિન્નરભાઈ, કીરીટભાઈ અમદાવાદ શાકોત્સવ. **અધિક જેઠ સુદ-૯** પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલ બાપુનગર બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ નિમિત્તે. **અધિક જેઠ સુદ-૧૧** પ.ભ. કરશનદાસ જેઠીદાસ પટેલ અમદાવાદ. **અધિક જેઠ સુદ-૧૨** પ.ભ. પટેલ નારાયણભાઈ હરિભાઈ હ. ઈશ્વરભાઈ પટેલ, સાપાવાડા ● પ.ભ. કવ્યમ રસિકભાઈ ટાંક ● પ.ભ. ઝવરબેન ભગત, વાવોલ. **અધિક જેઠ સુદ-૧૩** પ.ભ. મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ, મોખાસણ ● અનિ. ધનબાઈ કરશન મેપાણી. **અધિક જેઠ સુદ-૧૪** પ.ભ. પ્રેમજીભાઈ કાશીરામ પુરોહિત, રાધનપુર ● પ.ભ. રતિલાલ ઈશ્વરભાઈ પટેલ

અધિક જેઠ વદ-૨ પ.ભ. લાલભાઈ ઈશ્વરભાઈ, ઝુંડાલ ● પ.ભ. દયાબેન પ્રતાપરાય સોજા ● પ.ભ. મગનલાલ એલ. સોની ● પ.ભ. અમૃતભાઈ રણછોડદાસ પટેલ, રામનગર ● પ.ભ. ભાવનાબેન નવિનચંદ્ર ભાવસાર. **અધિક જેઠ વદ-૫** પ.ભ. પટેલ મહેન્દ્રભાઈ પરસોતમભાઈ, સીમરીકંપા ● પ.ભ. રેવાબેન કાંતિલાલ. **અધિક જેઠ વદ-૬** પ.ભ. ચેલાભાઈ ઈશ્વરભાઈ પટેલ, મરતોલીવાળા ● સાં.યો. ગોરબાઈ પ્રેમજીભાઈ વરસાણી, સામત્રા (કચ્છ). **અધિક જેઠ વદ-૮** પ.ભ. આત્મારામભાઈ શંકરદાસ પટેલ. **અધિક જેઠ વદ-૧૦** પ.ભ. રમણભાઈ માધવભાઈ, લવારપુર ● અનિ. પ.ભ. શાંતિલાલ એન. દરજી સાદરા ● પ.ભ. કાશીબેન કેશવલાલ પટેલ, ઉનાવા ● સ.ગુ.સ્વા. પુરૂષોત્તમચરણદાસજી હ. મુકેશભાઈ મગનદાસ, ડાંગરવા ● પ.ભ. કમળાબેન લાલભાઈ પટેલ ● પ.ભ. પટેલ નવિનભાઈ શંકરભાઈ. **અધિક જેઠ વદ-૧૧** પ.ભ. દરશથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્કીમ કમીટી સભ્યશ્રી) અમદાવાદ સમૂહ મહાપૂજા. **અધિક જેઠ વદ-૧૩** પ.ભ. રેખાબહેન, બાપુનગર ● પ.ભ. પટેલ નારણભાઈ શામળભાઈ, વાવોલ. **અધિક જેઠ વદ-૧૪** પ.ભ. હેમેન્દ્ર નટવરલાલ દેસાઈ, અમદાવાદ ● પ.ભ. મેરાભાઈ વરજાંગભાઈ માળી, વાલી હ. હરિપ્રસાદ સ્વામી, સ્વામિનારાયણ મંદિર વાલી. **અધિક જેઠ વદ-૩૦** પ.ભ. જગદીશભાઈ ચિમનલાલ પટેલ, પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ ● પ.ભ. પટેલ નારણભાઈ રામદાસ, માણસાવાળા ● પ.ભ. કલ્યાણભાઈ નારાયણભાઈ કડી ● પ.ભ. બળવંતભાઈ પરષોત્તમભાઈ ઠક્કર અમદાવાદ અધિકમાસ દિવાળી અન્નકૂટના યજમાનશ્રી

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

કાલીયાણા : પ.ભ. ભીખાભાઈ જેઠુભાઈ બૂટીયા (ઉ. ૮૨ વર્ષ) તા. ૧૫-૬-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માધવગટ (પ્રાંતિજ) : પ.ભ. કાંતાબેન જસુભાઈ પટેલ તા. ૨૮-૪-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગડાણી (કચ્છ) હાલ ઈન્દૌર : પ.ભ. રામજીભાઈ હરજીભાઈ ભાવાણી તા. ૩-૬-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

જીરાગટ (હાલાર હાલ વિર્લે પાર્લે મુંબઈ) : શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર અનિ. પ.ભ. રામજીભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણના પૌત્ર પ.ભ. હિતાર્થ રાજેન્દ્રકુમાર ચૌહાણ (ઉ. ૨૧ વર્ષ) તા. ૧૯-૫-૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે. નિજ આત્માને શ્રીહરિની અખંડ સેવામાં રાખે તેવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ




અમદાવાદ મંદિરમાં પારાયણ પ્રસંગે ડો. મનોજભાઈને પ્રસાદીની મૂર્તિ સાથે આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી અને કથામૃત પાન કરાવતા પૂ. મહંત સ્વામી



કાંકરિયા મંદિરમાં રાત્રી પારાયણ પ્રસંગે આશીર્વાદ આપ
પ.પૂ. મહારાજશ્રી અને કથામૃત પાન કરાવતા પૂ. મહંત સ્વામ



કોલોનીયા (અમેરિકા) મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી




કોલોનીયા (અમેરિકા) મા I.S.S.O સંચાલિત "સેવા" સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે ડો. જીજ્ઞેશ શાહને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં માગૃતિયજ્ઞની પૂર્ણાહૂતિની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા લાભલેતા સંતો

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રાત્રી કથાના યજમાનો પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના અલૌકિક પ્રાંગણમાં રાત્રી કથાના વક્તા શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીને અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ આપતા પ.પૂ આચાર્ય મહારાજશ્રી

under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08


અમદાવાદ મંદિરમાં અધિક માસમાં ઉજવાયેલ આપણાં વિવિધ ઉત્સવોના અલૌકિક દર્શન




હિમાલય દર્શન



સર્વોપરિ છપૈયા ધામ દર્શન




વૃંદાવન ધામ દર્શન




વસંતોત્સવ દર્શન



હિંડોળા દર્શન



કુંજગલી દર્શન



શ્રીહરિ વનવિચરણ દર્શન

Praful Kharsani